# આલોચનાદિ પદ સંગ્રહ

(સંક્ષિપ્ત)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

**પ્રકાશક**

ભરતભાઈ મનુભાઈ મોદી, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ — ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**મુદ્રક**

કાવ્ય પ્રિન્ટર્સ
૧-બી, શિવ એસ્ટેટ, સીટીએમ,
એક્ષપ્રેસ હાઈવે પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૨૬

**પ્રાપ્તિસ્થાન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ - ૩૮૮ ૧૩૦
(ગુજરાત)
ટેલીફોન : ૦૨૬૯૨ - ૨૮૧૭૭૮
Email : info@agasashram.org

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ-સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ,
હાથી બિલ્ડિંગ, એ / ૧૮, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટેલીફોન : ૦૨૨ - ૨૨૦૬૯૨૩૪

**નવમી આવૃત્તિ** પ્રત ૨૫૦૦ વિક્રમ સંવત ૨૦૭૪ ઈસ્વીસન ૨૦૧૮

પડતર કિંમત : રૂા. ૪૦/- વેચાણ કિંમત : રૂા. ૧૦/-

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં,
તેને ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો
નહીં તેમજ નીચે જમીન પર મૂકશો નહીં.

સર્વાધિકાર સુરક્ષિત : આ ગ્રંથના કોઈ અંશને મૂળરૂપમાં કે અનુવાદિત રૂપમાં કે કોઈ ચિત્રપટને છાપવાનું કામ પ્રકાશકની અનુમતિ સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા કરી શકશે નહીં.



# નિવેદન

પર્વના કે ઉત્સવના દિવસોમાં ભક્તિના કાર્યક્રમમાં ઉપયોગી થાય તેવાં પદોનો સંગ્રહ 'આલોચનાદિ પદ સંગ્રહ'માંથી સંક્ષેપીને આ લઘુગ્રંથરૂપે મુમુક્ષુઓની અનુકૂળતા માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો તેની આ પુનરાવૃત્તિ પ્રસિદ્ધ કરતા આનંદ થાય છે.

આશ્રમમાં ઊજવાતાં બધા પર્વોમાં આ પુસ્તક ઉપયોગી થશે. આ પુસ્તકનો સર્વે મુમુક્ષુભાઈ-બહેનો ખૂબ લાભ લઈ આત્માર્થ સાધે એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

—પ્રકાશક

# અનુક્રમણિકા


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| **આલોચના અધિકાર** (શ્રી પદ્મનંદિમુનિકૃત) | | |
| ગુજરાતી અવતરણ પદ્ય | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૧ |
| ગુજરાતી અવતરણ ગદ્ય | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૧૧ |
| **આલોચનાનાં પદો :–** | | |
| ૧. આત્માર્થે કરીએ ખામના | શ્રી રત્નરાજ સ્વામીજી | ૨૦ |
| ૨. જગદ્ભૂષણ જિનવરા | શ્રી રત્નરાજ સ્વામીજી | ૨૧ |
| ૩. મિચ્છા મિ દુક્કડં | ..... | ૨૨ |
| ૪. પ્રાર્થના—અશુદ્ધાત્માની શુદ્ધાત્મા પ્રતિ અરજ | | ૨૨ |
| **ક્ષમાપનાના પત્રો** | શ્રીમદ્ રાજચંદ્ર | ૨૪ |
| **ક્ષમાપનાપાઠનું પદ્ય** | ધારશીભાઈ સંઘવી | ૨૯ |
| **બૃહદ્ આલોચના** | શ્રી લાલાજી રણજીતસિંહજી | ૩૧ |
| **શ્રીમદ્ સદ્ગુરુ જન્મોત્સવ પદો :-** | | |
| ૧. દેવદિવાળી દિન મંગળકારી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૫૨ |
| ૨. જન્મ્યા શ્રી ગુરુરાજ | શ્રી રત્નરાજ સ્વામીજી | ૫૩ |
| ૩. સદ્ગુરુ સુખકારી જ્ઞાનાવતારી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૫૬ |
| ૪. સત્ય ધર્મ ઉદ્ધરવા રે | શ્રી રત્નરાજ સ્વામીજી | ૫૭ |
| ૫. આજ દેવદિવાળીનો દા’ડો રે | શ્રી રત્નરાજ સ્વામીજી | ૫૮ |
| ૬. સૌરાષ્ટ્ર સુંદર દેશમાં બંદર વવાણિયા | ” ” | ૫૯ |
| ૭. આજ છે...ગુરુરાજની જયંતી | એક મુમુક્ષુ | ૬૦ |
| ૮. જિન શાસનના જ્યોતિર્ધર | ..... | ૬૨ |
| ૯. આવ્યું આવ્યું અનુપમ નાવ | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૬૩ |





| | | |
|---|---|---|
| **શ્રીમદ્ સદ્ગુરુ વિરહ પદો :–** | | |
| ૧. કહો કહાં ઢુંઢુંજી સ્વામી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૬૫ |
| ૨. શ્રી સહજાત્મ સ્વરૂપજી રે | શ્રી રત્નરાજ સ્વામીજી | ૬૬ |
| ૩. સુગુરુ નિત્ય સાંભરે | શ્રી રત્નરાજ સ્વામીજી | ૬૭ |
| ૪. દર્શન દ્યો ગુરુરાજ વિદેહી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૬૮ |
| ૫. અધ્યાતમ રસિયા ઉપકારી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૬૯ |
| ૬. આપ વિના અકળાવે રે | શ્રી રત્નરાજ સ્વામીજી | ૭૦ |
| ૭. સાધુચરિત ગુરુ સ્મરણ | શ્રી સુશીલ | ૭૧ |
| ૮. ગુરુરાજ આનંદધામે પધાર્યા | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૭૨ |
| ૯. વિરહો નહિ રે ખમાય | ..... | ૭૪ |
| ૧૦. શ્રી રાજચંદ્ર શી જળહળ જ્યોતિ | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૭૪ |
| **શ્રીમદ્ લઘુરાજ સ્વામી (પ્રભુશ્રી) જન્મોત્સવ પદો :–** | | |
| ૧. અહો ! અહો ! ઉપકાર | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૭૬ |
| ૨. શા સ્મરીએ ઉપકાર | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૭૭ |
| ૩. શતાબ્દી સંત સલૂણાની | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૮૦ |
| ૪. ભારતની આ ભૂમિ પર | શ્રી પંડિત ગુણભદ્રજી | ૮૨ |
| ૫. ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે | શ્રી શાંતિ પટેલ | ૮૩ |
| ૬. ત્રીસ વરસ સુખી ઘરવાસે | શ્રી સાકરબહેન | ૮૪ |
| ૭. સર્વસ્વ હમારા અર્પણ હૈ | શ્રી પંડિત ગુણભદ્રજી | ૮૫ |
| **શ્રીમદ્ લઘુરાજ સ્વામી (પ્રભુશ્રી) વિરહ પદો :–** | | |
| ૧. અંગૂઠે સૌ તીરથ વસતાં | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૮૭ |
| ૨. જ્યાં જ્યાં નજર મારી ઠરે | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૮૮ |
| ૩. શી સુંદર દિવ્ય એ જ્યોતિ ! | શ્રી સોભાગભાઈ | ૮૯ |
| ૪. શિવના અનુગામી | શ્રી પંડિત ગુણભદ્રજી | ૯૦ |
| ૫. સંતસ્વરૂપ સમાધિ વર્યા | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૯૧ |
| ૬. મલકતું મુખ પ્રભુશ્રીનું | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૯૩ |
| ૭. કરીને અમને અનાથ | શ્રી પંડિત ગુણભદ્રજી | ૯૪ |

**દિવાળીનાં પદો :–**

| | | |
|---|---|---|
| ૧. શ્રી વીર પ્રભુનું દિવાળીનું સ્તવન | શ્રી દેવચંદ્રજી | ૯૬ |
| ૨. મારે દિવાળી થઈ આજ | ..... | ૯૭ |
| ૩. ગુરુ ઘેર આવ્યા તે દિવાળી | ..... | ૯૭ |

**શ્રી જ્ઞાન-પંચમીના સ્તવનો :–**

| | | |
|---|---|---|
| ૧. પંચમીની સજ્ઝાય | ..... | ૧૦૦ |
| ૨. શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન | શ્રી રંગવિજય | ૧૦૧ |
| ૩. પંચમીનું લઘુ સ્તવન | શ્રી સમયસુંદર | ૧૦૨ |
| ૪. શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન | શ્રી જિનવિજય | ૧૦૩ |
| ૫. શ્રી પંચમીની સ્તુતિ | શ્રી રિષભદાસ | ૧૧૧ |
| ૬. જિનવર કહે છે જ્ઞાન તેને | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૧૨ |

**છૂટક પદો :–**

| | | |
|---|---|---|
| ૧. વીર હાક | શ્રી બ્ર.ગોવર્ધનદાસજી | ૧૧૪ |
| ૨. અમને અંત સમય ઉપકારી | શ્રી રત્નરાજ સ્વામીજી | ૧૧૫ |
| ૩. પ્રભુ-ઉપકાર | શ્રી ધર્મપાલ | ૧૧૫ |
| ૪. વધાવો બીજો | ..... | ૧૧૬ |
| ૫. પરકમ્મા કરીને લાગું પાય રે | ..... | ૧૧૭ |
| ૬. આપ સ્વભાવમેં રે | ..... | ૧૧૮ |
| ૭. અબ હમ અમર ભયે | શ્રી આનંદઘનજી | ૧૧૯ |
| ૮. નાથ હું જેવો તેવો પણ તારો | ..... | ૧૧૯ |
| ૯. હાંરે મારે સજની | શ્રી બ્રહ્માનંદ | ૧૨૦ |


---

# આલોચનાદિ પદ સંગ્રહ

## (સંક્ષિપ્ત)

ૐ

શ્રી પદ્મનંદિ મુનિ વિરચિત

# ‘પદ્મનંદિ પંચવિંશતિ’ માંથી
# આલોચના અધિકાર

(ગુજરાતી અવતરણ)

**પદ્ય**

(હરિગીત)

**પ્રાસ્તાવિક પદ્ય :—**

બહિરાત્મભાવે હે પ્રભુ ! થયું ભ્રમણ ભ્રાંતિમાં ઘણું,
ઇન્દ્રિય ખાડીમાં ખૂંચ્યો, જળ ડહોળું જ્યાં વિષયોતણું;
કાદવ કષાય ગળા સુધી—કંટાળતાં પણ ના ટળે,
સ્વચ્છંદ સાથી મોહનો પુરુષાર્થ-પ્રેરક પણ કળે. ૧

પરિગ્રહતણાં ધરી પોટલાં, માથે ડૂબ્યા બહુ બાપડા,
તારાતણું અભિમાન ધરનારા અહીં બહુ આથડ્યા;
તરવા જતાં તળીએ જતા, પાણી પીતા ને ડૂબતા,
વળી તારવા પડનાર અજ્ઞાની ઘણા ખાતા ખતા. ૨

આગ્રહ-ગ્રાહ કને જતાં, મુશ્કેલ તેથી છૂટવું,
મત મતાંતર-મચ્છનું જ્યાં ગચ્છ-પુચ્છે ગર્જવું;
પેઠા પછી જો નીકળે બળવાન તે કળિમાં કહું,
મિથ્યાત્વથી જ્યાં મોજ માણે પુણ્યકાળે જન સહુ. ૩

સંસાર દરિયો દુઃખનો પણ મોહ ભૂલવી રીઝવે,
કારણ ઉપાસે દુઃખનાં તો દુઃખ આખર મૂંઝવે;
સંસાર શોભા ઝેર તોયે, જીવ અમૃત જો ગણે,
ઇચ્છા કરી ઉપાસતાં, પરિણામ પામે વિષપણે. ૪

આ મોહ ને અજ્ઞાનથી, મુકાવનારા આપ છો,
કરુણા કરી સદ્‌બોધ ખડ્‌ગે, શત્રુ-શિરો કાપજો;
અમૃત વાણી આપની પીધા કરું એ યાચના,
વળી આપના ચરણે વસીને ઉચ્ચરું આલોચના. ૫

(શું કહું નાથ ? તમે જાણો છો સઘળું, ગર્વે કરીને ગોથાં ખાધાં-એ દેશી)

**૧ મંગલ પ્રાર્થના :–**

હે ગુરુરાજ ! તમે જાણો છો સઘળું, છોરુ અમે તો તમારાં,
બાંહ્ય ગ્રહી હવે શરણે રાખો, પાપ પ્રજાળો અમારાં;
શક્તિ નહીં કંઈ કરી શકવાની, જ્ઞાન નથી બળવાળું,
આ કળિકાળમાં નામ તમારું, કલ્યાણ કરજો અમારું.
હે ગુરુરાજ !૦

**૨ પ્રભુ સ્મરણનો પ્રભાવ :–**

આનંદસાગર પ્રભુ, આપ અનુપમ, તત્ત્વસ્વરૂપ તમારું,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રે, ચિત્ત વહે જો અમારું;
આપના નામની સ્મૃતિરૂપી જે, મંત્ર અનંત પ્રભાવી,
હોયે સજ્જનના વિમલ હૈયે તો વિઘ્ન શકે કેમ આવી ?
હે ગુરુરાજ !૦



**૩ સંતનો આદર્શ :–**

સંગ તજી, રાગ તજી, સમતા સજી, પ્રભુ કર્મોનો નાશ કરીને,
જ્ઞાતા, દ્રષ્ટા થયા વિશ્વ સકળના, સુખ વીર્ય અનંત વરીને;
સંસાર ત્યાગ કર્યો આવા ક્રમે તમે, શુદ્ધ સ્વભાવી બનીને,
તેથી તવ ચરણકમળની સેવા, સંતોએ પ્રિય ગણી છે.
હે ગુરુરાજ !૦

**૪ સેવાનું ફળ :–**

ત્રિલોકનાથ ! તુમ સેવાથી નિશ્ચે, નિશ્ચળ સ્થિતિ અમારી,
બળવાન સંસારશત્રુ હવે કેમ, જીતે ?—અમે બ્રહ્મચારી;
શીતળ જળ-અમી વરસે ફુવારા—ગ્રીષ્મગૃહે રહે કોઈ,
તો તહીં તાપ મધ્યાહ્ન તણો શો, ખરા ઉનાળાની માંહી ?
હે ગુરુરાજ !૦

**૫ આશ્રયનું ફળ :–**

નિર્મળ બુદ્ધિથી ઊંડું વિચારે, સાર અસાર જો કોય,
તો ત્રણ જગના સર્વ પદાર્થમાં, સારરૂપે પ્રભુ હોય;
તેમ તમારા આશ્રયે અમને, લાગ્યો સંસાર અકારો,
શાંતિ મહા મળી આપને શરણે, અમને નાથ ઉદ્ધારો !
હે ગુરુરાજ !૦

**૬ પરમાત્મદર્શન એ જ સર્વસ્વ :–**

કેવળ દર્શન-જ્ઞાન સ્વરૂપી, વીર્ય અનંત સુખધામી,
રૂપ અનુપમ નિર્મળ પ્રભુતા,-ગુણ અનંતના સ્વામી;
જો જિનને યોગ દૃષ્ટિથી દેખે, સદાય સમ્યક્ યોગી,
તો તેને બાકી રહ્યું શું જોવું ? સર્વ જાણી લીધું ભોગી.
હે ગુરુરાજ !૦

**૭ અનન્ય શરણ :–**

માનું તને એક જગનાથ સ્વામી, સૌ કર્મ-અરિ હણનારો,
માત્ર તને નમું, હૃદયે ધરું નિત્ય તુજ સેવા સ્તુતિ કરનારો;
તારું એક જ શરણું ગ્રહીં રહું છું, હવે કહું શું બહુ હું ?
તુજ વિણ કોઈની સાથે પ્રયોજન, ભવમાં ન હોશો એ યાચું.
હે ગુરુરાજ !૦

**૮ નવ પ્રકારના પાપની નિંદા :–**

પાપ કરાવ્યું, કર્યું, ભલું માન્યું મન-વચને વળી કાયે,
વર્તમાન, ભૂત, ભાવિ કાળે મેં, એવા ભેદો નવ થાયે;
હે જિનરાજ ! હું પામર, પાપી, આત્મનિંદા કરું આજે,
આપ સમક્ષ ઊભો ઊભો યાચું, સૌ પાપ અફળ થવા કાજે.
હે ગુરુરાજ !૦

**૯ આલોચનાનો હેતુ :–**

હે જિનરાજ ! તું જાણે છે સઘળું, ત્રિકાળનું એક કાળે,
અનંત ભેદે લોક અલોકના, પર્યાય સર્વ નિહાળે;
તો તમે નાથ, શું જાણો નહિ કંઈ, આ ભવનાં મુજ પાપો !
તો પણ કહું તુમ આગળ તે શુદ્ધ થવા સપશ્ચાત્તાપો.
હે ગુરુરાજ !૦

**૧૦ નિઃશલ્યતા :–**

વ્યવહાર નયથી મૂલ-ઉત્તર ગુણ-ધારી મુનિ-ધર્મમાં જે,
દોષો થયેલા યાદ રહ્યા છે, તે દૂર કરવાને કાજે;
પ્રભુ ! તમારી આગે આલોચું, માયા મિથ્યાદિ વૃથા હો,
નિઃશલ્ય હૈયું કરે સમજુ જન, સર્વથા સંત પ્રથા જો.
હે ગુરુરાજ !૦



**૧૧ સદ્‌ગુરુનો સહવાસ એ પરમ પ્રાયશ્ચિત્ત :–**

વ્યક્ત અવ્યક્ત વિકલ્પનાં જાળાં, લોક પ્રમાણ અસંખ્ય,
ગૂંથી ગૂંચાયો દોષ અસંખ્યે, જીવ એ વાત નિઃશંક;
સર્વ વિકલ્પ જનિત દૂષણનાં પ્રાયશ્ચિત્તો નથી શાસ્ત્રે,
તો તે દોષો નિવારણ થાયે, સદ્‌ગુરુના સહવાસે.
હે ગુરુરાજ !૦

**૧૨ સદ્‌ગુરુના સહવાસ માટે યોગ્યતા :–**

સંગ તજી, સત્શ્રુત-સાર ગ્રહીને શાંત બનીને એકાંતે,
બાહ્ય પદાર્થોથી મુક્ત કરી મન, ઇન્દ્રિય ને ઇચ્છાને;
વિધિથી સમ્યક્ જ્ઞાનમૂર્તિ નિત્ય, આપની ઉરે ધરે જે,
તે ભવ્ય તુજ સહવાસ લહે છે, ધન્ય ધન્ય તે નિશ્ચે છે.
હે ગુરુરાજ !૦

**૧૩ સદ્‌ગુરુયોગમાં વિઘ્ન :–**

જે પદ દુર્લભ બ્રહ્માદિને પણ, નિશ્ચે મળે પ્રભુ પામી,
પૂર્વ ભવોમાં કષ્ટે કરેલાં, પુણ્યો પમાડે સ્વામી;
અર્હજ્જિનેંદ્ર ! ઉપાય બતાવો–તુમ સહવાસ ચહું હું,
ચિત્ત ચરણમાં ધરવા જતાં તો બાહ્ય દોડે હું કરું શું ?
હે ગુરુરાજ !૦

**૧૪ મનની ચંચળતા :–**

સંસાર તો બહુ દુઃખદાયી નક્કી, સુખદાયી શિવપદ સાચું,
મોક્ષ માટે ઘરબાર તજી સૌ, વને વસું, નહિ યાચું;
દુષ્કર વ્રતો પણ વિધિથી પાળું, સંશય સર્વે ટાળું,
તોય પીંપળ-પાન સમ મન ચંચળ, તેથી ન સિદ્ધિ ભાળું.
હે ગુરુરાજ !૦

**૧૫ કલ્યાણ કેમ નથી થતું ? :–**

બાહ્ય પદાર્થો ઇચ્છી ભટકતું, દોદશ ઝાંવાં મારે,
આકુળ વ્યાકુળ નિત્ય કરે નકામું, જ્ઞાનસ્વરૂપ આત્માને;
સંસાર-વર્ધક કર્મ-સખા મન, ઇંદ્રિય ગામ વસાવે,
જીવે એવું મન ત્યાં સુધી ક્યાંથી, સંયમી કલ્યાણ પાવે.
હે ગુરુરાજ !૦

**૧૬ મન મરે શાથી ? :–**

શુદ્ધ જ્ઞાની પ્રભુ, આપ સમીપે, આવતાં મનડું મરે,
વિવિધ વિકલ્પો ભર્યું સદા દૂર, બાહેર આપથી ફરે;
મોહવશે કોણ ડરે ન મોતે ? મોહ અહિત કરનારો,
યાચના એટલી સ્વામી અમારી, મોહ અમારો મારો.
હે ગુરુરાજ !૦

**૧૭ મરણના ભયનું કારણ :–**

મોહ બહુ બળવાન સર્વે કર્મોમાં, મૃત્યુભય એના પ્રભાવે,
ચંચળતા મનની પણ તેથી, દોદશ ભટકે વિભાવે;
મોહ વિના નહિ જીવે મરે કો, જોઈ પર્યાયથી જગલીલા,
દ્રવ્ય દૃષ્ટિથી ન નાશ ઉત્પત્તિ, નાથ નિત્યતા સંગ રસીલા.
હે ગુરુરાજ !૦

**૧૮ અનિત્ય ભાવનાથી નિત્યમાં વાસ :–**

વાયુથી જલધિના જલમાં ઊછળતાં, ક્ષણભંગુર મોજાં પ્રમાણે,
ક્ષણ-ભંગુર આ વિશ્વ સદાયે, સર્વત્ર મુજ મન માને;
સંસાર-વર્ધક સર્વ પ્રવૃત્તિથી, ઉદાસ થઈ મન ઇચ્છે,
વિકાર વિણ પરમાનંદ બ્રહ્મમાં, રહેવા આપ સમીપે.
હે ગુરુરાજ !૦



**૧૯ શુભાશુભ ભાવરૂપ સંસાર અને શુદ્ધ ભાવરૂપ પરમાત્મા :–**

પાપ અશુભ ઉપયોગથી થાતાં, દુઃખ પામે જન તેથી,
શુભ ઉપયોગે ધર્મ થતાં કંઈ, આવી મળે સુખ એથી;
પાપ પુણ્યનાં દ્વંદ્વરૂપે આ, સંસારમાં સહુ બને,
નિત્ય આનંદઘન પદ મળ્યું તમને, શુદ્ધ ઉપયોગે હો મને.
હે ગુરુરાજ !૦

**૨૦ અસંગ, શુદ્ધસ્વરૂપ :–**

જે નથી સ્થિત અંદર કે બાહેર, નહિ સ્થૂલ, સૂક્ષ્મ, દિશામાં,
ભારે નથી, હલકી નથી, કે ના—સ્ત્રી, નર કે નપુંસકમાં;
જેને નથી કર્મ, સ્પર્શ, શરીર, રૂપ, ગંધ, સંખ્યા, વ્યવહાર,
નિર્મળ સમ્યક્જ્ઞાન-દર્શનરૂપ, જ્યોતિ હું આત્માકાર.
હે ગુરુરાજ !૦

**૨૧ કર્મ શત્રુથી બચવા પ્રાર્થના :–**

ચૈતન્યની ઉન્નતિ-ક્ષય કરતો, શાશ્વત શત્રુ તો કર્મ,
નિષ્કર્મ નાથ, અવસ્થા આપણી, એક જ જે શુદ્ધ ધર્મ;
કર્મ દુષ્ટ બિનકારણ વૈરી, ભેદી કરો દૂર છેદી—
સંતની રક્ષા ને દુષ્ટ-શિક્ષા-ધર્મ, ન્યાયી પ્રભુનો અનાદિ.
હે ગુરુરાજ !૦

**૨૨ ભેદવિજ્ઞાનથી નિર્વિકાર ભાવના :–**

આધિ, વ્યાધિ, જરા, મૃત્યુ આદિ તો શરીર કેરાં સંબંધી,
એ જડ શું કરી શકે કહો મને ? ભગવાન ભિન્ન હું એથી;
મેઘ અનેક આકારે વિકારો, કરી ફરે નભમાંહી,
તો પણ નભસ્વરૂપ ફરે ના, અરૂપીને નડે ન કાંઈ.
હે ગુરુરાજ !૦

**૨૩ સંતાપ અને શાંતિનાં નિમિત્ત :–**

સ્થળ પર તરફડે માછલી તેમજ, ભવ-દાવાનળ બાળે,
ત્રિવિધ તાપનો દાહ સહું હું, નાથ સદા સંસારે;
સુખી પરમ રહું જ્યાં લગી લીન છે, હૃદય સમર્પિત મારું,
કરુણા-જલના સંગે શીતળ, પદપંકજ જ્યાં તમારું.
હે ગુરુરાજ !૦

**૨૪ કર્મબંધનથી બચવાનો ઉપાય :–**

બાહ્ય પદાર્થોનો સંગ કરે છે, ઇન્દ્રિયો ને મન તેથી–
કર્મ બંધાય છે તેથી છું ભિન્ન હું, સદા સર્વથા નિશ્ચયથી;
શુદ્ધ ચૈતન્ય તમે પ્રભુ ભિન્ન છો, નિર્લેપ છો કર્મ મળથી,
તે કારણ થકી તુમ ચરણે હું, વસું છું નિશ્ચયબળથી.
હે ગુરુરાજ !૦

**૨૫ પરને પોતાનાં માનવાની ભૂલથી બંધન :–**

હે શુદ્ધ આત્મા ! શું કામ તારે, લોક કે દ્રવ્ય આશ્રયનું,
ઇન્દ્રિય, પ્રાણ કે વાણી, કાયાનું, વિકલ્પ પુદ્‌ગળમયનું ?
અરે ! એ પુદ્‌ગલ ભિન્ન તારાથી, ભૂલીને મારાં માને,
આશ્રય અતિશય કરી પરનો દૃઢ, વ્યર્થ બંધાય તું શાને ?
હે ગુરુરાજ !૦

**૨૬ ભેદવિજ્ઞાનથી અનાદિની ભૂલ ભાગે છે :–**

ધર્મ, અધર્મ, નભ, કાલ એ ચારે, અહિત કરે નહિ કાંઈ,
ગતિ આદિમાં સહાય કરે સૌ, એક પુદ્‌ગલ વૈરી આંહી;
કર્મ નોકર્મરૂપે રહી પાસે, બંધન હેતુ થાયે,
ભેદવિજ્ઞાનરૂપી તરવારે, હવે મુજ વૈરી હણાયે.
હે ગુરુરાજ !૦



**૨૭ સમજુ જન રાગ-દ્વેષ દૂર કરે :–**

જેવી રીતે રાગદ્વેષ રૂપાંતર, પુદ્‌ગલનાં પરિણામો,
તેવાં કરે નહિ ચારે અરૂપી, નભાદિ વિભાવિક કામો;
કર્મ-બંધન રાગદ્વેષે નિરંતર, ભવે ભ્રમણ ગણ તેથી,
દુઃખ પરંપરા ભવથી, તો યત્ને, સુજ્ઞ રહે દૂર બેથી.
હે ગુરુરાજ !૦

**૨૮ વિકલ્પ તજવા ને મોક્ષ મેળવવા પ્રેરણા :–**

શાને કરે બહુ વૃથા વિકલ્પો, મન ધરી બાહ્ય પદાર્થે ?
કર્મ અશુભ દુઃખદાયી તું બાંધે, રાગાદિ કરી પર અર્થે;
શુદ્ધ આત્મિક સુખ ભેદવિજ્ઞાને, પામીશ નિશ્ચે વિશાળ,
તેથી આનંદ-જલ-સાગરમાં વસી ધ્યાને નિર્વાણ નિહાળ.
હે ગુરુરાજ !૦

**૨૯ કર્મશત્રુ સામે ફરિયાદ :–**

હે જિન ! તુમ પદ પ્રસાદથી એમ, વિચારી જન સ્થિર ચિત્તે,
અધ્યાત્મ પલ્લે એ પગ મૂકે જ્યાં આત્મવિશુદ્ધિ નિમિત્તે;
કે કર્મ અરિ બીજી બાજુ કરે બળ, રૂપ ભયંકર ધારી,
દોષો કરાવી ભ્રષ્ટ કરે આ મધ્યસ્થ સાક્ષી તમારી.
હે ગુરુરાજ !૦

**30 નિર્વાણનો ક્રમ :–**

સંસાર રાગાદિ દ્વૈત રૂપે છે, અદ્વૈત નિર્વાણ નિશ્ચે,
સંક્ષેપથી બંધ-મોક્ષ હેતુ આ, કહ્યા ઉત્કૃષ્ટ સ્થિતિએ;
પ્રથમ પક્ષ તજી ધીમે ધીમે, અન્ય આલંબન સ્હાયે,
તે બને બ્રહ્માદિ નામ વ્યવહારે, નિશ્ચય અનામી થાયે.
હે ગુરુરાજ !૦

**૩૧ કળિકાળમાં ભક્તિનું આલંબન :–**

કેવળજ્ઞાનીએ જે કહ્યું ચારિત્ર, મુક્તિ પમાડે જ તેવું,
આ કળિકાળે મારા જેવાથી, દુષ્કર પળવું એવું;
પૂર્વ પુણ્યના પુંજથી પામ્યો, ભક્તિ આ ભવમાં તારી,
સંસાર-સાગર-તારક બનશે, નાવ એ શ્રદ્ધા અમારી.
હે ગુરુરાજ !૦

**૩૨ જીવ શું નથી પામ્યો ? :–**

નાથ નિગોદથી ઇંદ્ર સુધીની, યોનિ અનેકમાં જાયો,
વાર અનંત ભમ્યો ભવમાં પણ, ક્યાંય અપૂર્વ ન પાયો;
સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રની પૂર્ણતા પદવી સાચી,
મોક્ષદાયી એ રત્નત્રયી દઈ, કર કૃતાર્થ અયાચી.
હે ગુરુરાજ !૦

**૩૩ બોધબીજ આગળ ત્રણલોકનું રાજ્ય તુચ્છ છે :–**

પ્રસન્ન મનથી શ્રી વીર દેવે, ઉત્તમ પદ અર્પવાને,
બોધ-વચન-ઉત્તમ-બીજ વાવ્યું, જે મુજ ઉર ઉદ્યાને;
તેની આગળ શું રાજ્ય જગતનું ? તુચ્છ ત્રિલોક જણાય !
પ્રિય નથી ક્ષણભંગુર ભોગો, પ્રભુ શ્રીમત્ જિનરાય.
હે ગુરુરાજ !૦

**૩૪ આલોચનાનું માહાત્મ્ય :–**

પદ્મનંદીસૂરિની આ આલોચના, ત્રિકાળ અર્હંત આગળ,
શ્રદ્ધાભક્તિથી જે ભવ્ય ભણશે, નિષ્કામ ભાવે નિર્મળ;
આનંદધામ ઉત્તમ ધ્રુવપદ તે, પામે બુદ્ધિધન આણે,
યોગીન્દ્ર પણ તપ ચિરકાળ તપતાં જે પદ પામે પરાણે.
હે ગુરુરાજ !૦



**૩૫ *સદ્ગુરુ બોધે નિશ્ચય અને આશ્રય કર્તવ્ય :–**

મૃગશીર્ષમાં બે શ્યામ શૃંગ જેવાં, ગુરુ પૂર્ણચંદ્ર સમીપે,
પ્રબોધ-પ્રકાશે પ્રકાશી ઊઠે તેમ, અજ્ઞાન જ્ઞાન બની દીપે;
ચારગતિ વિશેષ લખચોરાશી રૂપે યોનિઓ ગણીશ નહીં હું,
નિશ્ચય તારો અને આશ્રય તારો, પામ્યા પછીથી રહે શું ?
હે ગુરુરાજ !૦

---

# આલોચના અધિકારનું

## ગદ્ય અવતરણ

૧ શરૂઆતમાં અવતરણ કરનાર ‘મોક્ષમૂલં ગુરુ કૃપા’ એ વચનને અનુસરીને, સદ્ગુરુ સન્મુખ આલોચના કરવા જતાં પોતાની અબુધ અને અશક્ત દશા જણાવી, સદ્ગુરુનો નિશ્ચય અને આશ્રય ઇચ્છી, પોતાની દીનતા બતાવે છે કે હે સર્વજ્ઞ ગુરુરાજ ! અમે તમારાં બાળક છીએ, તમારે શરણે છીએ, અમારાં પાપ નાશ પામો. જ્ઞાન અને ક્રિયારૂપ મોક્ષમાર્ગમાં કંઈ કરવા અમે સમર્થ નથી. એક તમારું નામસ્મરણ અમારું કલ્યાણ કળિકાળમાં કરશે એવી શ્રદ્ધા છે; તે સફળ થાઓ !

૨ હે જિનેશ ! હે પ્રભુ ! જો સજ્જનોનું મન બાહ્ય તથા અંતરના મેલથી રહિત બનીને, તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદ-ધામ એવા આપનો આશ્રય કરે, તેમના મનમાં જો આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવવાળો મહામંત્ર હાજર હોય તથા આપે પ્રગટ કરેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી મોક્ષમાર્ગમાં જો એમનું મન વહેતું હોય તો એ સજ્જનોએ ઇચ્છેલા પદાર્થની પ્રાપ્તિમાં વિઘ્ન કોઈ પ્રકારે આવી શકે નહીં.

---

* આ ગાથાના પ્રથમ ચરણમાં માગશર વદ ૨ ગુરુ અને ત્રીજા ચરણમાં ૧૯૮૪ સંવતનો ગર્ભિત નિર્દેશ છે.

૩ આચાર્ય સ્તુતિ કરે છે કે હે જિનેન્દ્રદેવ ! સંસારના ત્યાગ માટે પરિગ્રહરહિતપણું તથા રાગરહિતપણું, સમતા તથા સર્વથા કર્મોનો નાશ અને અનંત દર્શન, અનંત વીર્ય, અને અનંત સુખ સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો. પરંતુ આપનાથી ભિન્ન બીજા કોઈ દેવને તેવો ક્રમ પ્રાપ્ત થયો નથી, તેથી આપ જ શુદ્ધ છો. આપનાં ચરણની સેવા જ સજ્જન પુરુષોએ કરવી ઘટે છે.

૪ હે ત્રણ લોકના નાથ ! જો નિશ્ચયથી આપની સેવામાં અમને દૃઢતા હોય તો અત્યંત બળવાન એવા સંસારરૂપી શત્રુની જીત થવી સંભવતી નથી. જેમકે કોઈ માણસને જળવૃષ્ટિથી હર્ષ ઉત્પન્ન કરનારા ઉત્તમ ફુવારા સહિત ઘર પ્રાપ્ત થયું હોય તેને જેઠ મહિનાનો અત્યંત કઠોર બપોરનો તાપ પણ કંઈ કરી શકે નહીં.

૫ શરણનું માહાત્મ્ય દર્શાવતાં આચાર્ય કહે છે કે :— આ પદાર્થ સારરૂપ છે, આ પદાર્થ અસાર છે, એ પ્રકારે સાર-અસારની પરીક્ષામાં એકાગ્રચિત્ત બની, જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણ લોકના સમસ્ત પદાર્થોનો અબાધિત ઊંડી દૃષ્ટિએ વિચાર કરે છે, તેની દૃષ્ટિમાં હે ભગવાન ! આપ જ એક સારભૂત પદાર્થ જણાઓ છો અને આપનાથી ભિન્ન સમસ્ત પદાર્થ અસારભૂત જણાય છે, તેથી આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.

૬ હે જિનેન્દ્ર ! સમસ્ત લોકાલોકને એક સાથે (સામટું) જાણે તેવું તો આપનું જ્ઞાન છે, સમસ્ત લોકાલોકને એકી વખતે દેખે તેવું આપનું દર્શન છે, આપનું સુખ અને શક્તિ અનંત છે; આપની ઈશ્વરતા પણ અતિશય નિર્મળ છે અને આપનું સ્વરૂપ પણ જળહળ જ્યોતિ સમાન છે. તેથી હે પરમાત્મા ! જો યોગીશ્વરોએ સમ્યક્-યોગરૂપી નેત્ર વડે આપને પ્રાપ્ત કરી લીધા તો તેમણે શું ન જાણ્યું ? એમણે શું ન દીઠું તથા એમણે શું પ્રાપ્ત ન કર્યું ?



૭ હે જિનેન્દ્ર ! તમને જ હું ત્રણ લોકના સ્વામી માનું છું, તમને જ આઠ કર્મના જીતનારા તથા મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. સદાય આપનું જ ધ્યાન કરું છું. આપની જ સેવા અને સ્તુતિ કરું છું, અને કેવળ આપનું જ મને શરણ છે. અધિક શું કહેવું ? સંસારમાં કંઈ પ્રાપ્ત થાય તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈની સાથે મારે પ્રયોજન ન રહે ! હે ભગવાન ! આપનું જ મારે પ્રયોજન પડે, અન્ય કોઈનું પ્રયોજન—કામ ન પડો, એટલી વિનયપૂર્વક વિનંતી છે.

૮ હે જિનેશ્વર ! ભૂતકાળમાં જે પાપ મેં ભ્રાન્તિથી મન-વચન-કાયા દ્વારા કરાવ્યાં છે, જાતે કર્યાં છે, બીજાંને પાપ કરતાં અનુમોદન આપ્યું છે, અથવા તેમાં મારી સંમતિ દીધી છે; વર્તમાનમાં જે પાપ હું મન-વચન-કાયાથી બીજાં પાસે કરાવું છું, જાતે કરું છું અને અન્ય પાપ કરતાં હોય તેમને ભલાં માનું છું; ભવિષ્યકાળમાં જે પાપ હું મન-વચન-કાયાથી કરાવીશ, જાતે કરીશ અને બીજાં કરતાં હોય તેમને ભલાં માનીશ; એ બધાં પાપની આપની આગળ જાતે નિંદા કરનાર એવો હું તેનાં સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ !

૯ હે જિનેન્દ્ર ! જો તમે ભૂત, ભવિષ્ય, વર્તમાન, ત્રણે કાળના ભિન્ન ભિન્ન પર્યાયો સહિત લોકાલોકને સર્વ પ્રકારે એક કાળે જાણો છો તથા દેખો છો તો હે સ્વામી ! મારાં એક જન્મનાં પાપો તમે નહીં જાણતા હો ? અર્થાત્ અવશ્ય જાણો છો. તેથી મારી આત્મનિંદા જાતે કરતો કરતો હું મારા દોષની આલોચના આપની આગળ કરું છું, તે આપને કેવળ સંભળાવવા માટે નહીં પણ શુદ્ધિ થવા અર્થે કરું છું.

૧૦ વ્યવહારનયે મૂલ ગુણ તથા ઉત્તર ગુણોને ધારણ કરનારો એવો હું મુનિ, તેના જે દોષો સારી રીતે સ્મરણમાં રહ્યા છે

તે દોષોની શુદ્ધિ થવા અર્થે આલોચના કરવા, હે જિનેન્દ્ર પ્રભુ ! આપની સમક્ષ સાવધાનીથી બેઠો છું, કારણ કે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાનું મન માયા, મિથ્યા, નિદાન એ ત્રણ શલ્યોથી રહિત રાખવું જોઈએ.

૧૧ હે ભગવાન ! આ સંસારમાં સમસ્ત જીવ અસંખ્યાત લોક પ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાના પ્રકારના વિકલ્પો સહિત હોય છે. એ જીવો જેટલા વિકલ્પો સહિત છે તેટલા જ નાના પ્રકારના દોષો સહિત પણ છે, પરંતુ જેટલા દોષો છે તેટલાં પ્રાયશ્ચિત્તો શાસ્ત્રમાં નથી, તેથી એ સમસ્ત અસંખ્યાત લોક પ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપમાં જ થાય છે.

૧૨ હે ભગવાન ! સમસ્ત પ્રકારના પરિગ્રહોથી રહિત, સમસ્ત શાસ્ત્રોના જાણકાર, ક્રોધાદિ કષાયોથી રહિત અને એકાંતવાસી જે ભવ્ય જીવ સમસ્ત બાહ્ય પદાર્થોથી મન તથા ઇંદ્રિયોને હઠાવીને અખંડ અને નિર્મળ સમ્યક્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં મન સ્થિર કરીને આપને દેખે છે તે ભવ્યાત્મા આપની સમીપતા પામે છે.

૧૩ પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલાં મહાપુણ્યથી, જે મનુષ્ય હે ભગવાન ! ત્રણ લોકના પૂજનિક આપને પામ્યો તેને એવી ઉત્તમ પદવી મળે છે, કે જે પદ બ્રહ્મા, વિષ્ણુ આદિ પણ નિશ્ચયથી પામી શકતા નથી. હે અર્હજ્જિનેન્દ્ર ! હે નાથ ! હું શું કરું ? આપના ચરણમાં મન સ્થાપન કરવા જતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે જ દોડે છે.

૧૪ હે જિનેશ ! આ સંસાર નિશ્ચે નાના પ્રકારનાં દુઃખો દેનાર છે, અને વાસ્તવિક સુખ દેનાર તો મોક્ષ છે. તે મોક્ષની પ્રાપ્તિ માટે અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો, તપોવનમાં આવ્યા, સમસ્ત પ્રકારના સંશય પણ છોડી દીધા અને અત્યંત આકરાં વ્રત પણ ધારણ કર્યાં, તથાપિ હજુ સુધી એ કઠિન



વ્રતો ધારણ કરવાથી કંઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ નહીં, કેમકે પવનના સમૂહથી કંપાવેલા પાન જેવું આ અમારું મન રાતદિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે.

૧૫ હે ભગવાન ! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેની પ્રાપ્તિ માટે ગમે ત્યાં ભટકે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્માને વગર કારણે સદા અત્યંત આકુળવ્યાકુળ કરતું રહે છે, જે ઇન્દ્રિયોરૂપી ગામને વસાવનાર છે, અને જે સંસાર ઊભો કરનાર કર્મોનો પરમ મિત્ર છે, એવું તે મન જ્યાં સુધી જીવતું છે, ત્યાં સુધી મુનિઓને કલ્યાણની પ્રાપ્તિ ક્યાંથી હોય ?

૧૬ નિર્મળ તથા અખંડ જ્ઞાનસ્વરૂપ આપને પામીને મારું મન અવશ્ય મૃત્યુ પામે. હે જિનેન્દ્ર ! નાના પ્રકારના વિકલ્પો સહિત મારું મન આપનાથી અન્ય બધા બાહ્ય પદાર્થોમાં નિરંતર ઘૂમતું ફરે છે, તો શું કરવું ? મોહવશ એવો કયો પ્રાણી મૃત્યુથી નથી ડરતો ? મોહ અહિત કરનાર જ છે. તેથી સવિનય પ્રાર્થના છે કે આ મારા મોહને નિર્મૂળ કરો.

૧૭ જ્ઞાનાવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહ જ અત્યંત બળવાન છે. એ મોહના પ્રભાવથી આ મન જ્યાં ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે, મરણથી ડરે છે. મોહ ન હોય તો ન કોઈ જીવે કે ન કોઈ મરે. આ જગતના અનેક પ્રકારો છે તે પર્યાયનયની અપેક્ષાએ છે, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહીં; હે ભગવાન ! આ મારા મોહનો સર્વથા નાશ કરો.

૧૮ પવનથી સમુદ્રમાં ઊઠતી ક્ષણિક જળ-લહરીઓના સમૂહ સમાન આ જગત સદાય અને સર્વત્ર ક્ષણભંગુર છે. એવો બરાબર વિચાર કરીને, સમસ્ત સંસારને ઉત્પન્ન કરવાવાળી પ્રવૃત્તિથી રહિત થઈને, હે જિનેન્દ્ર ! આપના નિર્વિકાર, પરમાનંદમય પરબ્રહ્મ સ્વરૂપમાં મારું મન સ્થિતિ કરવાને ઇચ્છે છે.

૧૯ અશુભ ઉપયોગ વડે ઉત્પન્ન થતાં પાપથી જીવ નાના પ્રકારનાં દુઃખો પામે છે, શુભ ઉપયોગ વડે ઉત્પન્ન થતાં ધર્મથી (પુણ્યથી) જીવોને સુખ મળે છે; એ બન્ને પાપપુણ્યરૂપી દ્વંદ્વ સંસારનું જ કારણ છે. શુદ્ધ ઉપયોગથી અવિનાશી તથા આનંદસ્વરૂપ પદ પમાય છે. હે જિનેન્દ્ર ! આપ તો એ પદમાં નિવાસ કરી રહ્યા છો, હું પણ એ શુદ્ધ ઉપયોગરૂપી પદમાં નિવાસ કરું એવી ભાવના છે.

૨૦ જે આત્મસ્વરૂપ-જ્યોતિ છે, તે નથી અંદર કે નથી બાહેર, નથી દિશામાં કે નથી વિદિશામાં, નથી મોટી કે નથી નાની, નથી નર જાતિ, નારી જાતિ કે નાન્યતર જાતિ, નથી ભારે કે નથી હલકી, તથા નથી જેને કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, સંખ્યા, વચન કે વર્ણ, પરંતુ તે તો સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શનની મૂર્તિરૂપ ઉત્કૃષ્ટ નિર્મળ છે. એ આત્મસ્વરૂપ ઉત્કૃષ્ટ જ્યોતિથી ભિન્ન હું નથી, પરંતુ તદાકાર તન્મય છું.

૨૧ હે ભગવાન ! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર વિના-કારણ સદાના વૈરી એવા દુષ્ટ કર્મે મારામાં તથા આપમાં અંતર—ભેદ પાડ્યો છે. કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આપની સમક્ષ આ મારાં દુષ્ટ કર્મ ખડાં છે તેને હઠાવીને દૂર કરો. નીતિજ્ઞ પ્રભુઓનો એ ધર્મ છે, કે સજ્જનોની રક્ષા કરવી અને દુષ્ટોનો નાશ કરવો.

૨૨ હે ભગવાન ! નાના પ્રકારના આકાર તથા વિકાર (ફેરફાર) કરતાં વાદળાં આકાશમાં હોવા છતાં, જેવી રીતે આકાશના સ્વરૂપમાં કંઈ ફેરફાર કરતાં નથી, તેવી રીતે આધિ, વ્યાધિ, જરા, મરણ આદિ પણ મને કંઈ કરી શકતાં નથી, કેમકે એ બધાં શરીરના વિકાર જડરૂપ છે, પણ મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે.



૨૩ હે ભગવાન, જેમ જળથી બાહેર સ્થળમાં (જમીન પર) પાણી વગર માછલી તરફડે છે, તેવી રીતે સંસારરૂપી સંતાપથી જેનું શરીર બળી રહ્યું છે, એવો હું સદા દુઃખિયો જ રહું છું; પરંતુ જ્યાં સુધી કરુણારૂપી જળના સંગથી અત્યંત શીતળ એવા આપના ચરણ કમળમાં મારું મન લાગી રહે છે ત્યાં સુધી હું અત્યંત સુખી રહું છું.

૨૪ હે ભગવાન! ઇંદ્રિયોના સમૂહ સહિત મારું મન બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે, તેથી નાના પ્રકારનાં કર્મ આવીને મારા આત્મા સાથે બંધાય છે. પરંતુ વાસ્તવિક રીતે હું એ કર્મોથી સર્વ કાળે સર્વ ક્ષેત્રોમાં જુદો જ છું. આપના ચૈતન્યથી પણ સર્વથા એ કર્મ જુદાં જ છે, એ ચૈતન્યથી કર્મોને ભિન્ન કરવામાં આપ જ કારણ છો. તેથી હે શુદ્ધ આત્મા ! હે જિનેન્દ્ર ! નિશ્ચયથી મારી સ્થિતિ આપમાં જ છે.

૨૫ હે આત્મા ! તારે નથી લોકનું કામ કે નથી બીજાના આશ્રયનું કામ, તારે નથી દ્રવ્યનું પ્રયોજન કે નથી શરીરનું પ્રયોજન, તારે નથી ઇન્દ્રિયોનું કામ કે નથી વચનનું કામ, અને તારે નથી પ્રાણનું પ્રયોજન કે નથી નાના પ્રકારના વિકલ્પોનું પ્રયોજન. કેમકે એ બધા પુદ્ગલ દ્રવ્યના જ પર્યાય છે, તારાથી ભિન્ન છે તોપણ મહા ખેદની વાત છે, કે તું એમને પોતાના માની તેમનો આશ્રય કરે છે તો શું તને દૃઢ બંધન નહીં થાય ? અવશ્ય થશે.

૨૬ ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ દ્રવ્ય, કાળ દ્રવ્ય, એ ચારે દ્રવ્યો મારું કંઈ બગાડતાં નથી. ગતિ, સ્થિતિ આદિ કામોમાં સહકારી થઈ મને મદદ કરનાર બની રહે છે. સમીપમાં રહેનાર અને બંધ કરનાર તો કર્મ અને નોકર્મરૂપ એક પુદ્ગલ જ મારો વૈરી છે. મેં ભેદજ્ઞાનરૂપી તરવારવડે હમણાં તેના કટકેકટકા કરી ઉડાવી દીધા છે.

૨૭ જીવોને નાના પ્રકારે રાગદ્વેષ કરનાર પરિણામે જેવી રીતે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે, તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ તથા

કાલ એ ચાર અમૂર્તિક દ્રવ્ય રાગદ્વેષ કરનાર પરિણામે પરિણમતાં નથી. એ રાગદ્વેષના નિમિત્તે કઠિન કર્મોની ઉત્પત્તિ થાય છે. એવાં કર્મથી સંસાર પ્રવર્તે છે. સંસારમાં નાના પ્રકારના દુઃખ ભોગવવાં પડે છે. કલ્યાણ કરવાની અભિલાષાવાળા સજ્જનોએ રાગદ્વેષ બન્નેને સર્વથા તજવા ઘટે છે.

૨૮ હે મન ! બાહ્ય તેમજ તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પદાર્થ, તેમાં રાગદ્વેષરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરીને શા માટે તું દુઃખદ અશુભ કર્મ બાંધે છે ? જો તું આનંદરૂપી જળના સમુદ્રમાં શુદ્ધ આત્માને પામીને નિવાસ કરીશ, તો તું વિસ્તીર્ણ નિર્વાણરૂપી સુખ અવશ્ય પામીશ. આનંદસ્વરૂપ શુદ્ધ આત્મામાં જ તારે નિવાસ કરવો જોઈએ, તેનું જ ધ્યાન તથા મનન કરવું જોઈએ.

૨૯ હે જિનેન્દ્ર ! આપના ચરણકમળની કૃપાથી ઉપર જણાવેલી વાતોનો યથાર્થ વિચાર કરી, જેવો આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપી ત્રાજવામાં (પલ્લામાં) પગ મૂકવા જાય છે તેવો જ કર્મરૂપી ભયંકર વૈરી તેને દોષવાળો બનાવવા સામો ખડો થાય છે. હે ભગવાન ! આવી દશામાં આપ જ મધ્યસ્થ સાક્ષી છો.

૩૦ દ્વૈત (માન-અપમાન, લાભ-અલાભ, શત્રુ-મિત્રાદિ મોહરૂપ વિકલ્પો) વાસ્તવિક રીતે સંસાર છે; અદ્વૈત (રાગદ્વેષ આદિ દ્વન્દ્વથી રહિત-નિર્વિકલ્પરૂપ દશા) એ જ મોક્ષસ્વરૂપ છે. આ સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થતી દશાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. એ બેમાંથી પહેલું જે દ્વૈતપદ છે તેનાથી ધીમે ધીમે પાછો હઠી અદ્વૈત-પદનું આલંબન કરે છે તે પુરુષ વાસ્તવિક રીતે નામરહિત બની જાય છે. તે વ્યવહારનયથી બ્રહ્મા, ધાતા આદિ નામે કહેવાય છે.

૩૧ હે જિનેન્દ્ર દેવ ! કેવળજ્ઞાની એવા આપે મુક્તિને માટે જે ચારિત્રનું વર્ણન કર્યું છે, તે ચારિત્ર તો આ ભયંકર કળિકાળમાં મારા જેવા મનુષ્યને ધારણ કરવું ઘણું મુશ્કેલ છે. પૂર્વકાળે સંચિત



પુણ્યના ઉદયથી મારી આપના પ્રત્યે જે ભક્તિ છે, તે ભક્તિ જ હે જિન ! મને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારવામાં વહાણ સમાન હો !

૩૨ આ સંસારમાં ભ્રમણ કરતાં મેં ઇન્દ્રપણું, નિગોદપણું અને બન્નેની વચ્ચેની બીજી પણ બધા પ્રકારની યોનિઓ અનંતવાર પ્રાપ્ત કરી છે. એમાંની કોઈ પણ પદવી મારે માટે અપૂર્વ નથી. પરંતુ મોક્ષપદ દેનાર અપૂર્વ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્-ચારિત્રની પદવી હજી સુધી મને મળી નથી. હે ભગવાન ! મારી સમ્યક્-દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવીની ઇચ્છાને પૂર્ણ કરો.

૩૩ બાહ્ય તથા અભ્યંતર લક્ષ્મી(શ્રી)થી શોભતા એવા શ્રી વીર ભગવાને પોતાના પ્રસન્ન ચિત્તથી સર્વોત્તમ પદની પ્રાપ્તિને માટે મારા ચિત્તમાં પરમ ઉપદેશ-વચનરૂપ બીજ રોપ્યું છે. એ ઉપદેશની આગળ ક્ષણમાં નાશ પામે તેવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી. એ તો શું ? પરંતુ હે પ્રભુ ! હે જિનેન્દ્ર ! એ ઉપદેશની આગળ ત્રણ લોકનું રાજ્ય પણ મને તુચ્છ લાગે છે.

૩૪ શ્રદ્ધાથી જેનું શરીર નમ્ર બન્યું છે એવો જે મનુષ્ય શ્રી પદ્મનંદી સૂરિની કરેલી આ આલોચના નામની રચના ત્રણ કાળ શ્રી અર્હત્દેવની આગળ ભણે, તે બુદ્ધિમાન એવું પદ પામે છે કે જે પદ લાંબા કાળ સુધી મોટા મોટા મુનિઓ ઘોર પ્રયત્ન (પુરુષાર્થ) કર્યા છતાં પણ પરાણે પ્રાપ્ત કરે છે.

૩૫ જ્યારે પૂર્ણ ચંદ્ર ઊગે છે ત્યારે હરણનાં બે શ્યામ શૃંગો તેના તેજથી પ્રકાશે છે તેમ શ્રીમદ્ સદ્ગુરુરાજના પ્રતાપે, જ્ઞાન અને દર્શનરૂપી આત્માની શક્તિ, જે અનાદિથી મિથ્યાત્વના ઉદયે કુજ્ઞાન અને કુદર્શનરૂપ હતી, તે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનરૂપ બે સદ્ગુણોથી પ્રકાશે છે. પછી ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી. સત્નો નિશ્ચય અને આશ્રય પામ્યા પછી અવશ્ય મોક્ષ થવાનો છે.

# આલોચનાનાં પદો

## ૧

વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય;
જહાં કષાયકી પોષણા, કષાય શાસન સોય. ૧

(પ્રિયતમ પ્રભુ કરીએ વંદના—એ દેશી)

આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના;
સબ દોષ પાપ હો જાય ફના, આત્માર્થે કરીએ ખામના —એ ટેક૦
દશવિધ સુધર્મ-કલ્પતરુમેં, ક્ષમા ધર્મ આદિ ગના —(૨) આ૦ ૧
મુનિકો પક્ષ, શ્રાદ્ધ ચૌમાસી, સંવત્સર સમકિતીતના —(૨) આ૦ ૨
ઇન હદ તક અવિરાધના આખી, અતઃપરં વિરાધના —(૨) આ૦ ૩
પ્રત્યક્ષ અરુ પરોક્ષ ઉભયવિધિ, ક્ષમાપનાકી આગના —(૨) આ૦ ૪
અવલ હી નિજ ઉપકારી પ્રત્યે, કીજે ક્ષમાકી પ્રયાચના—(૨) આ૦ ૫
અસિઆઉસા-પરમેષ્ઠી પણ, સાધર્મી અરુ સજ્જના —(૨) આ૦ ૬
તત્પશ્ચાત્ ચૌરાસીવાસી, સાથે કીજે ક્ષમાપના —(૨) આ૦ ૭
ભૂતકાલકી ક્ષમા સફલ જબ હોય ભવિષ્યકી પ્રતિગના —(૨) આ૦ ૮
અસમર્થકો રક્ષણ ક્ષાંતિ, સમર્થકું ભૂષણ ભના —(૨) આ૦ ૯
શ્રીમદ્ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમાકી સ્થાપના —(૨) આ૦૧૦
તાતેં ક્ષમી ક્ષમાવી, ભાવો— **રત્નત્રયકી** ભાવના —(૨) આ૦૧૧

---



## ૨

ૐ

જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વંદ્ય જગમાંય;
યજ્ઞ કર્મના દૂષણને, પાવન કરો પળમાંય.

**સ્વધર્મ-બંધુ**

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડ્યાં હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં,
ચિંતવ્યું હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં,
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.

દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,
માફી મૂંડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,
જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી.

સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી ‘હશે’ એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.

દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય. મમ જેવા રાંકને શું ?

એ જ નામું માંડી વાળવા વિનંતિ.

---

## ૩
## મિચ્છા મિ દુક્કડં

આ ભવ ને ભવો-ભવ મહીં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ,
તે સવિ મિચ્છા મિ દુક્કડં.

જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવી આતમ થશે.

ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો.

---

## પ્રાર્થના

અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે :–

હે પરમેશ્વર ! શુદ્ધાત્મા ! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય ! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી ! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપૂર કર કે હું પરવસ્તુ પર નજર ન કરું. જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.

તું નિષ્પાપ, પૂર્ણ પવિત્ર છે. તારી પવિત્રતા મારામાં ભર. મને પાપરહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ. તારાં પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનંદ ! મને આનંદથી ભરપૂર કર, મને તારી તરફ ખેંચ.



હે દેવ ! મેં તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શું હવાલ થશે ?

હું પાપમાં બૂડી રહ્યો છું. હું દર સમય પાપના કામમાં જ હર્ષ માની રહ્યો છું. તારી કૃપાદાનનું તેડું મારી તરફ આવ્યું કે તું મને પોતા તરફ બોલાવે છે. તારી પવિત્રતા મને દરવખત ચેતાવે છે કે આ પાપમાં તું ના પેસ. માટે હવે હું તારી પવિત્રતાનું સન્માન કરું. મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વે આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ. મોહ શત્રુના કબજામાંથી મને છોડાવ. હું બાળક છું, માટે દરસમય મને બચાવ, પડવા ન દે. મને તારામાં રાખ, તું મારામાં રહે. જે તારી કૃપા નજર થઈ તે પૂરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મૂક. તારી શાંતિના સમુદ્રમાં મને ઝિલાવ. તારો સર્વે મહિમા મને દેખાડ.

તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે, તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ નિત્ય છે, તું અબાધિત છે, તારા અનંત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની ભીખથી મારા દિલને વાર. કષાયની તપ્તિથી બચાવ. મારાં સર્વે વિઘ્ન દૂર કર, કે સ્થિરતા અને આનંદથી હું તારી સિદ્ધિને અનુભવું.

મારી સર્વે શુભેચ્છા તારા વચનપસાયથી પૂર. સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફંદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરું, અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ.

તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુઃખનું કારણ ન થાઉં, માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર, અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હંમેશાં બચાવ.

---

## ક્ષમાપનાના પત્રો

('શ્રીમદ્ રાજચંદ્ર'માંથી)

### ૧

વવાણિયા, પ્ર. ભાદ્ર. સુ. ૬, ૧૯૪૬

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં, આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે



ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં, કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો, એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે

તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

''ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે,અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. એ જ વિજ્ઞાપન.

વિ૰ રાયચંદના યથાયોગ્ય

---



**૨** મુંબઈ, ભા. સુ. ૭, ૧૯૪૮

ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહીં.

સંસાર ભજવાના આરંભકાળ( ?)થી તે આજ દિન પર્યંત તમ પ્રત્યે જે કંઈ અવિનય, અભક્તિ અને અપરાધાદિ દોષ ઉપયોગપૂર્વક કે અનુપયોગે થયા હોય તે સર્વ અત્યંત નમ્રપણે ક્ષમાવું છું.

શ્રી તીર્થંકરે જેને મુખ્ય એવું ધર્મપર્વ ગણવાનું યોગ્ય ગણ્યું છે, એવી સંવત્સરી આ વર્ષ સંબંધી વ્યતીત થઈ. કોઈ પણ જીવ પ્રત્યે કોઈ પણ પ્રકારે કોઈ પણ કાળને વિષે અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી, એવી વાત જેને પરમોત્કૃષ્ટપણે નિર્ધાર થઈ છે, એવા આ ચિત્તને નમસ્કાર કરીએ છીએ, અને તે જ વાક્ય માત્ર સ્મરણયોગ્ય એવા તમને લખ્યું છે; કે જે વાક્ય નિઃશંકપણે તમે જાણો છો.

---

**૩** મુંબઈ, ભા. સુ. ૧૦, ૧૯૪૮

સંસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમાં તમ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઈ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયો હોય તે સર્વ અત્યંત નમ્રપણે, તે સર્વ અપરાધોના અત્યંત લય પરિણામરૂપ આત્મસ્થિતિએ કરી હું સર્વ પ્રકારે કરી ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું. તમને કોઈ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તો પણ અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઈ પ્રકારે પણ

સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુત્વપણે વિનંતિ છે.

---

**૪** મુંબઈ, ભા. સુદ ૧૦, ૧૯૪૮

અત્ર ક્ષણ પર્યંત તમ પ્રત્યે કોઈ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન, કાયાના યોગથી જે જે અપરાધાદિ કંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઇચ્છું છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું, તેમ છતાં પણ કોઈક અનુપયોગ ભાવે દેહપર્યંતને વિષે તે પ્રકાર ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઇચ્છું છું; અને તે ક્ષમારૂપ ભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વ પ્રકાર અમ પ્રત્યેના પૂર્વકાળના, વિસ્મરણ કરવાને યોગ્ય છો.

---

**૫** મુંબઈ, ભા. સુદ ૬, ૧૯૫૩

પરમકૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી, વવાણિયા બંદર.

આજ દિવસ પર્યંત મેં આપનો કાંઈ પણ અવિનય, અભક્તિ કે અપરાધ કર્યો હોય તે બે હાથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. કૃપા કરીને આપ ક્ષમા આપશો. મારી માતુશ્રી પ્રત્યે પણ તે જ રીતે ખમાવું છું. તેમ જ બીજા સાથ સર્વે પ્રત્યે મેં કોઈ પણ પ્રકારનો અપરાધ કે અવિનય જાણતાં અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. કૃપા કરીને સૌ ક્ષમા આપશોજી.

---



શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

## ક્ષમાપનાપાઠનું પદ્ય

હે નાથ ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો.

તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં.

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું.

પ્રભુ ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.

હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી;
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી.

હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ ! મુજથી.

હે પરમાત્મા ! હું પ્રપંચમાંહિ પડ્યો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું.

બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ ! વિવેકની શક્તિ.

ઓ રાગરહિત પ્રભુ ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ.

હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું.

હું માગું છું પ્રભુ ! મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી.
એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો.
હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું.
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે.
છો આપ નીરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી.
છો સહજાનંદી અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ ! શું આપું નિશાની ?
મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી.
તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.
મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો.
હે સર્વજ્ઞ પ્રભુ ! શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.
હું કેવલ પશ્ચાત્તાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું.
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.



શ્રી લાલાજી રણજીતસિંહજી કૃત

## શ્રી બૃહદ્ આલોચના

(દોહા)

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;
ઇષ્ટ દેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૧

અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવઝાય;
સાધુ સકલકે ચરનકું, વંદું શિષ નમાય. ૨

શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
અલિય[૧] વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
શ્રીગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪

શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ઘન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫

પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહિચાન;
કર્મ અરિ ભાજે સબી, હોવે પરમ કલ્યાન. ૬

શ્રી જિનયુગ પદકમલમેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭

પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો, કિંચિત્ મુજ [૨]વિરતંત. ૮

આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;
લક્ષચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત. ૯

---

૧. અનિષ્ટ. ૨ વૃત્તાંત, વર્તન.

દેવ ગુરુ ધર્મ સૂત્રમેં, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, [૧]મિથ્યા દુષ્કૃત મોય. ૧૦

મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨

બુરા બુરા સબકો કહે, બુરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બુરા ન કોઈ. ૧૩

કહેવામાં આવે નહીં, અવગુણ ભર્યા અનંત;
લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુઝ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫

પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬

માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાળુ દો મુઝે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭

આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત [૨]ખીમાવ. ૧૮

છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૯

પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦

૧. મારાં માઠાં કામ નિષ્ફળ થાઓ. ૨. ક્ષમી ક્ષમાવો



તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે, નિત મન્ન;
શક્તિ સાર[૧] વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧

અરિહા દેવ, નિર્ગ્રંથ ગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલી કથિત, એહિ જૈન મત મર્મ. ૨૨

આરંભ વિષય કષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો[૨] પાર. ૨૩

ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪

અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા ધર્મસાર;
મંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો [૩]ચાવ;
નરભવ સફલો, જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

(દોહા)

સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧

કર્મ પુદ્‌ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, [૪]વિછડ્યાં પદ નિરવાન. ૨

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩

દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહૈ સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪

૧. અનુસાર, પ્રમાણે, ૨. ઊતરો, ૩. ઉત્સાહ, ૪. છૂટાં થયે.

ગર્ભિત પુદ્‌ગલ પિંડમેં, અલખ અમૂરતિ દેવ;
ફિરે સહજ ભવચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫

ફૂલ અત્તર, ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય. ૬

જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને [૧]હંસ;
યાહી ભરમ વિભાવતેં, બઢે કરમકો વંશ. ૭

રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહિ;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહિ. ૮

જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોંકા ઉત્પાત. ૯

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦

શુદ્ધ ચેતન ઉજ્જ્વલ [૨]દરવ, રહ્યો કર્મ મલ છાય;
તપ સંયમસેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ [૩]બઢ જાય. ૧૧

જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચારિત્રથી આવત રુકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨

કર્મરૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મલ જ્યોતિ પ્રગટ ભયાં, કેવળજ્ઞાન અનૂપ. ૧૩

મૂસી[૪] પાવક સોહગી, ફુકાંતનો ઉપાય;
રામચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪

કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાનરૂપ ગુન ચાંદની, નિર્મલ જ્યોતિ અમંદ. ૧૫

૧. જીવ, ૨. દ્રવ્ય, ૩. વધી જાય, ૪. સોનું ગાળવાની કુલડી



રાગ દ્વેષ દો બીજસેં, કર્મબંધકી [૧]વ્યાધ;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ [૨]સમાધ. ૧૬

અવસર વીત્યો જાત હૈ, [૩]અપને વશ કછુ હોત;
પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત. ૧૭

કલ્પવૃક્ષ, ચિંતામણી, ઇન ભવમેં સુખકાર;
જ્ઞાનવૃદ્ધિ ઇનસે અધિક, ભવદુઃખ ભંજનહાર. ૧૮

રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ[૪] ધ્યાન. ૧૯

દૂજા[૫] કુછ ભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા[૬] ચોથા[૭] ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦

ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહિ;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ. ૨૧

અહો ! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યું) ધાવ ખિલાવે બાળ. ૨૨

સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાનીકે ઘટ માંહિ;
ગિરિ[૮] સર[૯] દીસે [૧૦]મુકરમેં, ભાર ભીંજવો નાંહિ. ૨૩

જો[૧૧] જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય. ૨૪

૧. વ્યાધિ, રોગ. ૨. સમાધિ, સુખ. ૩. પોતાના હાથમાં અવસર હોય ત્યારે કંઈ બને છે. ૪. આર્ત્ત—દુઃખરૂપ પરિણામ. ૫. રૌદ્ર—પાપરૂપ પરિણામ. ૬.ધર્મ—શુભ ભાવરૂપ પરિણામ. ૭. શુક્લ—શુદ્ધ પરિણામ. ૮. પર્વત. ૯. સરોવર. ૧૦. દર્પણમાં. ૧૧. જે જે પુદ્‌ગલોનો સ્પર્શ થવાનો છે, તે નક્કી થશે. તેમાં મમતાભાવથી કર્મબંધ અને સમતાભાવથી કર્મક્ષય થાય છે.

બાંધ્યાં સોહી ભોગવે, કર્મ[૧] શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫

બાંધ્યાં બિન ભુગતે નહીં, બિન[૨]ભુગત્યાં ન છુટાય;
આપ હી કરતા ભોગતા, આપ હી દૂર કરાય. ૨૬

પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭

સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહિ અવરકું, (તો) અપને હણે ન કોય. ૨૮

જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઇનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯

સત મત છોડો હો નરા ! લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન. ૩૧

શીલ રતન મહોટો રતન, સબ રતનાંકી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલમેં [૩]આન. ૩૨

શીલે સર્પ ન [૪]આભડે, શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩

શીલ રતનકે પારખુ, મીઠા બોલે બૈન;
સબ જગસેં ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈન. ૩૪

૧. બાંધેલા કર્મ ભોગવતાં શુભાશુભ ભાવથી ફળ થાય છે. સમભાવમાં ચિત્ત હોય તો નિર્જરા થાય છે. ૨. ભોગવ્યા વિના. ૩. આવીને. ૪. અથડાય.



તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, દેખત વાકા મુખ. ૩૫

(દોહા)

પાન ખરંતા ઇમ કહે, સુન તરુવર વનરાય;
[૧]અબકે વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧

તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર એક બાત;
ઇસ ઘર એસી રીત હૈ, એક આવત એક જાત. ૨

વરસ[૨] દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમજે નહીં, વરસ ગાંઠકો જાય. ૩

(સોરઠો)

પવન[૩] તણો વિશ્વાસ, કિણ કારણ તેં દૃઢ કિયો ?
ઇનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪

(દોહા)

કરજ [૪]બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧

બિનું દિયાં છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસકે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨

જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ [૫]અજ્ઞાન;
જ્ઞાની ઇમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩

કામ ભોગ પ્યારા લગે, ફલ [૬]કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪

૧. હમણાં છૂટાં પડેલા ક્યારે મળીશું ? ૨. વર્ષગાંઠનો દિવસ ઊજવે છે. ૩. વા, શ્વાસોશ્વાસ, ૪. પારકા વ્યાજે લાવી. ૫. અજ્ઞાનીને. ૬. ઝેરી ઝાડનું નામ.

જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારન પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫

ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;
ભવસાગર દુ:ખજલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુ:ખ વસે, સો સુખ ભી દુ:ખરૂપ. ૭

જબ લગ જિનકે પુણ્યકા, પહોંચે નહીં [1]કરાર;
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮

પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાજે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦

બહુ વીતી થોડી રહી, અબ તો સુરત[2] સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧

ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે [3]લાર;
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨

રજ વિરજ ઊંચી ગઈ, [4]નરમાઈકે પાન;
પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈકે [5]તાન. ૧૩

અવગુન ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ [6]બબૂલ;
ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં સૂલ. ૧૪

૧. મુદત પૂરી થઈ નથી. ૨. લક્ષ. ૩. સાથે. ૪. નરમાશપણાથી. ૫. તન્મયપણું. ૬. બાવળનું વૃક્ષ.



જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બુરા ન માનીએ, કહાં લેને વો જાય ? ૧૫

ગુરુ કારીગર સારિખા, ટાંકી[1] વચન વિચાર;
પત્થરસે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬

સંતનકી સેવા કિયાં, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૧૭

ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮

નિજ આતમકું દમન કર, પર આતમકું ચીન;
પરમાતમકો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯

સમજુ શંકે[2] પાપસેં, અણસમજુ હરખંત;
વે લૂખાં વે ચીકણાં, ઇણ વિધ કર્મ બધંત. ૨૦

સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;
સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ. ૨૧

ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુ:ખરોગ. ૨૨

રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિર્વૈરી સબ જીવસેં, પાવે મુક્તિ સમાધ. ૨૩

**ઇતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

---

## શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્ભ્યો નમઃ

૧. ટાંકણારૂપ વચન ગણ. ૨. ડરે.

(દોહા)

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ કોડ.

ગણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જિનઆજ્ઞા અનુસાર.

**એક નવકાર ગણવો**

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

(અંજનાની દેશી)

હું અપરાધી અનાદિકો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

(હવેનું ગદ્ય મૂળ હિંદી ભાષામાં છે તેનું ગુર્જર ભાષાંતર મૂક્યું છે.)

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના, સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભ-યોગે કરી, પ્રમાદે કરી અપછંદ-અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવલજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની, અને શ્રી સાધુ-સાધ્વીની, શ્રાવકશ્રાવિકાની, સમદૃષ્ટિ સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ-પરમાર્થની, ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, આશાતનાદિ કરી,



કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો, ક્ષમા કરો; હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

(દોહા)

અપરાધી ગુરુ દેવકો, તીન ભુવનકો ચોર;
ઠગું વિરાણા માલમેં, હા હા કર્મ કઠોર.

કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.

**પહેલું પાપ પ્રાણાતિપાત :–**

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી મન, વચન અને કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાં, ચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂંજના પડિલેહણા સંબંધી અને આહાર વિહારાદિક નાના પ્રકારના ઘણા ઘણા કર્તવ્યોમાં સંખ્યાતા,

અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટ્યા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું, નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં. વારંવાર ક્ષમાવું છું. તમે સર્વે ક્ષમજો.

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ॥

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છયે કાયના જીવોના વૈરબદલાથી નિવૃત્તિ પામીશ. સર્વ ચોરાશી લાખ જીવ-યોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**બીજું પાપ મૃષાવાદ :–**

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઇત્યાદિક અનેક પ્રકારે મૃષા જૂઠું બોલ્યો, બોલાવ્યું, બોલતાં પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**ત્રીજું પાપ અદત્તાદાન :–**

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની, તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી,



કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

**ચોથું પાપ અબ્રહ્મ :–**

મૈથુન સેવવામાં મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા; નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહીં; નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી; પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન વચન કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવવાડ સહિત બ્રહ્મચર્ય-શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**પાંચમું પરિગ્રહ પાપસ્થાનક :–**

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ પથ્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ સોનું, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે, તેની મમતા, મૂર્છા, પોતાપણું કર્યું; ક્ષેત્ર ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો; તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે

પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રંપચોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :–**

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સાતમું માન પાપસ્થાનક :–**

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ અને આઠ મદ આદિ કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**આઠમું માયા પાપસ્થાનક :–**

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**નવમું લોભ પાપસ્થાનક :–**

મૂર્છાભાવ કર્યો, આશા તૃષ્ણા વાંચ્છાદિક કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**દશમું રાગ પાપસ્થાનક :–**

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :–**

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.



**બારમું કલહ પાપસ્થાનક :–**

અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :–**

અછતાં આલ દીધાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :–**

પરની ચુગલી ચાડી કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :–**

બીજાના અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સોળમું રતિઅરતિ પાપસ્થાનક :–**

પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો; સંયમ, તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ, પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :–**

કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :–**

શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત

પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતાં વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ, પ્રમાદાદિક પૌદ્ગલિક પ્રપંચ, પરગુણપર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી; જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી; શુદ્ધ શ્રદ્ધા-શીલ, સંતોષ, ક્ષમાદિક નિજ-સ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહીં, કરાવી નહીં, અનુમોદી નહીં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

છયે આવશ્યક સમ્યક્ પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહીં, પાળ્યા નહીં, સ્પર્શ્યા નહીં, વિધિ-ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યાં, પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહીં કર્યાં; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ એવં નવ્વાણું



અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મેં જીવને અજીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; અજીવને જીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદ્દહ્યા, પ્રરૂપ્યા; સાધુને અસાધુ અને અસાધુને સાધુ સદ્દહ્યા, પ્રરૂપ્યા; તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા ભક્તિ યથાવિધિ માનતાદિ નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તથા અસાધુઓની સેવા ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચ્ચીસ મિથ્યાત્વમાંના મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મને કરી, વચને કરી, કાયાએ કરી; પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ આશાતના સંબંધી, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોસહના અઢાર દોષ સંબંધી મને, વચને, કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધનાં ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન અને કાયાએ કરી, કરાવી, અનુમોદી; તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની

અને બોલોની વિરાધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો, અછતાની સ્થાપના કરી—પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહીં અને અછતાની નિષેધના કરી નહીં, છતાની સ્થાપના અને અછતાને નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી, બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી, મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્પ્રકારે જાણ્યા નહીં, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહીં તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. એક એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડ્યા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહીં, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહીં; વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ ! આપની આજ્ઞા આરાધવામાં જે જે



પ્રમાદ કર્યો, સમ્યક્પ્રકારે ઉદ્યમ નહીં કર્યો, નહીં કરાવ્યો, નહીં અનુમોદ્યો; મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો; એક અક્ષરના અનંતમા ભાગ માત્ર-કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

(દોહા)

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાતમેં, મિચ્છા દુક્કડ મોય.

સૂત્ર અર્થ જાનું નહીં, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્રકા, અર્થ પાઠ પરમાન.

દેવગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય.

હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજ;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ.

જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબનકો, બદલા દેશું સોય.

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય.

એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યો થો જિન ભજનકું, બિચમેં લિયો માર.

(સવૈયા)

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું,
પહેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ ફરું;
તેમ મહા પાપી હું તો માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી.

(દોહા)

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષયવચન જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર.

કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ.

જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળ હે ! શરણ રાખ, હું દીન.

નહિ વિદ્યા નહિ વચનબળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબકી, પત રાખો ભગવાન.

આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ.

સુસા જૈસે અવિવેક હું, આંખ મીચ અંધિયાર;
મકડી[1] જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર.

સબ ભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;
અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુઃખદાય.

૧. કરોળિયો.



કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહિ તજિયો અંગ.

પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત.

શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
જૈસે[1] સમુદ્ર જહાજ વિણ, સૂઝત ઔર ન ઠોર.

ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્‌ગુરુ બિના, કવણ ઉતારે પાર.

શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ, આપની સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન પાલન સ્પર્શન કરવાની આજ્ઞા છે. વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજ્ઝાય ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચખાણાદિ કરવા, કરાવવાની, સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચે ચિત શુધ મુખ પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દીસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.

અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય.

**ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

(બૃહદ્ આલોચના સમાપ્ત)

---

૧. સમુદ્રમાં વહાણના પક્ષીને બીજે ઊડીને જવાનું સ્થળ નથી તેમ.

## શ્રીમદ્ સદ્‌ગુરુ જન્મોત્સવ પદો

**૧**

(રાગ પીલુ બરવો)

(આજ શહેરમાં હર્ષ વધાઈ, સમવસરણકી રચના બનાઈ-એ દેશી)

દેવ દિવાળી દિન મંગલકારી, (આનંદકારી)
પરમ પુરુષ પ્રગટે અવતારી;
(સત્ય પુરુષ પ્રગટે સંસ્કારી), દેવ૦

ઓગણીસેં ચોવીસ રવિવારી,
બંદર વવાણિયા સોરઠ મઝારી;
રવજી મહેતા કુલ કીરતિધારી,
**દેવા દેવ** જાયો જયકારી. દેવ૦ ૧

જન્મમહોત્સવ-વિધિ કરી સારી,
હર્ષિત ભયે સજ્જનજન ભારી;
**શ્રીમદ્ રાજચંદ્ર** નામ ઉચ્ચારી,
મંગલ ગાવત નિજકુળ નારી. દેવ૦ ૨

બાલખ્યાલ પિન જનમનહારી,
સરવ સુરીતિ અલૌકિક ધારી;
મહા લઘુવયમાં તત્ત્વ વિચારી,
મતિ સ્મૃતિ અતિ અચરિજકારી. દેવ૦ ૩

મુખમુદ્રા શુભ શાંતિકારી,
વચન સુધારસઘનકી ધારી;



સમઝાવણકી શૈલી ન્યારી;
સમઝે સહજે ભવ્ય સંસ્કારી. દેવ૦ ૪

બાહ્યાચરણ ઉદય અનુસારી,
પિણ અંતરગત ગગનવિહારી;
શ્રી ગુરુરાજ **રત્ન**ત્રયધારી,
જિનકે પદકજ ઢોક હમારી. દેવ૦ ૫

---

**૨**

(અડિયલ છંદ)

જન્મ્યા શ્રી ગુરુરાજ જગત હિત કારણે,
કરવા અમ ઉદ્ધાર વારી જાઉં વારણે;
શોભન સોરઠ દેશ મૂળ મન ભાવતો,
હાલ કાળમાં કાઠિયાવાડ નામે છતો. ૧

તેમાં બંદર વવાણિયા **મોરબી** નૃપતણો,
વસે વર્ણ શુભ ચ્યાર પ્યાર પરસ્પર ઘણો;
દશા શ્રીમાળી વણિક વંશમાં ઓપતા,
**રવજી મહેતા** તાત સકળમાં શોભતા. ૨

માત દેવાનંદા નામ કે સત્યવતી સતી,
ઉભય ધર્મ વિશુદ્ધ કે સોહે દંપતી;
તસ ગૃહગગનમેં અભિનવ ઉદયો દિનકરુ,
કુળદીપક કુળચંદ્ર સત્ય સુત સુરતરુ. ૩

વિક્રમ સંવત વેદ[૪] યુગ્મ[૨] નિધિ[૯] બ્રહ્મ[૧] પરે,
દેવદિવાળી આદિતવાર શુભ અવસરે;

પ્રગટ્યા પુત્રરત્ન ભાગ્યમાં નહિ મણા,
સધવ કુલાંગના ગાવે હર્ષ-વધામણાં. ૪

જન્મ મહોત્સવ અરુ સંસ્કાર સવે કરે,
નીરખી નયનાનંદ નંદ આનંદ ધરે;
**શ્રીમદ્ રાજચન્દ્ર** નામ ઠવે મનહારણો,
શુક્લ પક્ષ-શશી જેમ વધે સુખકારણો. ૫

ક્ષેત્રાપેક્ષાએ દધિઉપકંઠે અવતર્યા,
તિમહિ જ ભાવાપેક્ષાએ ભવદધિ નિસ્તર્યા;
લીલા લલિત સુલક્ષણ લક્ષિત લાલજી,
મતિ વિલક્ષણ સુસ્મૃતિ પરમ વિશાળજી. ૬

માત તાત કુલ જાત જ્ઞાતિ સવિ સાથના,
પૂરે પૂરવ પુન્ય મનોરથ મનતણા;
લઘુવયે સહજે તત્ત્વ પ્રેમ ઊલટ્યો ઘણો,
કહો શીખવે કોણ ? હંસસુત ચાલણો ! ૭

કોકિલ સ્વર, નૃત્ય મોર, દશા એ સંસ્કારની,
તિમ પરમારથ પ્રીતિ રીતિ અભિનવ બની;
કાવ્યકુશળતામાં પણ પરમારથ મુખે,
શુભ તરતમ સંસ્કાર તેહ કહો કિમ લુકે. ૮

કિશોરવયે અવધાન પ્રયોગ શરૂ કર્યા,
આઠ બાર અરુ યાવત શત કરી પરિહર્યા;
મૂલ માર્ગ મહાવીર-તણો ઉદ્ધારવા,
છોડ્યો લોકપ્રસંગ સત્ય અવધારવા. ૯

પરિગ્રહ અરુ પરમાર્થ ઉભય હોડે વધે,
પણ અંતરગત સ્વરૂપાચરણ સાધન સધે;



શરણાગત સાધાર કૃપાળુ દેવજી;
કંઈએક યોગ્ય જીવાત્માની ટાળી કુટેવજી. ૧૦

આગ્રહ અભિનિવેશ કંઈકના ટાળિયા,
જાતા અનુશ્રોતપૂર કંઈકને વાળિયા;
પ્રતિશ્રોત મોક્ષમાર્ગ પ્રકાશે સાદરે,
નિકટ ભવ્ય આત્માર્થે આદરે આદરે. ૧૧

શ્રી સહજાત્મસ્વરૂપ સહજ કરુણા કરી,
શાસનપુનરુદ્ધારકરણ મનસા ધરી;
**ભાવનાબોધ** સુબોધ **મોક્ષમાળા** સચી,
કરવા આત્મત્વસિદ્ધિ **આત્મસિદ્ધિ** રચી. ૧૨

કર્યા **સોભાગ્ય** સુભાગ્ય **અચળ**ને ચળાવિયા,
**જૂઠા**ને કરી સત્ય સત્યપંથ લાવિયા;
અદૃષ્ટ કલ્યાણી અનેક નેકમાં ઉદ્ધર્યા,
**પ્રતિમાપૂજકને** પણ **પ્રભુપૂજક** કર્યા. ૧૩

મુદ્રા શાંતિસ્વરૂપ વચન અવિરુદ્ધતા,
અતિ જાગૃત ઉપયોગ હૃદયમાં શુદ્ધતા;
હૃદય નેત્ર વાણી અને હાજરી આખરે,
અસાધારણ આકર્ષણ શક્તિ ધરે. ૧૪

હાથે હાથ ગ્રહી નાથ લિયો મમ ઉદ્ધરી,
બોધિ સમાધિ પ્રદાન કર્યો કરુણા કરી;
**શ્રીમદ્ શ્રીગુરુ રાજદેવ નિષ્કામી છે,**
**શ્રી શુદ્ધચૈતન્ય સ્વામી રત્નત્રય સ્વામી છે.** ૧૫

---

## ૩

(રાગ માઢ)

સદ્‌ગુરુ સુખકારી જ્ઞાનાવતારી **રત્નત્રય**દાતાર,
જુઓ દૃષ્ટિ સુધારી, ગગનવિહારી, જ્ઞાનાવતારી, રત્નત્રયદાતાર.

સાખી

શોભન સોરઠ દેશ વિષે રે, સાગર કેરે તીર;
બંદર વવાણિયામાંહે પ્રગટ્યા, વર્તમાન મહાવીર.
અતિ અતિશયધારી, શુભ સંસ્કારી, જ્ઞાનાવતારી. રત્ન૦ ૧

સાખી

શ્રીમાન્ રવજી મહેતાના આત્મજ, શ્રી દેવાઅંગજાત;
ઝબકદેવીના પ્રાણપતિ પ્રભુ, શ્રી મનસુખના ભ્રાત.
મુદ્રા અવિકારી, સુંદરાકારી, જ્ઞાનાવતારી. રત્ન૦ ૨

સાખી

અતિ લઘુવયમાં અનઆયાસે, આવ્યો અપૂર્વ ઉલ્લાસ;
કવિત્વ શતાવધાનાદિ શક્તિ, પામી અધિક પ્રકાશ.
અતિ દીર્ઘ વિચારી, સહજ સ્થિતિધારી, જ્ઞાનાવતારી. રત્ન૦ ૩

સાખી

મૂળમાર્ગ શ્રી મહાવીર દેવનો, કરવા તસ્યોદ્ધાર;
નયનિક્ષેપ પ્રમાણાબાધિત, ગૂંથ્યા ગ્રંથ ઉદાર.
વાણી અમૃતધારી, દોષાપહારી, જ્ઞાનાવતારી. રત્ન૦ ૪

સાખી

શ્રી લઘુરાજતણા ગુરુ **રાજ**જી, સાર્યાં સર્વે કાજ;
રત્નચિંતામણિ સરખા સદ્‌ગુરુ, તારણતરણ જિહાજ.
લીજે અમને તારી, અહો ઉપકારી, જ્ઞાનાવતારી. રત્ન૦ ૫

---



## ૪

(વ્હાલા વેગે આવો રે-એ રાગ)

સત્ય ધર્મ ઉદ્ધરવા રે, અમને સુખિયા કરવા રે;
સદ્‌ગુરુ-સૂરજ ઊગિયા હોજી.
ઉદયા ઉદયા ઉરઉદયાચલશૃંગ, સત્ય ધર્મ ઉ૦

સાખી

વીરતણા નિર્વાણથી, પ્રસર્યો ભસ્મ પ્રચંડ;
વીરદેવનો નામ દઈ, પ્રસરાવ્યા પાખંડ.
સૌ પાખંડને ખંડવા, સદ્‌ગુરુ જ્ઞાન અખંડ;
ચંડ પ્રચંડ તમ હરવા રે. સત્ય ધર્મ ઉ૦ ૧

સાખી

મૂળ માર્ગ મહાવીરનો, સત્ય સનાતન સાર;
તેહ પ્રગટાવા કારણે, સદ્‌ગુરુ જ્ઞાનાવતાર.
લોકોત્તર મારગ વિષે, જેહને અવિચળ પ્યાર;
ધાર સુધાની ઝરવા રે. સત્ય ધર્મ ઉ૦ ૨

સાખી

પૂર્વ વિરાધક જીવડા, અસદ્‌ગુરુ આધીન;
સદ્‌ગુરુ-શિક્ષા તેહને, લાગે અર્વાચીન.
હીનપુન્ની નહિ ગ્રહી શકે, સદ્‌ગુરુબોધ પ્રાચીન;
દીન પ્રવીનને ઠરવા રે. સત્ય ધર્મ ઉ૦ ૩

સાખી

પૂર્વકાલ સંસ્કારથી, પરમારથની પ્રીત;
પરમાર્થે પ્રસ્તાવ લહી, પ્રગટી પરમ પુનિત.
રીત લૌકિકની પરિહરી, ગ્રહી અલૌકિક રીત;
હિત પ્રીત પરવરવા રે. સત્ય ધર્મ ઉ૦ ૪

સાખી

જગની ભીતિ જીતીને ભયા અભય નિજ જ્ઞાન;
ઉપદેશાચર્ણ સુગુરુના તેનો કરે કલ્યાન.
હાનિ વૃદ્ધિ નહિ તેહને, સર્વે થયું સમાન;
**રત્નત્રય** અનુસરવા રે. સત્ય ધર્મ ઉ૦ ૫

---

## ૫

(મારે દિવાળી થઈ આજ—એ રાગ)

આજ દેવદિવાળીનો દા'ડો રે, ગુરુ ગુણ ગાવાને;
સદા સમરો સદ્‌ગુરુ દેવ, પાવન થાવાને.

આત્મહિતના સર્વ સાહિત્યમાં પહેલું ને વળી સહેલું રે;
શ્રીમદ્ સદ્‌ગુરુ સેવા-સાધન, અમર ફળનો વેલુ રે.ગુરુ૦ ૧

શેષ મહેશ શારદા આદિ, કરે ગુરુગુણના ગાન રે;
ગુરુગુણ ગાનના અનુસંધાને,પ્રગટે નિજ પદ ભાન રે.ગુરુ૦ ૨

નિત્ય નિમિત્ત અવતાર ભેદથી, ગુરુદેવ દર્શાય રે;
પૂર્વોપાધિ બાદ કરંતાં, શેષ રહે સદ્‌ગુરુ રાય રે.ગુરુ૦ ૩

સદ્‌ગુરુ દેવ છે એક સ્વરૂપે, ભેદ બુદ્ધિ દ્યો નાખી રે,
સદ્‌ગુરુ એક ને સેવ અનેક છે, એ હારદ ઉર રાખી રે.ગુરુ૦ ૪

સદ્‌ગુરુપદ-સામર્થ્ય સર્વથા, સર્વજ્ઞે પણ ન કહાય રે;
જે સદ્‌ગુરુની સાનમાં સમજે, તે ત્યાં સમજી સમાય રે.ગુરુ૦ ૫

ગુરુપદ સ્પર્શત ગુરુતા પ્રગટે, અનુભવ કરીને દેખો રે;
ગુરુભક્તિમાં ભાવ ધરીને, સરખા સહુને લેખો રે.ગુરુ૦ ૬



નરતન ! ભાર્તભૂમિ આર્યકુળ, દીર્ઘાયુષ સુખકારી રે,
પૂરણ ઇન્દ્રી શ્રવણ શ્રદ્ધાદિક, મળી સામગ્રી સારી રે.ગુરુ૦ ૭

આવો યોગ લહી યોગ્ય જીવાત્મા,ગુરુશિક્ષાની દીક્ષા રે,
ધારો ધૃતિ ધારી એક ધારા, જો હોય નિજપદ ઈક્ષા રે.ગુરુ૦ ૮

શ્રીમદ્ સદ્‌ગુરુ **રત્નત્રય**યુત, વળી તસ કૃપાપાત્ર રે,
તે સર્વે સમદર્શી સંતનો, હું છું અબોલો છાત્ર રે.ગુરુ૦ ૯

---

## ૬

સૌરાષ્ટ્ર સુંદર દેશમાં બંદર વવાણિયા છે ભલો,
ત્યાં પરમ પુરુષ નિધાન પ્રગટ્યો માનસર જ્યમ હંસલો;
તસ રત્નકુક્ષિ દેવમાતા દેવસુત પ્રસવ્યો ખરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૧

જસ જનક રવજીભાઈ કુળનભ દિવ્યમણિરૂપ ધારતા,
મિથ્યાંધકાર મટાડવા શુભજ્ઞાન કિર્ણ પ્રસારતા;
વળી ભવિકજન પ્રતિબોધવા અવતાર અવનીમાં ધર્યો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૨

તસ જન્મ [૧]ચંદ્ર [૯]ભક્તિ [૨]યુગ્મ [૪]વેદે કાર્તિકી પૂનમે,
જન્મ્યા જગતમાં દેવ તેથી દેવદિવાળી ગમે;
તે બાહ્યથી ગૃહવાસમાં પણ અંતરંગે મુનિવરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૩

સ્યાદ્વાદ શૈલી સકળ જાણી ઓળખાવે ઓરને,
નિજધર્મથી નવિ સમય ચૂકે કાઢી મૂકે ચોરને;
વળી સ્વપરનું જે સ્વરૂપ જાણે જ્ઞાનનો સાગર ભર્યો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૪

નહિ રાગ ને વળી દ્વેષનો લવલેશ આત્મપ્રદેશમાં,
પરમાત્મ સમજો ધર્મમૂર્તિ દેહધારી વેશમાં;
કળિકાળમાં ભવરોગ હરવા વૈદ્ય માનું આ ખરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૫

હે પતિતપાવન ! પતિત તું આ દાસને ઉદ્ધારજે,
કુમતાંધ નિવારી ભવોભવ ઉદધિ પાર ઉતારજે;
તુજ કરકમળથી જયપતાકા જૈનની જગ વિસ્તરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૬

ઉપશમ રંગ તરંગ ભરિયો જ્ઞાન દરિયો ગુરુ મળ્યો,
પણ અશુભયોગે કર્મરોગે શુદ્ધ હીરો નવ કળ્યો;
ખીર નીરની પરે ભિન્ન કીધો રાગદ્વેષ કર્યો પરો,
ચિરંકાળ જીવો જ્ઞાનદીવો રાજચંદ્ર મયા કરો. ૭

---

## ૭

આજ છે આજ છે આજ છે રે,
ગુરુરાજની જયંતી આજ છે.
મોરબી રાજ્યમાં બંદર વવાણિયા,
દશા શ્રીમાલી નાત છે રે. ગુરુ૦
સકળ વણિકોમાં રવજી મહેતાનું,
શુભ નામ પ્રખ્યાત છે રે. ગુરુ૦
તેમને ત્યાં જન્મ લીધો પ્રભુએ,
દેવદિવાળી રવિવાર છે રે. ગુરુ૦
રાજચંદ્ર શુભ નામ પાડ્યું ત્યાં,
દેવાનંદા માત છે રે. ગુરુ૦



નાની ઉંમરમાં શતાવધાની,
સ્મરણશક્તિ વિશાળ છે રે. ગુરુ૦
ઉંમર વરસ વીસ થાતામાં,
અવધાન પ્રયોગ ત્યાજ છે રે. ગુરુ૦
ઓચિંતો તત્ત્વ-પ્રેમ ઊલસ્યો અનેરો,
વાણી ઘણી રસાલ છે રે. ગુરુ૦
દર્શન તોળ્યાં મધ્યસ્થતાએ,
વીર શાસન જેમાં પ્રમાણ છે રે. ગુરુ૦
જૈનોમાં શું પણ આખા ભારતમાં,
તત્ત્વજ્ઞાની લેખાય છે રે. ગુરુ૦
ઉદ્ધાર કરવા વીતરાગ શાસન,
જેને અંતરમાં ઊંડી દાઝ છે રે. ગુરુ૦
ઉપદેશરૂપી વરસાદ વરસ્યો,
વાણી અમૃતરસ ધાર છે રે. ગુરુ૦
મોક્ષમાળા ને આતમસિદ્ધિ,
રચી જગત હિત કાજ છે રે. ગુરુ૦
મારગ બોધ્યો સરળતાથી,
જેમાં દર્શન ષટે સમાય છે રે. ગુરુ૦
જેના પ્રતાપે અનેક જનોને,
લાભ અલૌકિક થાય છે રે. ગુરુ૦
શાસન ત્રિકાળ જયવંત વર્તો,
એ તો અનાથોનો નાથ છે રે. ગુરુ૦

---

## ૮

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે—એ રાગ)

જિન શાસનના જ્યોતિર્ધર સોહામણા,
નેહે નમતો તુજ ચરણે આ દેહ જો;
આત્મ-પ્રભાકર પ્રગટ્યો અંતર ઊજળો,
ધન્ય ઘડી ને ધન્ય દિવસ એહ જો. જિન૦૧

દઈએ દિવ્યાત્માને દૈવી પુષ્પાંજલિ,
ઊભરાયે જ્યાં જ્ઞાન તણા અંબાર જો;
ગગને શીતલ શોભે રજનીકાન્ત જે,
ઝરતાં રસ અમૃત બિન્દુડાં સાર જો. જિન૦૨

બાલપણે પણ ઉચ્ચ વિચારો ચિંતવ્યા,
જન્મ-જીવન-મૃત્યુના ઊંડા મર્મ જો;
વીત્યું જીવન ગૃહસ્થાશ્રમને આંગણે,
વ્યાપારે પણ નીતિ ન્યાય ને ધર્મ જો. જિન૦૩

'પરમ ધરમ અહિંસા' સહુ વદતા ફરે,
(પણ) મોહ-મમત્વે વાડાના વિસ્તાર જો;
ખંડન મંડન ટાળી ધર્મની એકતા,
સમજાવી ભવ્યોને કરી પડકાર જો. જિન૦૪

રાગદ્વેષ જ્યાં પૂર્ણપણે ક્ષય પામતા,
કેવળ જ્ઞાન થશે એવો નિરધાર જો;
સત્ય સનાતન દર્શન એ વીતરાગનું,
શિવપદ પ્રાપ્તિનો છે એહ આધાર જો. જિન૦૫

અખંડ જાગૃતિ શ્રદ્ધા શુદ્ધોપયોગથી,
આત્મ-ઉઘાડે ઊઘડે મુક્તિ દ્વાર જો;



શ્રીમદ્ સદ્ગુરુના આત્માર્થી વચનો લહી,
નિઃશંક થઈને સાધક પામે સાર જો. જિન૦૬

દૃષ્ટિરાગ ટળે આવે મધ્યસ્થતા,
ટળે કદાગ્રહ આવે વિશાળ ભાવ જો;
દર્શનની નિર્મળતા પ્રગટે આત્મમાં,
રાજબોધના લેજો રૂડા લા'વ જો. જિન૦૭

## ૯

આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને;
તૈયાર ભવિક જન થાવ, શિવસુખ વરવાને.

મુક્તિપુરીના સર્વ પ્રવાસી, આનંદ ઉર ઊભરાય રે;
ભવદરિયો બહુ દુઃખથી ભરિયો, તારક સદ્ગુરુ રાય.
શિવ૦ ૧

દેવદિવાળી દિન જયકારી, ભવિજન આનંદકારી રે;
પૂર્ણચંદ્ર સમ **રાજચંદ્ર** પ્રભુ, પ્રગટ્યા સવિ સુખકારી.
શિવ૦ ૨

સત્ય સનાતન માર્ગ મોક્ષનો, કરવા જગ ઉદ્ધાર રે;
તત્ત્વજ્ઞાની જન્મ્યા કળિકાળે, શાસનના શણગાર.
શિવ૦ ૩

શ્રુતસાગરના મર્મ પ્રકાશ્યા, ગચ્છમત તિમિર વિદારી રે;
વાણી શાંત સુધારસ ઝરતી, સૌ જનને હિતકારી.
શિવ૦ ૪

આત્મશક્તિ ઉજ્જ્વળ તુજ ભાળી, મંદમતિ મદ જાય રે;
આત્મશ્રેય સાધક સુવિચક્ષણ, સેવે શરણ સદાય.
શિવ૦ ૫

અંતરદૃષ્ટિથી રાજ નિહાળો, બાહ્યદૃષ્ટિ દુઃખદાય રે;
સ્વરૂપાચરણ, રમણ નિજપદમાં, જગ જયવંત ગણાય.
શિવ૦ ૬

યુગપ્રધાન સમતારસ સાગર, સહજ સ્વરૂપસ્થિતિ ધારી રે;
જહાજ બની પ્રભુ પંચમ કાળે, તાર્યા બહુ નર નારી.
શિવ૦ ૭

ચતુર્થકાળમાં પણ દુર્લભ જે, તેવો જોગ જણાય રે;
ભાગ્યવંતથી પ્રતીત કરીને, આશ્રય ગ્રહી તરાય.
શિવ૦ ૮

મુદ્રા શાંત સદા અવિકારી, સ્મરણ સહજ સુખધામ રે;
વાણી મૃત સંજીવન કરતી, ભવિજન મન વિશ્રામ.
શિવ૦ ૯

પરમકૃપાળુ દશા તમારી, પામરથી શું કળાય રે !
આત્માકાર અવસ્થા સ્વામી, મહાભાગ્યે પરખાય.
શિવ૦ ૧૦

સમીપ મુક્તિગામી જે પામ્યા, તુજ પદમાં વિશ્રામ રે;
શ્રદ્ધા ભક્તિ સહિત તુજ આશ્રય, નિશ્ચય ગુણ આરામ.
શિવ૦ ૧૧

તુજ આજ્ઞા આરાધન કરતાં, લહીશું નિજપદ રાજ રે;
રાજ વચન જીવન આધારો, શુદ્ધિ સિદ્ધિ સુખસાજ.
શિવ૦ ૧૨

---



# શ્રીમદ્ સદ્ગુરુ વિરહ પદો

## ૧

(કિન વન ઢુંઢુંરી માઈ—એ રાગ)

કહો કહાં ઢુંઢુંજી સ્વામી.
સ્વામીજી મેરા શ્રી સહજાત્મ સ્વરૂપ,
કિસ વિધ પાઊંજી સ્વામી ?
સ્વામીજી મેરા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ,
કિસ વિધ પાઊંજી સ્વામી ?

મોહમયી સંસાર શહરમેં,
ગયા સહજાત્મ દુરાઈ;
સહજાતમ અસહજ ભએ ઐસી,
કુબુદ્ધિ કહાંસેં આઈ ? કહો૦ ૧

એક સહજાત્મસ્વરૂપ બિના સબ,
ભાસે જગત દુઃખદાઈ;
શ્રી સહજાત્મસ્વરૂપ સ્વામી બિન,
કહાં પુકારો જાઈ ? કહો૦ ૨

સહજાતમતા સહજે હી પ્રગટે,
ક્યોં મરો ધાઈ ધાઈ;
કોડી ઉપાય કરે ક્યોં કૂડા,
સમઝકે રહો સમાઈ. કહો૦ ૩

શ્રી સહજાત્મ સ્વરૂપી સ્વામી,
હૈ તુઝકા તુઝમાંહી;

ખોજ પકરી વિશ્વાસ ધરો દૃઢ,
આઈ મિલેગા સાંઈ ! કહો૦ ૪

જ્ઞાનનૈન ગુરુગમ વિન ન મિલે,
સહજાતમ સુખદાઈ;
**રત્નરાજ** ગુરુદેવ પ્રસાદે,
સહજાતમતા પાઈ. કહો૦ ૫

---

## ૨

(શ્રી વીરપ્રભુ સિદ્ધ થયા—એ દેશી)

શ્રી સહજાત્મ સ્વરૂપજી રે, શ્રી શુદ્ધ ચૈતન્યજ્યોતિ;
જોગ બળે કરી જગતમાં રે, કરતા ધર્મ ઉદ્યોત રે-
સદ્ગુરુ સાંભળો, સેવકની અરદાસ રે,
દરશ દેખાડિયે, જિમ મન લહે વિશ્વાસ રે.સ૦ ૧

આર્ય દેશ કુળ ઊપના રે, જીવ જે ભવ્ય સ્વભાવ;
સુલભબોધી કર દિયા રે, ધન્ય તુમ વચન પ્રભાવ રે.સ૦ ૨

પરદેશોથી આવતા રે, પ્રશ્ન અનેક પ્રકાર;
ઉત્તર દેતા ઉલ્લસી રે, સ્વાનુભવ આધાર રે.સ૦ ૩

વાણી સુધા વરસાવતા રે, હેતુ અનેક સમાય;
તે વચનોના [1]સાંબળાજી, સબ મુમુક્ષુસમુદાય રે.સ૦ ૪

સૂરત તો દીસે નહીં રે, પલ પલ આવે યાદ;
પરિચયી ને અપરિચયી રે, અધિક કરે વિષવાદ રે.સ૦ ૫

ભરતક્ષેત્રમાંહી પડ્યો રે, વીર પ્રભુનો વિયોગ;
તેમજ આ કળિકાળમાં રે, બનિયો સહી સંયોગ રે.સ૦ ૬

---

૧. ઉમેદવારી



સબ સમુદાયને આપનો રે, મોટો થયો આધાર;
ગમ્યક્ષેત્રમાં કોયે નહીં રે, તુમ સમ જ્ઞાનદાતાર રે.સ૦ ૭

સૂત્ર-રહસ્ય તુમ સારખી રે, કોઈ ન ખોલનહાર;
વાદીકે સારે નહીં રે, પૂછે સો હી તૈયાર રે.સ૦ ૮

મનના સંશય પૂછવા રે, આવતા સંત અનેક;
રાજી થઈ બતલાવતા રે, વારુ અધિક વિવેક રે.સ૦ ૯

વાતો તો સત્પુરુષની રે, લખી હૈયાની માંય;
યાદ ઘણાને આવશે રે, ભૂલી તે નવ જાય રે.સ૦૧૦

**રત્ન**તુલ્ય ગુરુદેવનો રે, વિરહ સહ્યો નવ જાય;
પણ બાંધી પૂરવ ભવે રે, ઉદય થઈ અંતરાય રે.સ૦૧૧

---

## ૩

(રાગ ધોળ)

સુગુરુ નિત્ય સાંભરે; વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ;
અનામ અરૂપ રત્નત્રય-ભૂપ, સુગુરુ નિત્ય સાંભરે.

પંચમ આરે અવતર્યા રે, સદ્ગુરુ સત્ અવતાર;
મૂળમારગ પ્રગટ કર્યો, સ્વામી ખોલ્યાં છે મોક્ષનાં દ્વાર. સુ૦૧

શ્રી ગુરુ **રાજચંદ્ર** સારીખા રે, વાણી અમૃતધાર;
મૃતથી સંજીવન કર્યાં, સ્વામી આત્મરત્નદાતાર. સુ૦૨

સદ્ગુરુ સવિતા સારીખા રે, કથની કિરણ વિચાર;
આ જડ જગની ભૂમિથી, સ્વામી ખેંચી લીધો નિજ સાર. સુ૦૩

આ ભવ અટવીને વિષે રે, સદ્ગુરુ સાર્થવાહ;
નિર્ભય નિજપુર દેશમાં, સ્વામી પહોંચાડે ગ્રહી બાંહ્ય. સુ૦૪

દુઃખ દરિયો ઓળંગવા રે, સદ્‌ગુરુ ઝાઝ સમાન;
બેસી જાઓ શિવદ્વીપમાં, ભવ્ય બાલક વૃદ્ધ યુવાન.સુ૦ ૫

કર ગ્રહીને સંબોધીઓ રે, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી;
સ્વરૂપાચરણ સમજાવીને, સ્વામી મેટી છે સઘળી ખામી.સુ૦ ૬

નિષ્કારણ કરુણા ધણી રે, કર્યો અનંત ઉપકાર;
તાર્યા બહુ ભવ્ય જીવને, સ્વામી અંતર વ્રત ધરનાર.સુ૦ ૭

દરશે અંતરદર્શીને રે, શ્રી સદ્‌ગુરુપદમૂળ;
દરશે બાહિરદર્શીને રે, સત્યપુરુષનું ઉદયિક સ્થૂળ.સુ૦ ૮

ભાળ્યા વગરનું ભાવ તે રે, સાધારણ કહેવાય;
પણ સાક્ષાત્ પ્રત્યક્ષથી રે, પરોક્ષ તે પ્રત્યક્ષ થાય.સુ૦ ૯

સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરુ રે, શ્રી ગુરુદેવ સહાય;
ઓળખિયા ગુરુરાયને, મારી ટળી છે અલાય બલાય.સુ૦૧૦

મહિમા સદ્‌ગુરુપદ તણી રે, વચને કેમ કહેવાય;
**રત્નરાજ** ગુરુદેવના, રહ્યા ચરણ શરણમાં સમાય.સુ૦૧૧

---

## ૪

(રાગ પીલૂ બરવો)

દર્શન દ્યો ગુરુરાજ વિદેહી,
તુમ બિન દુઃખ પાવત મુજ દેહી.
શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ભાવે. દ૦ ૧

શ્રીમદ્ સદ્‌ગુરુ અગમ અપારા,
કેહી કારણ કહો મોય બિસારા ? દ૦ ૨



ગૃહ જગજાલ ન પલક સોહાવે,
ભોર ભયો મોંસે રહ્યા ન જાવે. દ૦ ૩

નેક ન રહી શકું નિરધારા,
હરદમ પંથ નિહારું તિહારા. દ૦ ૪

અન્ન નહીં ભાવે નીંદ ન આવે,
બેર બેર મોય બિરહ સતાવે. દ૦ ૫

જૈસે મીન મરે બિન વારી,
તૈસે તુમ બિન દશા હમારી. દ૦ ૬

જૈસે મણિ બિન ફણિ વિકરાળા,
તૈસે તુમ બિન હાલ હમારા. દ૦ ૭

જૈસે માત બિન બાલ બિચારા,
તૈસે તુમ બિન હમ ઓસિયારા. દ૦ ૮

**રત્નત્રયી**મેં તુમ એક અપ્પા,
મેટી ત્રિપુટી અબ તો ન તપ્પા. દ૦ ૯

---

## ૫

(બલિહારી રસિયા ગિરધારી—એ રાગ)

અધ્યાતમ રસિયા ઉપકારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને
સત્ લોકના વાસી આવું ન કરિયેજી, (આવા ન બનિયેજી).

વાણી સ્વરૂપી વ્હાલા વાંસલડી વાહીને (વગાડીને ) રે !
અમને કર્યા અનુસારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને સ૦૧

આ જગજાળ વ્હાલા ખાવાને ધાય છે રે,
તેમાં મતજાળ મુઝાવે ભારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને સ૦૨

મુમુક્ષુમંડળની શોભા તમ વિના અમને તો,
નવ લાગે વ્હાલા હવે સારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને સ૦૩

મારગ તોળ્યો વ્હાલા અકલ તરાજુએ રે,
અમ પર ઢોળ્યો ગુણધારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને સ૦૪

**રત્ન** ચિંતામણિ સાદૃશ્ય સદ્ગુરુ,
હવે સુધ લેજો પ્રભુ મ્હારી, શ્રીમદ્ સ્વામ હો ત્યજી અમને
સત્સ્વરૂપ વિલાસી આવું ન કરિયેજી (આવા ન બનિયેજી) ૫

---

## ૬

(દાસ પર દયા લાવો રે—એ રાગ)

આપ વિના અકળાવે રે શ્રીમદ્ સદ્ગુરુજી,તુમ વિન મન અકુલાવે;
શ્રી રાજ રાજેશ્વર તુમ વિન મન અકુલાવે.

કોણ ધર્મનો મર્મ બતાવે, સત્સ્વરૂપ કોણ સમજાવે;
કોણ આતમ ઓળખાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી આપ વિના૦ ૧

આવાગમનનો કારણ શું છે ? તેમ જ તેનો વારણ શું છે ?
તારણ થઈ કોણ બતાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી આપ વિના૦ ૨

જન્મ જરા ને મૃત્યુ હરવા, શ્રી સહજાત્મ સ્વરૂપે ઠરવા;
કોણ સહાયક થાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી આપ વિના૦ ૩

તુમ વિન આત્મભ્રાંતિ કોણ ભાગે, શુદ્ધ જ્યોતિ બાહ્યાંતર જાગે;
કોણ જ્ઞાનદીપ પ્રગટાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી આપ વિના૦ ૪

ઉર ધરવી સદ્ગુરુની શિક્ષા, એ જ આત્મને ઉત્તમ દીક્ષા;
ભિક્ષા **રત્નત્રય** પાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી આપ વિના૦ ૫

---



## ૭

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?—એ રાગ)

સાધુચરિત ગુરુ સ્મરણ તમારાં શાં કરું ?
રાજ રાજેશ્વર સ્મરણ તમારાં શાં કરું ?
વિસ્મરણનો ક્ષણ એક નથી અવકાશ જો;
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જ્વલ પુણ્ય પ્રકાશ જો. સાધુ૦

પુનિત પરુણા થઈ ઊતર્યા અમ આંગણે,
અલ્પ સમય કીધો મનુકુળમાં વાસ જો;
ગુપ્ત ઝરણ દૈવી રસનાં વહેતાં કરી,
ત્વરિત વળ્યા કરી પૂરણ આપ પ્રવાસ જો. સાધુ૦

શુષ્ક જીવન અમ રસનિર્ભર સ્નેહે કરી,
સ્હેજે શીખવ્યો આત્મજીવનનો યોગ જો;
જે સુખનાં સ્વપ્નાં સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો. સાધુ૦

મેઘ રૂડા આણ્યા અમ ઉર મરુક્ષેત્રમાં,
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો;
નવ પલ્લવતા અર્પી જીવન બાગમાં,
કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો. સાધુ૦

ખ્યાલ કરું શું અદ્ભુત જીવન પ્રકાશનો,
પ્રતિક્ષણ જેમાં વૃદ્ધિ અનંત સુહાય જો;
જ્ઞાનીના હારદને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યું મુજ પામરથી ક્યમ જાય જો. સાધુ૦

આ આંખે રસભીના તમને ભાળિયા,
અનુભવ નંદનવનના વિરલ વિહારી જો;
બાકી હૃદયવિહીન જ્યાં ત્યાં નજરે ચડે,
શુષ્કજીવન સરિતાપુરમાં સંસારી જો. સાધુ૦

કથ્યું ન જાયે યદ્યપિ અહઃનિશ આપનું,
વિલસે અંતર ચાહ ચિત્ર વિચિત્ર જો;
શેષ જીવન સંભારી સુખમાં ગાળશું,
સમીપ સમયના અનુભવ પરમ પવિત્ર જો. સાધુ૦

---

## ૮

(ભુજંગી છંદ)

ગુરુ**રાજ** આનંદ ધામે પધાર્યા,
ભવિ સર્વ હૈયા તણી હામ હાર્યા;
પ્રભુ એક આધાર તું પ્રાણ પ્યારો,
સહું કેમ વિર્હો ? થયો કાં તું ન્યારો ? ૧

મહા મોહરાજા તણું રાજ્ય વર્તે,
અવિદ્યા[૧] કળિકાળ રાત્રિ પ્રવર્તે;
વળી આગ્રહી ગચ્છનિદ્રા વિષે જ્યાં,
પ્રભુ, ધર્મ નિર્ગ્રંથ સુષુપ્ત[૨] છે ત્યાં. ૨

અહા ! દિવ્ય જ્યોતિ, પ્રભુ જ્ઞાનમૂર્તિ,
નિવારી ઘણા ભવ્યની તેં [૩]સુષુપ્તિ;
હણી મોહ મિથ્યા [૪]તમિસ્રાન્તકારી,
સહું કેમ વિર્હો ? રવિ[૫] તું પ્રતાપી. ૩

૧. અજ્ઞાન. ૨. સૂતેલો. ૩. સુષુપ્તિ=નિદ્રા. ૪. તમિસ્રા=અંધારી રાત્રી, મિથ્યાત્વરૂપી રાત્રીના અંધકારનો નાશ કરનાર. ૫. સૂર્ય.



પ્રભુ, જ્યાં બળે લોક ત્રિવિધ તાપે,
વળી જન્મ મૃત્યુ જરા ત્રાસ વ્યાપે;
તહીં કલ્પવેલી તણી છાંય અર્પી,
પ્રભુ, તું વિના કોણ શાંતિ સમર્પે ? ૪

મતિ ને ગતિ વૃત્તિ વિશ્રામ વ્હાલા,
ભવાબ્ધિ થકી નાથ છો તારનારા;
વિના આપ હે સ્વામી ! સંસાર ખારો,
સહું કેમ વિર્હો ? થયો કાં તું ન્યારો ? ૫

પ્રભુ તું વિના મોક્ષનો માર્ગ અર્પી,
ભવારણ્યથી ઉદ્ધરે કો પ્રતાપી ?
દઈ દિવ્ય નેત્રો નિજાનંદદર્શી,
હરે કોણ અંધત્વ મિથ્યાત્વરૂપી ? ૬

દશા મીન[૧] કેરી વિના વારિ[૨] જેવી,
નિરાધાર, માતા વિના બાળ, જેવી;
પ્રભુ આપ વિર્હો, અતિ દુઃખદાયી,
ત્વરાથી શમાવો કૃપાસિંધુ સ્વામી. ૭

અહો નાથ ! વાણી રસાળી તમારી,
બુઝાવે ભવાગ્નિ, ભવિ-મોહહારી;
વળી આપ મુદ્રા પ્રભુ, શાંતિકારી,
ઠરે ચિત્તવૃત્તિ સમાધિસ્થ ભાળી. ૮

મહા દુઃખદાયી, વળી ક્લેશકારી,
વિભાવો વિષે રક્ત વૃત્તિ અમારી;
ગુરુ **રાજ** શર્ણે, પ્રભુ સંત ચર્ણે,
વિરામો પ્રપંચો સહુ ક્ષોભકારી. ૯

૧. માછલી ૨. પાણી

---

## ૯

વિરહો નહિ રે ખમાય, રાજ તારો વિરહો નહિ રે ખમાય.

સંશય ભાંજે તું વિણ કોણ પ્રભુ,
એ દુઃખ પલપલ થાય. રાજ તારો૦ ૧

બહુ પ્રયાસે મન સ્થિર નહિ થાયે,
તુમ સંગે સ્થિર થાય. રાજ તારો૦ ૨

યોગીને પણ દુર્લભ જેવો,
તે અમને સમજાય. રાજ તારો૦ ૩

---

## ૧૦

(હે નાથ, ભૂલી હું ભવસાગરમાં ભટક્યો—એ દેશી)

શ્રી રાજચંદ્ર શી જળહળ જ્યોતિ ઝળકી !
અધ્યાત્મગગનમાં પ્રભા અલૌકિક પ્રગટી !
નિજ સહજ સ્વરૂપ અનુપ રમા શી ચમકી !
ચૈતન્ય સ્વભાવે રમતી પરિણતિ ઝબકી ! ૧

એ જ્ઞાનગગનમાં દિવ્ય તારલો ઊગ્યો !
અજ્ઞાન તિમિરદળ ટાળી અમર પદ પૂગ્યો;
બહુ પૂર્વ ભવોમાં યોગસાધના સાધી,
નિષ્પન્ન યોગિવર વર્યા સ્વરૂપ સમાધિ. ૨

શી અજબ સમાધિ ! શાંતિ ! દશા ભવહારી !
અમને ઉપકારી, શરણ, ત્રાણ, શિવકારી;
કળિકાળ ઝાળથી બળતા કોઈ સુભાગી,
અવલંબી પામે શાંત દશા, ઉર જાગી. ૩



તુજ વચન સુધારસ જ્ઞાનપિપાસુ જનને,
પરિતૃપ્ત કરી દે અજરામર શિવ પદને;
તુજ **'આત્મસિદ્ધિ'** શી અદ્‌ભુત જ્ઞાનત્રિપથગા !
ઉદ્ધરવા અવની ઊતરી સ્વર્ગથી ગંગા. ૪

પોતે 'છે આત્મા', શાશ્વત 'નિત્ય' સ્વભાવે,
'કર્તા' 'ભોક્તા' ભવભ્રમણ અનાદિ વિભાવે;
જો છૂટે દેહાધ્યાસ સ્વરૂપ નિજ ભાળે,
હરી કર્તા ભોક્તાપણું ભ્રમણ ભવ ટાળે. ૫

તો શુદ્ધ સ્વભાવ દશારૂપ 'મોક્ષ' પમાયે,
નિજ દર્શન જ્ઞાન સમાધિ 'સુધર્મ ઉપાયે';
એ ગહન મોક્ષસિદ્ધાંત સુગમ કરી દાખ્યો,
કરી કૃપા મુક્તિપથ સાવ સ્પષ્ટ દર્શાવ્યો. ૬

નિશદિન અશરીરીભાવે સ્વરૂપવિહારી,
શી દેહ છતાંય વિદેહી દશા મનોહારી !
પ્રત્યેક વચન પરમાર્થ સુધારસ ધારા,
દઈ શાંતિ અનુપમ, ઠારે ભવ અંગારા. ૭

એ જ્ઞાન દિવાકર ઊગી અસ્ત ઝટ પામ્યો,
કરી કાર્યસિદ્ધિ અતિ અલ્પ વયે જ વિરામ્યો;
નિજ પર શ્રેયાર્થે વાણીયોગ પ્રકાશ્યો,
મોક્ષાર્થી તે અવલંબી સિદ્ધિ ઉપાસો. ૮

શ્રી **લઘુરાજ, સુભાગ્ય, જૂઠાભાઈ** આદિ,
એ દિવ્ય પ્રકાશથી પામ્યા તત્ત્વસમાધિ;
રાજેશ વચન જીવન મુક્તિપ્રદ જાણી,
ઉલ્લાસિત ભવ્યો ભણે ગણે મુદ આણી. ૯

---

## શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રી) જન્મોત્સવ પદો

### ૧

અહો ! અહો ! ઉપકાર પ્રભુશ્રીના, અહો ! અહો ! ઉપકાર.

આ અધમ જીવ ઉદ્ધરવાને,
પ્રભુશ્રીનો અવતાર; પ્રભુશ્રીના૦
કહ્યો સનાતન મોક્ષમાર્ગ ને,
આત્મમાહાત્મ્ય અપાર. પ્રભુશ્રીના૦ ૧

ભૂલી ભટકતા ભવ-અટવીમાં,
જીવોના આધાર; પ્રભુશ્રીના૦
કળિકાળે જીવ જાણી અજાણ્યા,
ભાવદયા - દાતાર. પ્રભુશ્રીના૦ ૨

સાચી ભક્તિ શરૂ કરાવી,
દેખાડી ગુરુ સાર; પ્રભુશ્રીના૦
ભક્તિક્રમ ઉત્તમ યોજીને,
રસ લગાડ્યો અપાર. પ્રભુશ્રીના૦ ૩

શ્રી સત્સંગનું ધામ બનાવી,
દીધો પરમ આધાર; પ્રભુશ્રીના૦
ભક્તિભાવનો દુકાળ ટાળી,
સાધ્યો સત્ય પ્રચાર. પ્રભુશ્રીના૦ ૪

પરમકૃપાળુ ગુરુ રાજચંદ્રનાં,
વચનરસે એકતાર; પ્રભુશ્રીના૦
મતમતાંતર-વિષ ઉતારી,
પ્રેર્યો આત્મવિચાર. પ્રભુશ્રીના૦ ૫



ગુરુનો મહિમા અનહદ ગાયો,
માન ધર્યું ન લગાર; પ્રભુશ્રીના૦
અનુપમ મંત્રની આપી દીક્ષા,
વળી વૈરાગ્ય જળધાર. પ્રભુશ્રીના૦ ૬

આજ્ઞા ભવતારક ઉપદેશી,
શ્રદ્ધાના અવતાર; પ્રભુશ્રીના૦
સાધી સમાધિમરણ અનુપમ,
આદર્શ દશા ધરનાર. પ્રભુશ્રીના૦ ૭

કરુણા ઝરતી પ્રેમમૂર્તિ એ,
સૌની સ્મૃતિમાં સાર; પ્રભુશ્રીના૦
ક્ષણ પણ ઉપકારો ના વીસરું,
આત્મદશા દેનાર. પ્રભુશ્રીના૦ ૮

### ૨

ભાવ-અંજલિ

(કૌન ઉતારે પાર, પ્રભુબિન, કૌન ઉતારે પાર—એ રાગ)

શા સ્મરીએ ઉપકાર ! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર !
ભાવદયા ભંડાર ! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર !

ગુરુગમ નેત્રાંજન પ્રભુ આંજી, જ્ઞાનપડળ હરનાર ! પ્રભુ૦
નિજપર શ્રેયાર્થે પ્રભુ જીવન, [૧]ઉપકૃતિના અવતાર ! પ્રભુ૦ ૧

શાંતમૂર્તિ લઘુરાજ પ્રભુશ્રી, અદ્‌ભુત મુદ્રા સાર ! પ્રભુ૦
બોધિ સમાધિ શાશ્વત શાંતિ, આત્મદશા દાતાર ! પ્રભુ૦ ૨

---
૧. ઉપકાર

ઓગણીસો દસ વિક્રમ વર્ષે, જન્મ વટામણ ગામ; પ્રભુ૦
ચારુતરના ભાલ પ્રદેશે, સુખ સંપત્તિ અભિરામ. પ્રભુ૦ ૩

દેહ વિષે ત્યાં વ્યાધિ પ્રસંગે, પામ્યા અતિ વૈરાગ; પ્રભુ૦
ત્રીશ વરસની વય, ખંભાતે, ગ્રહી દીક્ષા વડભાગ. પ્રભુ૦ ૪

પાંચ વર્ષ ગુરુ આજ્ઞામાંહે, કર્યો ઘણો પુરુષાર્થ; પ્રભુ૦
છતાં ન પામ્યા આત્મદશા કે, લહ્યો નહીં પરમાર્થ. પ્રભુ૦ ૫

શા માટે મેં દીક્ષા લીધી ? આત્મજ્ઞાનને કાજ; પ્રભુ૦
આત્મજ્ઞાન જો પ્રગટ્યું નહિ તો, વ્યર્થ મુનિનો સાજ. પ્રભુ૦ ૬

આત્મજ્ઞાન વિણ જન્મ ટળે ના, ટળે ન દુઃખ સંસાર; પ્રભુ૦
આત્મજ્ઞાની ગુરુ જો હું પામું, તો તરી જઉં ભવપાર. પ્રભુ૦ ૭

એવી ઉરમાં જાગી પિપાસા, તત્ત્વામૃત પાનાર; પ્રભુ૦
જ્ઞાનમૂર્તિ ગુરુ રાજચંદ્ર ત્યાં, મળ્યા સફળ અવતાર. પ્રભુ૦ ૮

અંતર્મુખ ઉપયોગે રહેતાં, આજ્ઞામાં એકતાર; પ્રભુ૦
વસો મુકામે, ચોપન સાલે, આત્મજ્ઞાન લહ્યું સાર. પ્રભુ૦ ૯

દિન દિન અંતર્મુખ ઉપયોગે, દશા શાંત મનોહાર; પ્રભુ૦
ગિરિ ગુફા જંગલ વિચરંતા, એકાંતે વસનાર. પ્રભુ૦૧૦

ઈડર ગિરિ પર સાતે મુનિઓ, રાજ ગુરુવર સંગ; પ્રભુ૦
અનુપમ બોધ પ્રસાદી પામી, પામ્યા રંગ અભંગ. પ્રભુ૦૧૧

જ્ઞાનદશાને ગુપ્ત રાખીને, વિચર્યા વર્ષ અનેક; પ્રભુ૦
સમતા ભાવે પરિષહ સહતા, ધરતા હૃદય વિવેક. પ્રભુ૦૧૨

ઓગણીસો છોંતેરથી વધતો ઝળક્યો પુણ્ય પ્રકાશ; પ્રભુ૦
ભવ્ય જનોને ઉદ્ધરવાને, મંગળમૂર્તિ ખાસ. પ્રભુ૦૧૩



તીર્થ અનુપમ ઉદ્‌ભવ પામ્યું, અદ્‌ભુત સત્સંગધામ; પ્રભુ૦
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ એ, પાસે અગાસ ગામ. પ્રભુ૦૧૪

સમ્યગ્દર્શન જ્ઞાનચરણરૂપ, શાશ્વત મુક્તિ માર્ગ; પ્રભુ૦
વીર પ્રભુએ પ્રગટ પ્રબોધ્યો, લુપ્તપ્રાય, દુર્ભાગ્ય ! પ્રભુ૦૧૫

એ સન્માર્ગ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રથી પ્રાપ્ત; પ્રભુ૦
આપ્યો મોક્ષાર્થી ભવ્યોને, ભાવદયાથી વ્યાપ્ત. પ્રભુ૦૧૬

ભાગ્યવંત બહુ તત્ત્વપિપાસુ, પામ્યા શાંતિ અપાર; પ્રભુ૦
તત્ત્વામૃતનું પાન કરીને, સાધે સિદ્ધિ સાર; પ્રભુ૦૧૭

બોધિ સમાધિ શાશ્વત સિદ્ધિ, સહેજે આજ સધાય; પ્રભુ૦
એ ઉપકાર અહો પ્રભુશ્રીના ! પળ પણ કિમ વીસરાય ? પ્રભુ૦૧૮

ધન્ય પ્રભુશ્રી, કરુણામૂર્તિ, ભાવપ્રાણ દાતાર; પ્રભુ૦
અજરામર અવિનાશી પદ દઈ, ધન્ય જીવન કરનાર. પ્રભુ૦૧૯

સહજ સ્વરૂપે નિશદિન રમતા, જ્ઞાન વિરાગ અથાગ; પ્રભુ૦
ભાવ અંજલિ આજ અર્પીએ, લહીએ ભવનો તાગ. પ્રભુ૦૨૦

ઓગણીસો બાણું વૈશાખે શુક્લ અષ્ટમી સાંજ; પ્રભુ૦
સ્વરૂપ સમાધિ લહી આશ્રમમાં, ખિન્ન મુમુક્ષુ સમાજ. પ્રભુ૦૨૧

નંદન વન સમ અનુપમ આશ્રમ, દીપે આજ સતેજ; પ્રભુ૦
આપ અલિપ્ત રહીને નિજપર, શ્રેય કર્યું ધરી હેજ. પ્રભુ૦૨૨

પ્રશમ રસભરી મૂર્તિ પ્રભુની, ભાળી આત્માકાર; પ્રભુ૦
રાગ વપુનો જીવ તજી ઝટ, તત્ત્વરમણ ઉર ધાર. પ્રભુ૦૨૩

---

## ૩

(ગઝલ)

શતાબ્દી સંત સલૂણાની, ઊજવતાં હર્ષ ના માયે;
શતાબ્દી શ્રી પ્રભુશ્રીની, ઊજવતાં પાપમલ જાયે. ૧

શતાબ્દી પુણ્ય અવસર આ, શતાબ્દી ધન્ય અવસર આ !
પ્રભો, સ્મરણાંજલિ અર્પું, અહો સદ્ભાગ્ય સુખકર આ ! ૨

પ્રભો, તુજ જન્મને ધન્ય, પ્રભો, તુજ જીવનને ધન્ય !
કરી ગૂર્જરભૂમિ ધન્ય, પ્રકાશી મોક્ષપથ રમ્ય. ૩

વિશુદ્ધાત્મા તણાં સ્મરણો, ઘડી પણ કેમ વીસરાયે ?
અહો ! ઉપકાર પ્રભુશ્રીનો, કદી પળ પણ શું ભુલાયે ? ૪

અહા વિકરાળ કળિકાળે, પ્રબળ અજ્ઞાન-વિસ્તારે;
ડૂબ્યા સૌ ધર્મ-આભાસે, સુધર્મે કોણ ત્યાં તારે ? ૫

અલખ યોગીન્દ્ર ગુરુ રાજે, કૃપા અમી વૃષ્ટિ વરસાવી;
પ્રકાશ્યો માર્ગ મુક્તિનો, સનાતન સત્ય દર્શાવી. ૬

ગહન શાસ્ત્રો તણાં ઊંડાં રહસ્યો પલકમાં ખોલ્યાં;
પ્રગટ કરી ધર્મનો મર્મ મુમુક્ષુ જીવન અજવાળ્યાં. ૭

વહ્યાં સદ્બોધનાં ઝરણાં, બૂજ્યા મોક્ષાર્થી સદ્ભાગી;
તજી કાયા તણી માયા, બન્યા સહજાત્મપદ-રાગી. ૮

ગ્રહી તે માર્ગ **લઘુરાજે**, દશા અદ્ભુત પ્રગટાવી;
અનુભવ રસ સુધા સ્વાદે, અમરતા, સિદ્ધિ અપનાવી. ૯

સહજ નિજ આત્મદર્શનથી, રમણતા આત્મમાં લાગી;
વિદેહી વીતરાગી શી, અજબ અદ્ભુત દશા જાગી ! ૧૦



પ્રશમરસની અહો ! મૂર્તિ, કરુણા વારિની વૃષ્ટિ;
પ્રતિકૃતિ ભક્તિની બીજી, જડે ના જો જુઓ સૃષ્ટિ. ૧૧

સુગુણની જ્યોત ઝલકંતી, ભવિક-જનમન-તિમિર હરતી;
પતિતને મુક્તિના પંથે, સુસ્થાપી શીઘ્ર ઉદ્ધરતી. ૧૨

અનાદિથી ભવે ભમતા, ડૂબેલા દુઃખદરિયામાં;
પ્રભુ અમ અજ્ઞને તારક, મળ્યા શી વાર તરવામાં ? ૧૩

ભ્રમિતની ભ્રાંતિ હરવાને, સદા મંગલમયી મૂર્તિ;
નમન હો, વંદના વિભુ હો, સ્મરું સહજાત્મપદ સ્ફૂર્તિ. ૧૪

ભજું સહજાત્મની મૂર્તિ, ચહું સહજાત્મપદ સ્ફૂર્તિ;
રટણ સહજાત્મનું ચિત્તે, રહો સહજાત્મજાગૃતિ. ૧૫

સકલ પુદ્ગલ થકી ન્યારો, સ્વશુદ્ધાત્મા તમે ભાળ્યો;
પ્રગટ એ ભેદ વિજ્ઞાને, અનુભવ પીયૂષરસ સ્વાદ્યો. ૧૬

તમોએ પ્રિય જે માન્યું, અમોને પ્રિય તે હોજો;
વર્યા સહજાત્મપદ સ્વામી, અમોને તે પ્રગટ હોજો. ૧૭

અવર સ્વપ્નેય ઇચ્છા ના, પ્રભુમાં ચિત્તલય હોજો;
સ્વરૂપાનંદસદને ત્યાં, રમણતા સ્વસ્થિતિ હોજો. ૧૮

તમે સન્માર્ગ દર્શાવ્યો, અમારા શ્રેયને કાજે;
કૃપા ઉપકાર અનહદ તે, અમો કૃતકૃત્ય તો આજે. ૧૯

પ્રભો સદ્બોધ ઉર ધારી, અમો સન્માર્ગ સાધીશું;
કૃપાળુની કૃપાથી તો, સ્વસિદ્ધિ શીઘ્ર પામીશું. ૨૦

અખંડાજ્ઞા કૃપાળુની, ઉરે આરાધશું ખંતે;
સમાધિ, બોધિ ને સિદ્ધિ, પ્રગટ પ્રગટાવશું અંતે. ૨૧

---

### ૪

ભારતની આ ભૂમિ પર રે, ભવ્ય વટામણ ગામ,
ગુરુવર અવતરિયા.

કુશલા માતા કુક્ષિથી રે, પુત્ર થયો ગુણધામ,
ગુરુવર અવતરિયા.

તરત સર્વ પરિવારને રે, થયો ઘણો આનંદ ગુરુ૦
કર્યો મહોત્સવ જન્મનો રે, મળિયા માનવવૃંદ ગુરુ૦

રૂપ પુત્રનું જોઈને રે, હરખે સૌ પરિવાર ગુરુ૦
મુખથી એમ જ ઉચ્ચરે રે, ધન્ય ધન્ય અવતાર ગુરુ૦

પૂર્વજન્મ સંસ્કારથી રે, વિરતિ હૃદય મોઝાર ગુરુ૦
સુખ સાધન સેવે છતાં રે, રુચે ન આ સંસાર ગુરુ૦

યૌવનવયમાં વ્યાધિનો રે, થયો ઉદય દુઃખરૂપ ગુરુ૦
જાણ્યું તેથી ચિત્તમાં રે, દુઃખમય લોકસ્વરૂપ ગુરુ૦

પૂછી સ્વાત્મકુટુંબને રે, લીધી દીક્ષા સાર ગુરુ૦
કર્મબંધથી છૂટવા રે, સેવે શુભ આચાર ગુરુ૦
આત્મજ્ઞાન વિણ જીવને રે, મળે ન શાંતિ લગાર ગુરુ૦

જ્યારે પરમકૃપાળુનો રે, થયો સમાગમ લેશ ગુરુ૦
જાગી આત્મવિચારણા રે, મટે કેમ ભવ ક્લેશ ગુરુ૦

આત્મજ્યોતિ જાગૃત થઈ રે, પામી સદ્‌ગુરુ સંગ ગુરુ૦
કદી નથી સંસારમાં રે, નિષ્ફળ સદ્‌ગુરુ રંગ ગુરુ૦

પામ્યા સદ્‌ગુરુ બોધથી રે, આત્મજ્ઞાનનું ભાન ગુરુ૦
પોષણ લઈ એકાંતમાં રે, ગર્જ્યા સિંહ સમાન ગુરુ૦



સહુને આપે શાંતિથી રે, સંભળાવ્યો ગુરુબોધ ગુરુ૦
રંગ લગાડી ભક્તિનો રે, ટાળ્યો ધર્મ-વિરોધ ગુરુ૦

ભક્તિધામ આશ્રમ કરી રે, ખોલ્યાં મુક્તિ દ્વાર ગુરુ૦
સંપી સર્વ મુમુક્ષુઓ રે, કરે આત્મ સુવિચાર ગુરુ૦

પરમ કૃપાળુ દેવના રે, પરમ ઉપાસક આપ ગુરુ૦
બોધામૃત વરસાવીને રે, ટાળ્યો ભવસંતાપ ગુરુ૦

નિંદા અને વખાણમાં રે, ધરતા સમતા ભાવ ગુરુ૦
કર્મ ગણી પરભાવને રે, ભજતા આત્મસ્વભાવ ગુરુ૦

જીવનના આધાર છો રે, વસો હૃદય ગુણધામ ગુરુ૦
ભક્તિભાવથી આપને રે, કોટિ કોટિ પ્રણામ ગુરુ૦

---

### ૫

ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુ-કૃપાનાં ગાન,
પ્રભુ-કૃપા બળવાન, અલખથી ગુરુ-કૃપા બળવાન,
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુ-કૃપાનાં ગાન.

ગુરુ રાજે જે પ્રગટ કરેલો મોક્ષમાર્ગનો પંથ,
તેને વિસ્તાર્યો લઘુરાજે કૃપા કરી અત્યંત.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુ-કૃપાનાં ગાન.

જંગલમાં મંગલ બનાવ્યું ભક્તિધામ પવિત્ર,
ગૌતમ સમ પ્રભુ ભક્તિરંગે દાખી મુક્તિની રીત.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુ-કૃપાનાં ગાન.

સત્પુરુષમાં પ્રભુ-બુદ્ધિ તે ભાખ્યો ઉત્તમ ધર્મ,
શ્રદ્ધા દુર્લભ સુલભ કરાવી દીધો ધર્મનો મર્મ.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુ-કૃપાનાં ગાન.

સિંહસમી પ્રભુબોધ-ગર્જના જગવે આતમભાન,
મંત્રતણી કો અલખધૂનથી બજે પરમપદ-તાન.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુ-કૃપાનાં ગાન.

કૃપા કટાક્ષે પ્રભુજી હરતા વિષયવિષો બળવાન,
મુમુક્ષુની કાયા-માયાને હરી કરતા શીલવાન.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુ-કૃપાનાં ગાન.

અનન્ય શરણને ગ્રહણ કરાવ્યું, અનન્ય પ્રભુ-ઉપકાર,
સુજ્ઞ અબુધ કે અબલા, બાલક ચઢ્યાં અભયપથ સાર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુ-કૃપાનાં ગાન.

'દૂર રહ્યા પણ દયાદૃષ્ટિથી' પ્રભુ દેતા આધાર,
બોધિ-સમાધિ સહજ સધાવી ઉતારે ભવપાર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુ-કૃપાનાં ગાન.

જેની નિષ્કારણ કરુણાને સ્તવતાં નિત્ય નિરંતર,
પ્રગટે આત્મસ્વભાવ સહજ તે વસજો પ્રભુ અમ અંતર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુ-કૃપાનાં ગાન.

---

## ૬

ત્રીસ વરસ સુખી ઘરવાસે પરિકર સાથે વસિયાજી,
જન્મ થકી પણ પુણ્ય-પ્રતાપે નિજ-પર સુખના રસિયાજી;



દીક્ષા લીધી મહા વૈરાગ્યે તપ તપિયા બહુ વિધિજી,
યોગ્યતા ધારી ગુરુ-રાજ પામ્યા સાચી સાધના લીધીજી. ૧

ગુરુ-ભક્તિ અખંડ કરીને પામ્યા આતમજ્ઞાનજી,
રત્નત્રયધારી સાચા સાધુ અપ્રમત્ત ને અમાનજી;
કરુણાનજર સહુ પર સરખી બોધ અપૂર્વ આત્મ સાજજી,
એવા અદ્ભુત ચારિત્રધારી સ્વામી શ્રી લઘુરાજજી. ૨

પારસ સમાન બની સર્વત્ર લોહનાં કાંચન કીધાંજી,
વિવિધ ભાંતિથી ભવ્ય જનોને દાન સ્વરૂપનાં દીધાંજી;
પ્રભુજી સહુના મહા ઉપકારી જીવન-સંકટ હરતાજી,
પવિત્ર આશ્રમ નિર્માણ કરીને ભાવિ હિતના કર્તાજી. ૩

દિવ્ય દેશના વસનારા પ્રભુ, વિનતડી ઉર લેજોજી,
સૌમ્યનજરથી નીરખી અમને આશિષ એવી દેજોજી;
આપ પસાયે દુર્લભ એવું સાચું જીવન પામ્યાજી,
પ્રમાદ રહિત આજ્ઞા આરાધી થઈએ ભવથી વામ્યાજી. ૪

---

## ૭

સર્વસ્વ હમારા અર્પણ હૈ ગુરુદેવ તુમ્હારે ચરણોંમેં,
અધ્યાત્મભરા આનંદ મહા લઘુરાજ આપ આચરણોંમેં;
હમ ભૂલે ભટકે જીવોંકો સન્માર્ગ આપ દિખલાતે થે,
જીવનકા જીવન હૈ કૃપાલુ યહ સુંદર વચન સુનાતે થે. ૧

તજ જગ ધર્મોંકા પક્ષપાત અપનેમેં આપ સમાયે થે,
પા આત્મજ્ઞાનકી સુરભિ મહા અલિ સમ લાખોં જન આયે થે;

સહજાત્મસ્વરૂપ પરમગુરુકા સન્મંત્ર સુનાયા લાખોંમેં,
પ્રત્યક્ષ કૃપાલુ દીખતે થે ભવદીય અલૌકિક આંખોંમેં. ૨

તજકર અપની પૂજા સારી સદ્ગુરુકો નિત્ય ભજાતે થે,
ઉનકે આધ્યાત્મિક વચનોંકા સબકો રહસ્ય સમઝાતે થે;
હૈ ધર્મ ન વાદવિવાદોંમેં, નિજ રાગદ્વેષકા ત્યાગ કરો,
તજ કરકે સર્વ વિકારોંકો પ્રભુકે ચરણોંમેં રાગ કરો. ૩

સત્સંગ કરો ઇસ જીવનમેં અપના સારા સ્વચ્છંદ હરો,
લે દૃઢ ગુરુકા આધાર ભક્તિસે ચેતનમેં આનંદ કરો;
ક્યોં કરતા હૈ પરમેં મમતા, ધનધાન્ય સાથ નહિ આયેગા,
જબ કૂચ કરેગા ઇસ તનસે, સબ પડા યહીં રહ જાયેગા. ૪

સબ છોડ જગતકી ખટપટકો આત્માકો પહલે પહિચાનો,
આત્મા-સા કોઈ દેવ નહીં યોં નિશ્ચયસે મનમેં માનો;
યોં બોધ અપના સુનકરકે યહ હૃદયકમલ ખિલ જાતા થા,
વૈરાગ્યરૂપ પરિણતિ દ્વારા સામ્રાજ્ય મોહકા જાતા થા. ૫

થા ચમત્કાર મૃદુ વાણીમેં આત્મિકતા થી તન વર્તનમેં,
થા 'રાજ' ભક્તિ ભંડાર હૃદય વિજ્ઞાન ભાવ થા ચેતનમેં;
કર સ્મરણ આપકા પુનઃ પુનઃ યહ ભદ્ર આજ વંદન કરતા,
દે આશ્રય ભવસે પાર કરેં હૈં આપ અલૌકિક ઉદ્ધરતા. ૬

---



# શ્રીમદ્ લઘુરાજ સ્વામી (પ્રભુશ્રી) વિરહ પદો

## ૧

અંગૂઠે સૌ તીરથ વસતાં સંત શિરોમણિ રૂપેજી;
રણ-દ્વીપ સમ દીપાવ્યો આશ્રમ, આપ અલિપ્ત સ્વરૂપેજી;
સમજી અત્યંત શમાયા સ્વામી કદીયે નહિ છલકાયાજી,
અબળા, બાળ, ગોપાળ બધાને શિર છત્રની છાયાજી. ૧

સમજે સર્વે મનમાં એવું મુજ પર પ્રેમ પ્રભુનોજી,
પરમકૃપાળુ સર્વોપરી છે, હું તો સૌથી નાનોજી;
પરમ પ્રેમમૂર્તિ પ્રભુજીની, સહું સ્વપ્ને ન વિયોગજી,
કાળ કરાળ દયાળ નહીં જરી, જડને શો ઉપયોગજી ? ૨

ઋતુ પર્વ સૌ પાછાં આવે, યાદી પ્રભુની આપેજી,
પ્રેમ-મૂર્તિનું દર્શન ક્યાંથી ? શોક સહુ જે કાપેજી;
પ્રભુના સન્મુખ દર્શન વિણ તો, ક્યાંથી ઉમળકો આવેજી ?
સ્મૃતિ સરોવર નિર્મળ જેનું, તેને વિરહ સતાવેજી. ૩

ત્રિવિધ તાપથી બળતા જીવો, વચન સુધારસ પીતાજી,
સંત સમાગમ-દર્શન પામી પ્રારબ્ધે નહિ બીતાજી;
સત્યયુગ સમ કાળ ગયો એ, સૌને ઉરમાં સાલેજી,
દૂર રહ્યા પણ દયા દૃષ્ટિથી પ્રભુ અમને નિહાળેજી. ૪

સહુ વ્યવહાર વિશ્વાસે ચાલે પણ પરમાર્થે પહેલોજી,
બહુ બળવાળી શ્રદ્ધા જેની તે પુરુષાર્થે ઘેલોજી;
જગત, ભગતની રીતો જુદી સત્ય ભગત કો વિરલાજી,
પરમ કૃપાળુને પ્રગટાવે, રોમ રોમ તે હીરલાજી. ૫

---

## ૨

(ગઝલ)

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની,
આપની પ્રભુ આપની, ઉપકારી પ્રભુજી આપની.
જ્યાં જ્યાં૦ ૧

પીંછી દયા-દર્શક પ્રભુની મૂર્તિ ખડી કરતી ખરી,
આ ગાદી યાદી આપતી ઉપદેશ-દાતા, આપની.
જ્યાં જ્યાં૦ ૨

આ જેષ્ટિકા ખખડાવતા દર્શન દઈ હર્ષાવતા,
આ સાદડી સુંદર ઉપર વંદન સ્મૃતિ છે આપની.
જ્યાં જ્યાં૦ ૩

આ પાટ જોતી વાટ પ્રભુની મુમુક્ષુ મનમાં વસી,
ઘડિયાળ, પાળુ, શ્રુતિયંત્રો સ્મૃતિ હે પ્રભુ, આપની.
જ્યાં જ્યાં૦ ૪

આ લિફ્ટથી ઊતરી બિરાજો ઓટલે રાયણ નીચે,
ભક્તિ ભેલી કરવા મળ્યા મુમુક્ષુઓ આ ભાવથી.
જ્યાં જ્યાં૦ ૫

અથવા છજાની પાટલીએ બિરાજીને દર્શન દઈ,
સંતોષી સૌનાં ચિત્તને વંદન ઝીલે પીંછી આપની.
જ્યાં જ્યાં૦ ૬

આ ઓરડામાં સાંભળ્યો ઉપદેશ એકાંતે અરે !
જીવન સુધી વીસરાય ના, સ્મૃતિ ઉરમાં છે આપની.
જ્યાં જ્યાં૦ ૭

અત્યંત અંતિમ વેદનામાં આત્મભાવ ટકી રહ્યો,
દર્શાવતી એ આંગળી મુઠ્ઠી પકડ કહે રાજની.
જ્યાં જ્યાં૦ ૮



શમી વેદના, શાંતિ થઈ, સ્થિરતા થઈ સૌ યોગની,
સહજાત્મસ્વરૂપ પરમગુરુની અંત ધ્વનિ આપે સુણી.
જ્યાં જ્યાં૦ ૯

મૃત્યુ-મહોત્સવ ભાળવા સદ્ભાગ્ય જો દીધું પ્રભુ,
તો દઈ સમાધિમરણ સૌની પૂરજો આ માગણી.
જ્યાં જ્યાં૦ ૧૦

---

## ૩

(ગઝલ કવાલી)

શી સુંદર દિવ્ય એ જ્યોતિ ! સ્વપરનાં સૌ દૂષણ ધોતી;
અખંડાનંદ સૂરત શી ! સરલતા સન્મતિ સહ શી ! ૧

પ્રબળ પુણ્યે પ્રભાવી શી ! સદા ઉપકૃત સ્વભાવી શી !
શી રાજ સ્વરૂપની જ્યોતિ ! જડી ન થાક્યો બહુ ગોતી. ૨

હવે નજરે ન દેખાતી, હવે મુદ્રા ન મલકાતી;
રહ્યું જોવું, રહ્યું રોવું, અફળ આંસુ નથી લો'વું. ૩

અસીમ આ વિશ્વના આરે, હવે મળશું કહો ક્યારે ?
ગમે ત્યારે ગમે ત્યારે, ન આજે તો જરૂર કાલે. ૪

હવે તો ના ગુરુરાજ, અમારી સાથ કો સાજ;
દરદ દિલનું કહા કે'વું, જડે ના પાત્ર કો એવું. ૫

સુકાતાં ના નયન મારાં, સ્મરણ જ્યારે ઉરે તારાં;
હવે ક્યારે, કહો ક્યારે, દરિસણ આપશો ક્યારે ? ૬

વિશુદ્ધ સ્વરૂપના ભોગી, પ્રભુ શ્રીકાંત તનુ યોગી;
સવિતા સમ દૂરે થઈને, નિશા ગાઢે મૂક્યા અમને. ૭

અવિદ્યા રજની નિવાસે, હવે શી અમ દશા થાશે ?
પ્રકાશ પ્રકાશશો ક્યારે, કહો ઉદ્ધારશો ક્યારે ? ૮

સમજ વિણના શિશુ નાનાં, તજે પિતૃ ન દુનિયાનાં;
શું શોભે તો પ્રભુ તમને, રખડતા મૂકવા અમને ? ૯

સતાવે મોહ બધી બાજુ, ન રાખે અંગ કો સાજું;
ચડી વિયોગીની વ્હારે, કહો ઉગારશો ક્યારે ? ૧૦

---

## ૪

શિવના અનુગામી અંતરયામી હે નિષ્કામી દ્યો અમને આધાર;
નિજ આતમરામી સુખવિશ્રામી જગના સ્વામી વંદન સો સો વાર.
શિવના અનુગામી૦ ૧

પરમ હિતૈષી કરુણા પ્રતિમા છો જગમાં લઘુરાજ,
તેના આશ્રયથી જગજનનાં સરશે સઘળાં કાજ રે.
શિવના અનુગામી૦ ૨

પીને મોહ મહા મદિરાને ભૂલ્યો હું નિજરૂપ,
કરુણા કરી બતલાવો અમને ક્યાં છે સુખનો ભૂપ રે.
શિવના અનુગામી૦ ૩

સફળ હતો તારા દર્શનથી આ માનવ અવતાર;
કિંતુ વિરહની ભીષણ જ્વાળા સળગે આજ અપાર રે.
શિવના અનુગામી૦ ૪

તારા વિણ જીવનની શોભા છે સૌ ધૂળ સમાન;
અંતરની પીડા છે અધિકી તેનું નથી પ્રમાણ રે.
શિવના અનુગામી૦ ૫



દાવાનળમાં બળતા જીવને દીધો સુંદર બોધ;
એક સાથ ભવિજનનાં ટાળ્યાં આગ્રહ માન વિરોધ રે.
શિવના અનુગામી૦ ૬

સર્વ મુમુક્ષુ જનના મનને દીધી આત્મિક શાંતિ;
ભાન કરાવીને પોતાનું ટાળી મિથ્યા ભ્રાંતિ રે.
શિવના અનુગામી૦ ૭

---

## ૫

(બાહુ જિણંદ દયામયી, વર્તમાન ભગવાન પ્રભુજી-એ દેશી)

સંતસ્વરૂપ સમાધિ વર્યા, વિરહ સહ્યો કેમ જાય ? પ્રભુજી;
શા સ્મરીએ ઉપકાર અહો ! પળ પણ કેમ વીસરાય ? પ્રભુજી.
સંત૦ ૧

ઘોર અંધારી રાત્રિ વિષે, દીપક જાય બુઝાઈ પ્રભુજી;
ભીષણ ભવ વનમાં ભવિનો, મારગ કેમ કપાય ? પ્રભુજી.
સંત૦ ૨

સૌને માર્ગ ચડાવીને, મૂકી અધવચ આમ પ્રભુજી;
આપ સ્વધામ સિધાવ્યા તો, અમને કોની હામ ? પ્રભુજી.
સંત૦ ૩

સુંદર તન ચેતન જાતાં, શોભાશૂન્ય ભળાય પ્રભુજી;
આપ વિના સત્સંગ વિષે, સૂનું તેમ જણાય પ્રભુજી.
સંત૦ ૪

શીતળ શાંત અમી ઝરતા, ભાવદયા અવતાર પ્રભુજી;
મનમોહન મનમાંહી વસ્યા, પાપ તાપ હરનાર પ્રભુજી.
સંત૦ ૫

જ્ઞાનમૂર્તિ ગુરુ **રાજ** તણા, યુવરાજા **લઘુરાજ** પ્રભુજી;
પરમ કૃપાળુ કૃપા લહીને, સાર્યાં બહુ જન કાજ પ્રભુજી.
સંત૦ ૬

સ્વરૂપાનંદ સદન રમતા, દમતા વૈરી વિભાવ પ્રભુજી;
ભજતાં રાજ અભેદપદે, પ્રગટ્યો પરમ પ્રભાવ પ્રભુજી.
સંત૦ ૭

નિજ પર હિત કરવા કાજે, નિશદિન અનુપમ ખંત પ્રભુજી;
સત્પુરુષાર્થ સ્મરણ કરતાં, અમ ઉત્સાહ વધંત પ્રભુજી.
સંત૦ ૮

પાવનકર પગ જ્યાં ધરતા, કરતા મંગલ ત્યાંય પ્રભુજી;
બોધ સુધા વર્ષા વરસી, અમર થયા મૃતપ્રાય પ્રભુજી.
સંત૦ ૯

પ્રતિમા ત્યાગ વિરાગતણી, શમરસસિંધુ અપાર પ્રભુજી;
અદ્‌ભુત નિજઅનુભવ ઊલસ્યો,જ્યોતિ ઝગમગ સાર પ્રભુજી.
સંત૦ ૧૦

કાળ અનંતે જે ન લહ્યો, ચિદ્‌ઘન નિજ પદ લક્ષ પ્રભુજી;
તે નિજ ભાવ અપૂર્વ અહો ! આપ્યો આપ પ્રત્યક્ષ પ્રભુજી.
સંત૦ ૧૧

પ્રભુ સહજાત્મસ્વરૂપ વિષે, પ્રીતિ ભક્તિ રુચિ ભાવ પ્રભુજી;
જોડ્યા સર્વ મુમુક્ષુના, ભવ જળ તરવા નાવ પ્રભુજી.
સંત૦ ૧૨

યુગપ્રધાન શ્રી રાજગુરુ, યુગમંડન લઘુરાજ પ્રભુજી;
રાજ વચન જીવનરંગે, સાધક લે શિવરાજ પ્રભુજી.
સંત૦ ૧૩



## ૬

(ગઝલ કવાલી)

મલકતું મુખ પ્રભુશ્રીનું, હવે હા ! ભાળશું ક્યારે ?
ઝલકતી જ્યોત આત્માની, હવે નિહાળશું ક્યારે ? ૧
ઊછળતી બોધ ઊર્મિઓ ! હવે આસ્વાદશું ક્યારે ?
અનાદિ સ્વપ્નને ત્યાગી, સ્વરૂપે જાગશું ક્યારે ? ૨
થયા પ્રભુ દૂર નયનોથી, છતાં અંતરથી ક્યાં જાશો ?
તમે આત્મા અમર બોધ્યો, અમરતા ક્યાં તજી જાશો ? ૩
તજી સંસાર દુઃખદાયી, વસ્યા આત્મિક સુખસદને;
મળીશું નિશ્ચયે તમને, ક્રમે આરાધી તે પદને. ૪
પ્રકાશ્યો જે ગુરુરાજે, સનાતન માર્ગ મુક્તિનો;
દીધો સન્માર્ગ તે અમને, અહો ! ઉપકાર પ્રભુશ્રીનો ! ૫
મણિધર મોરલી નાદે, બને તલ્લીન આનંદે !
સુણી પ્રભુ-બોધની બંસી, બન્યા કેઈ લીન નિજાનંદે ! ૬
સકલ જડ દ્રવ્યથી જુદો, ચિદાત્મા જ્ઞાનઘન શુદ્ધો;
અનંતા જ્ઞાનીએ જાણ્યો, અનુભવ સૌખ્ય આસ્વાદ્યો. ૭
કૃપાળુ આશ્રયે આપે ચિદાત્મા શુદ્ધ તે માણ્યો;
અમારું તે સ્વરૂપ, તેનો અનુભવ એ જ મન માન્યો. ૮
વચન તુજ સાર ત્રિભુવનમાં, વસે જો મુજ અંતરમાં;
પછી ભય કે વ્યથા શાની ? વિપદ્ વ્યાધિ ભયંકરમાં. ૯
મરણ પણ થાય જ્યાં [1]પરનું, નથી હું નિશ્ચયે મરતો;
પ્રભુ તુજ ચરણ આશ્રયથી, અમર પદમાં ગતિ કરતો.૧૦

---

૧. દેહાદિનું

૭

કરીને અમને અનાથ પ્રભુ તમે ક્યાં ગયા ?
બાળે અંતર ક્ષણ ક્ષણ આજ વિયોગ જો;
સંત સમાગમ છે જગમાં દુર્લભ ઘણો,
પ્રાપ્ત હતો સત્સંગ અલૌકિક યોગ જો. કરી૦ ૧

લઈ ન શક્યા કંઈ લાભ પૂર્વ દુર્ભાગ્યથી,
આ કારણ મન વ્યાકુલ, પશ્ચાત્તાપ જો;
ગુપ્તપણે છે સૃષ્ટિ મધ્યે સંતો ઘણા,
કરી સુશોભિત ગુર્જર ભૂમિ આપ જો. કરી૦ ૨

શ્રદ્ધાની પ્રતિમા શોધું પણ ના મળે,
દૂર થયો તું ભક્તિનો અવતાર જો;
રોમ રોમમાં શ્રીમદ્ રૂપ વસ્યું હતું,
માન્યો જેણે નીરસ આ સંસાર જો. કરી૦ ૩

ત્રિવિધ તાપથી બળતા જોઈ લોકને,
ગર્ભશ્રીમંત છતાંય થયા અણગાર જો;
દીક્ષિત થઈ વિચર્યા આ ભારત ભૂમિમાં,
ભર્યો હતો મનમાં ઉપશમનો પ્યાર જો. કરી૦ ૪

ભેટ થઈ તત્કાલ સુખદ ગુરુરાજની,
સમજાઈ નિજ ભૂલ વિકટ સંસાર જો;
શ્રી ગુરુની અદ્ભુત કરુણાના જોરથી,
પ્રગટ્યો મનમાં જ્ઞાન વિમલ ભંડાર જો. કરી૦ ૫

આત્મહિતાર્થે કરવાનું સર્વે કર્યું,
હર્ષિત થઈ તજ્યો તમે સંઘમોહ જો;
નિજ સંઘમહીથી છૂટા પડતા જોઈને,
કરતા બહુજન સમજણ વિણ અતિ દ્રોહ જો. કરી૦ ૬



સમભાવે સવિ સહ્યા, ન વિચલિત તું થયો,
જેમ છે ભૂપર મેરુ, વિશાલ અડોલ જો;
કેસરીને લવ લેશ ન ભય છે અન્યનો,
હતું અમારું રત્ન પ્રગટ અણમોલ જો.કરી૦ ૭

તેનો કરી સંહાર કાળ હર્ષિત થયો,
પણ ન વિચાર્યું હા ! હા ! કંઈ અમ દુઃખ જો;
ગયું આજે પ્રભુ તેજ બધું દૃગથી પરે,
વળી હણાયું સકલ અમારું સુખ જો.કરી૦ ૮

અમીય દૃષ્ટિ શુભ કોણ આજ વરસાવશે ?
ભાળીશું ક્યાં આવા ઉત્તમ સંત જો ?
આગ્રહ મત ભેદાદિ હવે કોણ ટાળશે ?
કહેશે અમને કોણ સરળ સત્ પંથ જો.કરી૦ ૯

પળ પળ તારું સ્મરણ હૃદયને ભેદતું,
પડતી આંખોમાંથી જલની ધાર જો;
અંતર પીડા બંધ ન થાયે એક ક્ષણ,
પુનઃ પુનઃ કરતી તનુનો સંહાર જો.કરી૦૧૦

કોને અંતર વ્યથા નાદ સંભળાવીએ ?
પામું ક્યાં જઈને ઉત્તમ નિજ શાંતિ જો ?
દૂર થશે કેવી રીતે આ ચિત્તમાં,
વસી અનાદિ દુઃખદાયિની ભ્રાંતિ જો ? કરી૦૧૧

એક તાપ તો છે આ દુષમ કાળનો,
વિરહ અગ્નિથી વધતો બમણો તાપ જો;
જે પદમાં જઈને બેઠા પ્રભુશ્રી તમે,
થઈને કરુણાવંત અમોને આપજો.કરી૦૧૨

# દિવાળીનાં પદો

## ૧

## શ્રી વીરપ્રભુનું દિવાળીનું સ્તવન

મારગ દેશક મોક્ષનો રે, કેવળજ્ઞાન નિધાન;
ભાવદયા સાગર પ્રભુ રે, પર ઉપકારી પ્રધાન રે. ૧

વીરપ્રભુ સિદ્ધ થયા રે, સંઘ સકળ આધાર;
હવે ઇણ ભરતમાં રે, કોણ કરશે ઉપગાર રે. વી૦ ૨

નાથ વિહુણું સૈન્ય જ્યું રે, વીર વિહુણા રે જીવ;
સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગ રે. વી૦ ૩

માત વિહુણો બાળ જ્યું રે, અરહોપરહો અથડાય;
વીર વિહુણા જીવડા રે, આકુળ વ્યાકુળ થાય રે. વી૦ ૪

સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઊપજે રે, તે વિણ કેમ રહેવાય રે. વી૦ ૫

નિર્યામક ભવસમુદ્રનો રે, ભવ અટવી સથ્થવાહ;
તે પરમેશ્વર વિણ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે. વી૦ ૬

વીર થકાં પણ શ્રુત તણો રે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર તે રે, અહો જિનમુદ્રા સાર રે. વી૦ ૭

ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી રે આણંદ;
ધ્યાવો ભાવો ભવિ જના રે,જિનપડિમા સુખકંદ રે. વી૦ ૮

ગણધર આચારજ મુનિ રે, સહુએ એણી પેરે સિદ્ધ;
ભવભવ આગમસંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે. વી૦ ૯

---



## ૨

## શ્રી દિવાળીનું સ્તવન

મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને.

મહાવીરસ્વામી મુગતે પહોત્યા, ગૌતમ કેવળજ્ઞાન રે;
ધન્ય અમાવસ્યા ધન્ય દિવાળી, મહાવીરપ્રભુ નિર્વાણ.
પ્રભુ મુખ જોવાને. ૧

ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાય રે;
એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર.
પ્રભુ મુખ જોવાને. ૨

બાકુળા વહોરી વીરજીએ, તારી ચંદનબાળા રે;
કેવળ લઈને મુગતે પહોત્યા, પામ્યા ભવનો પાર.
પ્રભુ મુખ જોવાને. ૩

એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે;
સમવસરણે દઈ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર.
પ્રભુ મુખ જોવાને. ૪

ચોવીસમા જિનેશ્વરુ ને, મુક્તિતણા દાતાર રે;
કર જોડી કવિ એમ ભણે, પ્રભુ દુનિયા ફેરો ટાળ.
પ્રભુ મુખ જોવાને. ૫

---

## ૩

ગુરુ ઘેર આવ્યા તે દિવાળી,
રહું રે મારા નાથને નિત્ય નિહાળી. ગુરુ૦

શ્રી સહજાત્મ સ્વરૂપ ધ્યાવું;
શુદ્ધ ચૈતન્ય સ્વામીના ગુણ ગાઉં;
શ્રીમદ્ સદ્ગુરુ પદ શિર નામું,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૧

સખી રે આજ આનંદની હેલી,
વ્હાલાને વધાવું ફ્હેલી ફ્હેલી;
ફિરું રે હું તો ઘરમાં ઘેલી ઘેલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૨

પ્રભુજીએ પ્રીત પૂરવની પાળી,
હેતે ઘેર આવ્યા હાલી ચાલી;
લાગી રે મને ગુરુપદશું તાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૩

પ્રીતલડીના બાંધ્યા પ્રભુજી આવ્યા,
સુખડાં મારા સ્વરૂપ તણાં લાવ્યાં;
મહાપ્રભુ મારા મનડામાં ભાવ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૪

કૃપાળુની કીકી કામણગારી,
તેમાં સખી સુરતા સમાઈ મારી;
લીધું રે મેં તો નિજપદ સંભારી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૫

વ્હાલાજીનાં વ્હાલાં લાગે વેણાં,
સ્વરૂપ જોઈ ઠરે મારાં નેણાં;



ભાગ્યાં રે મારાં ભવભવનાં મેણાં,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૬

યોગીશ્વરના યોગબલે આલી,
વિજાતિ વૃત્તિ સર્વે વાળી;
સ્વજાતિની પ્રવહે પ્રણાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૭

દીવલડા તો દિલમાં અજવાળ્યા,
પરમગુરુ પોતામાં ભાળ્યા;
ગયા દિન દાસ તણા વાળ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૮

પ્રભુપદ પ્રીતિ પ્રતીતિ વાધી,
આત્માર્થે આજ્ઞા આરાધી;
સમ્યક્ રત્નત્રયની એકતા સાધી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૯

## શ્રી જ્ઞાનપંચમીના સ્તવનો

### પંચમીની સજ્ઝાય

(જગનાયક જગગુરુ રે—એ દેશી)

પુનરપિ પાંચમ એમ વદે રે, સાંભળો પ્રાણી સુજાણ;
શ્રી જિન અનુમતે ચાલીએ રે, જિમ લહિયે સુખની ખાણ.
ભવિકજન ધરજો ધર્મશું પ્રીતિ, એ તો આણી મન શુભ રીતિ.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૧

આસ્રવ પંચ દૂરે કરી રે, કીજે સંવર પંચ;
પંચ સમિતિ શુભ પાળીને રે, તુમે મેળો શિવવધૂ સંચ.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૨

પંચ મહાવ્રત અનુસરી રે, પાળો પંચ આચાર;
ત્રિકરણ શુદ્ધિએ ધ્યાવજો રે, પંચ પરમેષ્ઠી નવકાર.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૩

સમકિત પંચ અજુવાળજો રે, ધરજો ચારિત્ર પંચ;
પંચ ભૂષણને પડિવજી રે, ટાળો દૂષણ પંચ.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૪

મત કરો પંચ પ્રમાદને રે, મત કરો પંચ અંતરાય;
પંચમી તપ શુભ આદરો રે, જિમ દિન દિન દોલત થાય.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૫

પંચમી તપ મહિમા ઘણો રે, કહેતાં નાવે પાર;
વરદત્ત ને ગુણમંજરી રે, જુઓ પામ્યા ભવનો પાર.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૬



પંચમી એમ આરાધીએ રે, લહિયે પંચમ નાણ;
ચૌદ રજ્જ્વાત્મક લોકના રે, એ તો મનપર્જ્જવ શુભ જાણ.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૭

ઘનઘાતી કર્મ ખપાવતાં રે, વાજે હો મંગળ શબ્દ;
પંચમી ગતિ અવિચળ લહે રે, તિહાં સુખ અનંત સુલબ્ધ.
ભવિક જન, ધરજો ધર્મશું પ્રીતિ. ૮

---

### શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણ શું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે. ૧
આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુવાલી;
જ્ઞાન આરાધન કારણે, એહ જ તિથિ નિહાળી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો ઇણ સંસાર;
જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ સુખકાર. ૩
જ્ઞાન રહિત કિરિયા કહી, કાશકુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન. ૪
જ્ઞાની સાસોસાસમેં, કરે કર્મનો ખેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની ન કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ૭

એકાવનહી પંચનો એ, કાઉસગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળે ભવ ફેરો. ૮

આરાધો એમ પંચમી, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ૯

---

## પંચમીનું લઘુસ્તવન

પંચમી તપ તમે કરો રે પ્રાણી,
જેમ પામો નિર્મળ જ્ઞાન રે;
પહેલું જ્ઞાન ને પછી કિરિયા,
નહિ કોઈ જ્ઞાન સમાન રે. પંચમી૦ ૧

નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું,
જ્ઞાનના પાંચ પ્રકાર રે;
મતિ શ્રુત અવધિ ને મનપર્યવ,
કેવળ જ્ઞાન શ્રીકાર રે. પંચમી૦ ૨

મતિ અઠાવીશ શ્રુત ચઉદહવીશ,
અવધિ છે અસંખ્ય પ્રકાર રે;
દોય ભેદે મનપર્યવ દાખ્યો,
કેવળ એક ઉદાર રે. પંચમી૦ ૩

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા,
એકથી એક અપાર રે;
કેવળજ્ઞાન સમું નહિ કોઈ,
લોકાલોક પ્રકાશ રે. પંચમી૦ ૪



પારસનાથ પ્રસાદ કરીને,
મારી પૂરો ઉમેદ રે;
સમયસુંદર કહે હું પણ પામું,
જ્ઞાનનો પાંચમો ભેદ રે. પંચમી૦ ૫

---

## શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન

(પુણ્ય પ્રશંસીએ—એ દેશી)

સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન;
બારહ પરખદા આગળે રે, ભાખે શ્રી વર્ધમાન રે.
ભવિયણ ચિત્ત ધરો, મન વચ કાય અમાય રે,
જ્ઞાન ભગતિ કરો.૧

ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેહમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દંશણ હોય રે.ભ૦૨

જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાન ઉદ્યોત સહાય;
જ્ઞાને થિવિરપણું લહે રે, આચારજ ઉવઝાય રે.ભ૦૩

જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ;
વહ્નિ જેમ ઈંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે.ભ૦૪

પ્રથમ જ્ઞાન પછી દયા રે, સંવર મોહ વિનાશ;
ગુણઠાણગ પગથાલીએ રે, જેમ ચઢે મોક્ષઆવાસ રે.ભ૦૫

મઇ સુઅ ઓહિ મણપજ્જવા રે, પંચમ કેવલજ્ઞાન;
ચઉ મૂંગા શ્રુત એક છે રે, સ્વપર પ્રકાશ નિદાન રે.ભ૦૬

તેહનાં સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદ રે.ભ૦૭

ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બહેરા બોબડા રે, મૂંગા પાંગુલા થાય રે.ભ૦ ૮

ભણતાં ગણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજ રે.ભ૦ ૯

પ્રેમે પૂછે પરખદા રે, પ્રણમી જગગુરુ પાય;
ગુણમંજરી વરદત્તનો રે, કરો અધિકાર પસાય રે.ભ૦૧૦

---

ઢાળ બીજી

(કપૂર હોયે અતિ ઊજળો રે—એ દેશી)

જંબુદ્વીપના ભરતમાં રે, નયર પદમપુર ખાસ;
અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતી તાસ રે,
પ્રાણી, આરાધો વર જ્ઞાન, એહ જ મુક્તિનિદાન રે,
પ્રાણી, આરાધો વર જ્ઞાન. ૧

વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત;
પિતાએ ભણવા મૂકીઓ રે, આઠ વરસ જબ હુંત રે.પ્રા૦ ૨

પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત;
અક્ષર એક ન આવડે રે, ગ્રંથતણી શી ચેત રે.પ્રા૦ ૩

કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સચિંત;
શ્રેષ્ઠી તેહી જ નયરમાં રે, સિંહદાસ ધનવંત રે.પ્રા૦ ૪

કપૂરતિલકા ગેહિની રે, શીલે શોભિત અંગ;
ગુણમંજરી તસ બેટડી રે, મૂંગી રોગે વ્યંગ રે.પ્રા૦ ૫

સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેશ;
દુર્ભગ પણ પરણે નહીં રે, માતપિતા ધરે ખેદ રે.પ્રા૦ ૬



તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;
જ્ઞાનરયણ રયણાયરુ રે, ચરણ કરણ વ્રત ધાર રે.પ્રા૦ ૭

વનપાલક ભૂપાલને રે, દીધ વધાઈ જામ;
ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામ રે.પ્રા૦ ૮

ધર્મદેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયણ વદન મુદા રે, નહિ પ્રમાદ પ્રવેશ રે.પ્રા૦ ૯

જ્ઞાન વિરાધન પરભવે રે, મૂરખ પર આધીન;
રોગે પીડ્યા ટળવળે રે, દીસે દુખિયા દીન રે.પ્રા૦૧૦

જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગજીવડા રે, ન લહે તત્ત્વસંકેત રે.પ્રા૦૧૧

શ્રેષ્ઠી પૂછે મુણીંદને રે, ભાખો કરુણાવંત;
ગુણમંજરી મુજ [૧]અંગજા રે, કવણ કર્મ વિરતંત રે. પ્રા૦૧૨

ઢાળ ત્રીજી

(સુરતી મહિનાની દેશી)

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ઘરણી સુંદરી નામ. ૧

અંગજ[૨] પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શીખવા, તાતે મૂક્યા કુમાર. ૨

બાલ સ્વભાવે રમત, કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યારે, મા આગળ કહે આય. ૩

સુંદરી શંખિણી શીખવે, ભણવાનું નહીં કામ;
પંડ્યો આવે તેડવા, તો તસ હણજો તામ. ૪

---

૧. પુત્રી, ૨. પુત્ર

પાટી ખડિયા લેખણ, બાળી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જેમ કરહાને[1] દ્રાખ. ૫

પાડાપરે મહોટા થયા, કન્યા ન દીએ કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ૬

ત્રટકી ભાખે ભામિની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સૌ કોય. ૭

રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ;
રીસાલી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ૮

શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ;
એ તુજ બેટી ઊપની, જ્ઞાન વિરાધન હેવ. ૯

મૂર્છાગત ગુણમંજરી, જાતિસમરણ પામી;
જ્ઞાન દિવાકર સાચો, ગુરુને કહે શિર નામી. ૧૦

શેઠ કહે સુણો સ્વામી, કેમ જાયે એ રોગ;
ગુરુ કહે જ્ઞાન આરાધો, સાધો વાંછિત યોગ. ૧૧

ઉજ્જ્વલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
નમો નાણસ્સ ગણણું ગણો, ચોવિહાર ઉપવાસ. ૧૨

પૂરવ ઉત્તર સન્મુખ, જપિયે દોય હજાર;
પુસ્તક આગલ ઢોઈએ, ધાન્ય ફળાદિ ઉદાર. ૧૩

દીવો પંચ દીવટતણો, સાથીઓ મંગલ ગેહ;
પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણે એહ. ૧૪

અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જ્વલ કાર્તિક માસ;
જાવજ્જીવ લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ. ૧૫

૧. ઊંટને



ઢાળ ચોથી
(એકવીશાની દેશી)

પાંચ પોથી રે, ઠવણી પાઠાં વિટાંગણાં,
ચાબખી દોરા રે, પાટી પાટલા વરતણાં;
મસિ કાગલ રે, કાંબી ખડિયા લેખણી,
કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પૂંજણી. ૧

**ત્રુટક :–**

પ્રાસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેશર ચંદન ડાબલી,
વાસકુંપી વાલાકુંચી, અંગલૂહણાં છાબડી;
કળશ થાળી મંગલદીવો, આરતી ને ધૂપણાં,
ચરવલા મુહપત્તી સામીવચ્છલ, નોકારવાલી થાપના. ૨

**ઢાળ :–**

જ્ઞાન દરિસણ રે, ચરણનાં સાધન જે કહ્યાં,
તપ સંયુત રે, ગુણમંજરીએ સદ્દહ્યાં;
નૃપ પૂછે રે, વરદત્ત કુંવરને અંગ રે,
રોગ ઊપનો રે, કવણ કરમના ભંગ રે. ૩

**ત્રુટક :–**

મુનિરાજ ભાખે જંબુદ્વીપે, ભરત સિંહપુર ગામ એ,
વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ;
વનમાંહે રમતાં દોય બંધવ, પુણ્ય યોગ ગુરુ મલ્યા,
વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંવર્યા. ૪

**ઢાળ :–**

લઘુ બાંધવ રે, ગુણવંત ગુરુ પદવી લહે,
પણસય મુનિને રે, સારણ વારણ નિત્ય દીએ;
કર્મયોગે રે, અશુભ ઉદય થયો અન્યદા,
સંથારે રે, પોરિસી ભણી પોઢ્યા યદા. ૫

ત્રુટક :–

સર્વઘાતી નીંદ વ્યાપી, સાધુ માગે વાયણા,
ઊંઘમાં અંતરાય થાતાં, સૂરિ હુઆ દુમણા;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યા ભૂતડો,
પુણ્ય અમૃત ઢોળી નાખ્યું, ભર્યો પાપ તણો ઘડો. ૬

ઢાળ :–

મન ચિંતવે રે, કાં મુજ લાગ્યું પાપ રે,
શ્રુત અભ્યાસો રે, તો એવડો સંતાપ રે;
મુજ બાંધવ રે, ભોયણ સયણ સુખે કરે,
મૂરખના રે, આઠ ગુણ મુખ ઉચ્ચરે. ૭

ત્રુટક :–

બાર વાસર[૧] કોઈ મુનિને, વાયણા દીધી નહીં,
અશુભ ધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદન લહી,
વૃદ્ધ બાંધવ માન સરવર, હંસગતિ પામ્યો સહી. ૮

ઢાળ :–

વરદત્તને રે, જાતિસમરણ ઊપન્યું,
ભવ દીઠો રે, ગુરુ પ્રણમી કહે શુભમનો;
ધન્ય ગુરુજી રે, જ્ઞાન જગત્રય દીવડો,
ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ૯

ત્રુટક :–

જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે,
ગુરુ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ઘન [૨]તાવડે;
ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી,
ગુરુ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો બેવડી.૧૦

૧. દિવસ, ૨. તાપે



ઢાળ પાંચમી

(મેંદી રંગ લાગ્યો—એ દેશી)

સદ્ગુરુ વયણ સુધારસે રે, ભેદી સાતે ધાત;
તપશું રંગ લાગ્યો.
ગુણમંજરી વરદત્તનો રે, નાઠો રોગ મિથ્યાત્વ. ત૦ ૧

પંચમી તપ મહિમા જે ઘણો રે, પ્રસર્યો મહીયલમાંહી; ત૦
કન્યા સહસ સ્વયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી. ત૦ ૨

ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિભૂપ; ત૦
ભીમ કાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશી રૂપ. ત૦ ૩

રાજરમા રમણીતણા રે, ભોગવે ભોગ અખંડ; ત૦
વરસે વરસે ઊજવે રે, પંચમી તેજ પ્રચંડ. ત૦ ૪

ભુક્તભોગી થયો સંજમી રે, પાળે વ્રત ખટકાય; ત૦
ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય. ત૦ ૫

સુખ વિલસી થઈ સાધવી રે, વૈજયંતે દોય દેવ; ત૦
વરદત્ત પણ ઊપનો રે, જિહાં સીમંધર દેવ. ત૦ ૬

અમરસેન રાજા ઘરે રે, ગુણવંત નારી પેટ; ત૦
લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. ત૦ ૭

સુરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર; ત૦
સીમંધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર. ત૦ ૮

તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ; ત૦
દશ હજાર વરસાં લગે રે, પાળે રાજ્ય ઉદાર. ત૦ ૯

ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ; ત૦
કેવલધર મુક્તિ ગયા રે, સાદિ અનંત નિવાસ. ત૦૧૦

રમણી વિજય શુભાપુરી રે, જંબુ વિદેહ મઝાર; ત૦
અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘર નાર. ત૦૧૧

વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ; ત૦
માનસસર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ. ત૦૧૨

વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર; ત૦
લાખ પૂરવ સમતા ધરી રે, કેવલજ્ઞાન પવિત્ર. ત૦૧૩

પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર; ત૦
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેને તસ ઉપકાર. ત૦૧૪

ઢાળ છઠ્ઠી

(કરકંડુને કરું વંદના—એ દેશી)

ચોવીશ દંડક વારવા, હું વારી લાલ;
ચોવીશમો જિનચંદ રે, હું વારી લાલ;
પ્રગટ્યો પ્રાણત સ્વર્ગથી હું૦ ત્રિશલા ઉર સુખકંદ રે હું૦
મહાવીરને કરું વંદના હું૦૧

પંચમ ગતિને સાધવા હું૦ પંચમ નાણ વિલાસ રે હું૦
મહાનિશીથ સિદ્ધાંતમાં હું૦ પંચમી તપ પ્રકાશ રે હું૦૨

અપરાધી પણ ઉદ્ધર્યો હું૦ ચંડકોશિયો સાપ રે હું૦
યજ્ઞ કરંતા બ્રાહ્મણા હું૦ સરખા કીધા આપ રે હું૦૩

દેવાનંદા બ્રાહ્મણી હું૦ રિખભદત્ત વળી વિપ્ર રે હું૦
બ્યાસી દિવસ સંબંધથી હું૦ કામિત પૂર્યો [1]ક્ષિપ્ર રે હું૦૪

કર્મરોગને ટાળવા હું૦ સવિ ઔષધનો જાણ રે હું૦
આદર્યો મેં આશા ધરી હું૦ મુજ ઉપર હિત આણ રે હું૦૫

૧. જલદી



શ્રી વિજયસિંહ સૂરીશનો હું૦ સત્યવિજય પન્યાસ રે હું૦
શિષ્ય કપૂરવિજય કવિ હું૦ ચંદ કિરણ જસ જાસ રે હું૦૬

પાસ પંચાસરા સાનિધે હું૦ ખિમાવિજય ગુરુ નામ રે હું૦
જિનવિજય કહે મુજ હજો હું૦ પંચમી તપ પરિણામ રે હું૦૭

કળશ

ઇમ વીર લાયક, વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સંસ્તવન ટોડર, ગૂંથી જિન કંઠે ઠવ્યો;
પુણ્ય પાટણ, ખેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રી પાર્શ્વજન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે. ૧

## શ્રી પંચમીની સ્તુતિ

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જનમ્યા નેમજિણંદ તો;
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો.
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો;
અષ્ટ કરમ હેલે હણીએ, પહોતા મુક્તિ મહંત તો. ૧

અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો.
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો;
સમેતશિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણ તો. ૨

નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો;
જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો.
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો;
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરિયે પરનાર તો. ૩

ગોમેદ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો;
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો.
તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રી વિજયસેનસૂરિરાય તો;
રિષભદાસ પાય સેવતાં એ, સફળ કરો અવતાર તો. ૪

---

## જિનવર કહે છે જ્ઞાન તેને.....

(હરિગીત)

જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧

નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહીં બ્રહ્મચર્યથી,..... ..... ..... ..... .....
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪



શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજ રૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રી નંદી સૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતનાં;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭

વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લો;
છેદ્યો અનંતા ..... ..... ...... ...... ...... ૮

---

# છૂટક પદો

## ૧

## વીર હાક

વારસ અહો ! મહાવીરના શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દી કષ્ટો સદા કંપાવજો;
રે ! સિંહનાં સંતાનને શિયાળ શું કરનાર છે ?
મરણાંત સંકટમાં ટકે, તે ટેકના ધરનાર છે. ૧

કાયા તણી દરકાર શી ? જો શત્રુવટ સમજાય તો,
કુળવંત કુળવટ ના તજે, શું સિંહ તરણાં ખાય જો ?
સર્વજ્ઞની સમજણ ગ્રહે તે મરણને શાને ગણે ?
ક્ષત્રિય જો વીર-હાક સુણે તો ચઢે ઝટ તે રણે. ૨

ખંધક મુનિના શિષ્ય સૌ ઘાણી વિષે પિલાઈને,
સંકટ સહી સર્વોપરી પામ્યા પરમ પદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના ચરણમાં હો વંદના ! ૩

સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે; મન ધરો પ્રભુ ચરણમાં. ૪

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે જાગૃત રહો, જાગૃત રહો !
સદ્‌ગુરુ-શરણે હૃદય રાખી, અભય આનંદિત હો ! ૫

---



## ૨

અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે—

શ્રીમદ્ સદ્‌ગુરુ નામ તમારું, પ્રાણ જતા પણ ન કરું ન્યારું,
મનહર મંગળ મૂર્તિ મને બતાવજો રે - અમને૦

વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દરશાવજો રે - અમને૦

વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વ્હાલા વ્હેલા;
પ્રણતપાળનું પહેલાં પણ પરખાવજો રે - અમને૦

મરકટ જેવું મન અમારું, તત્ત્વતઃ તોડે તાન તમારું;
અંતરનું અંધારું સદ્ય શમાવજો રે - અમને૦

દેજો દર્શન જનમનહારી, પરમ કૃપાળુ બિરુદ વિચારી,
**રત્ન**ત્રય બલિહારી બાપ બચાવજો રે - અમને૦

---

## ૩

## પ્રભુ-ઉપકાર

કૌન ઉતારે પાર, પ્રભુબિન, કૌન ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર, પ્રભુબિન, કૌન ઉતારે પાર ?
કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર. પ્રભુ૦

નીકો તુમ ઉપદેશ દિયો હે, સબ સારનકો સાર. પ્રભુ૦
હલકે વ્હૈ ચાલે સેં નિકસે, બૂડે જે શિરભાર. પ્રભુ૦

ઉપકારીકો નહિ વીસરીએ, યેહિ ધર્મ અધિકાર. પ્રભુ૦
ધર્મપાલ પ્રભુ, તૂ મેરે તારક, ક્યૂં ભૂલૂં ઉપકાર. પ્રભુ૦

---

## ૪

## વધાવો બીજો

બીજે વધાવે રે સજની, ચૈતર સુદિ તેરશની રજની;
જન્મ્યા જિનવર જગ ઉપકારી, હું જાઉં તેહની બલિહારી.
બીજે વધાવે રે સજની. ૧

છપ્પન દિશિકુમરી તિહાં આવે, પૂજી શુચિ જલશું ન્હવરાવે;
જીવો મહિધર લગેં જિનરાયા, અવિચલ રહેજો ત્રિશલાના જાયા.
બીજે૦ ૨

ગિરુઆ પ્રભુનું વદન નિહાળી, ચાલી ચોંપે ચતુરા બાળી;
હરખ્યો સુરપતિ સોહમસ્વામી, જાણી જન્મ્યા જગ વિશ્રામી.
બીજે૦ ૩

ઘોષા ઘંટા તવ વજડાવે, તત્ક્ષણ દેવ સહ તિહાં આવે;
પ્રભુ ગ્રહી કંચનગિરિ પરઠાવે, સ્નાત્ર કરી જિનને ન્હવરાવે.
બીજે૦ ૪

એક ક્રોડ વળી ઉપર જાણો, સાઠ લાખ સંખ્યા પરમાણો;
સહુ કલશા શુચિ જલશું ભરિયા, તત્ક્ષણ સોહમ સંશય ધરિયા.
બીજે૦ ૫

ચિંતે લઘુવય છે પ્રભુ વીર, કેમ સહેશે જલધારા નીર;
વીરે તસ મન સંશય જાણી, કરવા ચિત્રિત અતિશય નાણી.
બીજે૦ ૬

મહાવીર નિજ અંગૂઠે ચંપ્યો, તત્ક્ષણ મેરુ થરહર કંપ્યો;
માનું નૃત્ય કરે છે રસિયો, પ્રભુપદ ફરસે થઈ ઉલ્લસિયો.
બીજે૦ ૭



જાણ્યું ઇન્દ્રે સહુ વિરતંત, બોલે કર જોડી ભગવંત !
ગુન્હો સેવકનો એ સ્હેજો, મિથ્યા દુષ્કૃત એહનું હોજો.
બીજે૦ ૮

સ્નાત્ર કરી માતાને સમર્પે, ઠવી પહોતા નંદીશ્વર દ્વીપે;
પૂરણ લ્હાવો રે લેવા, અઠ્ઠાઈ મહોત્સવ તિહાં કરેવા.
બીજે૦ ૯

પુત્ર વધાઈ નિસુણી રાજા, પંચ શબ્દ વજડાવે વાજાં;
નિજ પરિકર સંતોષી વારુ, વર્ધમાન નામ ઠવે ઉદારુ.
બીજે૦ ૧૦

અનુક્રમે જોબન વય જબ થાવે, નૃપતિ રાજપુત્રી પરણાવે;
ભોગવી પ્રભુ સાંસારિક ભોગ, દીપ કહે મન પ્રગટ્યો જોગ.
બીજે૦ ૧૧

---

## ૫

પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્ગુરુજી મારા.
તમો મલ્યાથી મહાસુખ થાય રે, વિશ્વંભર વાલા.
ભટકી ભટકીને આવ્યો શરણે રે, સદ્ગુરુજી મારા.
રાખો તમારે ચરણે રે, વિશ્વંભર વાલા.
દીનબંધુ દીન પ્રતિપાલ રે, સદ્ગુરુજી મારા.
હું છું અજ્ઞાની નાનું બાળ રે, વિશ્વંભર વાલા.
નજરો કરો તો લીલા નીરખું રે, સદ્ગુરુજી મારા.
હૃદય કમળમાં ઘણું હરખું રે, વિશ્વંભર વાલા.
માયાના બંધથી છોડાવો રે, સદ્ગુરુજી મારા.

ભક્તિના ભેદ બતાવો રે, વિશ્વંભર વાલા.
ત્રિવિધ તાપ શમાવો રે, સદ્‌ગુરુજી મારા.
ભવસાગર પાર ઉતારો રે, વિશ્વંભર વાલા.
તૃષ્ણાના પૂરમાં તણાયો રે, સદ્‌ગુરુજી મારા.
બૂડતાં બાંય મારી ગ્રહો રે, વિશ્વંભર વાલા.
કામી ક્રોધી ને લોભી જાણી રે, સદ્‌ગુરુજી મારા.
દાસ સર્વેને લેજો તારી રે, વિશ્વંભર વાલા.

---

૬

આપ સ્વભાવમેં રે, અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦
તુમ નહિ કેરા, કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦
વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦
રાગ ને રીસા દોય ખવીસા[1] એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા. આપ૦
પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦
કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આપ૦
શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦

૧. રાક્ષસ



૭

અબ હમ અમર ભયે ન મરેંગે, અબ૦
યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે ?
અબ૦ ૧
રાગ દોષ જગ બંધ કરત હે, ઇનકો નાશ કરેંગે;
મર્યો અનંતકાલ તેં પ્રાની, સો હમ કાલ હરેંગે.
અબ૦ ૨
દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હેં નિખરેંગે.
અબ૦ ૩
મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે.
અબ૦ ૪

---

૮

નાથ હું જેવો તેવો પણ તારો, મને રંકને પાર ઉતારો;
નાથ હું જેવો તેવો પણ તારો.
જોગ ધ્યાન ને જપ તપ તીરથ, નાથ નથી રે નિપજતાં,
મનડું પાપી મારે કૂદકા, ભગવત તુજને ભજતાં. નાથ૦
મધ્ય દરિયે જીવ મચ્છ મુઝાણો, તૃષ્ણાને નથી તજતો;
સામે ભાળે કાળ ખડો પણ, નફ્ફટ કંઈ નથી સજતો. નાથ૦
અંતરની દુગ્ધાને વારે, તન મન વ્યાધિ ટાળે;
દેવ દયાનિધિ, નવીન પાપીને, આપ વિના કોણ તારે. નાથ૦

---

## ૯

હાંરે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું,
મોંઘો મનુષ્યનો વારો, ભવજળ તરવાનો આરો,
ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજીએ. ૧

હાંરે મારે સજની આરે ચોઘડિયાં અમૃત લાભનાં,
વીજળી ઝબકારા જેવાં, મોતી પરોવી લેવાં,
ફરી ફરી નહિ મળે એવાં સત્સંગ કીજીએ. ૨

હાંરે મારે સજની સંત વચન ઉર ધારીએ,
ગાંઠ વાળી ના છૂટે, નિયમા નિશ્ચય ના ત્રુટે,
સંસાર છોને શિર કૂટે, સત્સંગ કીજીએ. ૩

હાંરે મારે સજની દાન દયાની ઘડીઓ છેલ્લી છે,
દાન સુપાત્રે કરજો, ધ્યાન પ્રભુજીનું ધરજો,
કાને કથા સાંભળજો, સત્સંગ કીજીએ. ૪

હાંરે મારે સજની સંત સાધુની સેવા કીજીએ,
પાપ પૂર્વનાં બળવા, બ્રહ્મસ્વરૂપમાં ભળવા,
શ્રીમદ્ સદ્ગુરુને વરવા, સત્સંગ કીજીએ. ૫

હાંરે મારે સજની શિરને સાટે રે સદ્ગુરુ વ્હોરીએ,
પાછાં પગલાં નવ ભરીએ, મન કર્મ વચને હરિ વરીએ,
બ્રહ્માનંદ કહે ભવ તરીએ, સત્સંગ કીજીએ. ૬



## શ્રી સનાતન જૈનધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે'' એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર 'ૐકાર'ની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની ડાબી બાજુએ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે માળે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

આ ભક્તિસંકુલમાં દેરાસરની જમણી બાજુએ આવેલ વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે વૃદ્ધ મુમુક્ષુઓ, જેઓ સભામંડપની સીડી ચઢી શકતા નથી, તેઓ ત્યાં દરરોજ બેસીને ભક્તિ-સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ કરે છે. તેમજ પર્યુષણ આદિ પર્વોમાં મુમુક્ષુબહેનો અત્રે પ્રતિક્રમણ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે, જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આવતાં 'શ્રી રાજમંદિર' છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના તથા પ.પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ

આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી પૂર્વમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ.પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી વિ.સં. ૧૯૯૨ ના વૈશાખ સુદ ૮ (તા. ૨૮-૪-૧૯૩૬)ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ. શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે દેરીમાં તેમના પાદુકાજીની સ્થાપના કરેલ છે.

હાલના સભામંડપમાં શ્રીમદ્‌જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડો રૂા.ના ખર્ચે આરસપહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્‌જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે ''મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે.''

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૮ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

**પ્રાતઃકાળમાં ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી અવિરત નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છે :–**

| | | |
|---|---|---|
| પ્રાતઃકાળમાં | ૪-૦૦ થી ૬-૩૦ | આત્મજાગૃતિના પદો, મંત્રસ્મરણ, આલોચના પાઠ, ચૈત્યવંદન, સ્તવનો આદિ. |
| સવારના | ૯-૦૦ થી૧૧-૪૫ | ભક્તિના પદો, શ્રી સ્નાત્રપૂજા, શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્રની-પૂજા અથવા અન્ય પૂજા. |
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત-વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૪૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની-ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃતમાંથી વાંચન. |



(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ કારતક સુદ ૭, વિ.સં. ૨૦૧૦ (તા. ૧૩-૧૧-૧૯૫૩)માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪માં પ. ઉ. પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ. શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :–

**''પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે.''**

***પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં. ૧૯૯૨ ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ. શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ બાદ, પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞાથી કોઈ વંચિત રહે નહીં અને આજે પણ મુમુક્ષુજીવો તે આજ્ઞા માન્ય કરી આરાધી શકે તેવા શુભ આશયથી, જે સ્થાનેથી પ. પૂ. પ્રભુશ્રીજી તથા પૂ. શ્રી બ્રહ્મચારીજી આજ્ઞા આપતા તે 'શ્રી રાજમંદિર' તરીકે ઓળખાતા ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો ''સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે'' (ઉ૦ પૃ૦ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.***

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ.પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે :—

**''આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે.'' (પૃ૦ ૨૬૯) ''આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે.'' (પૃ૦ ૪૩૩)**

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે.

આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં આપેલ છે.)

વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન છે. જ્યાં ૫૦૦થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.



આ આશ્રમનું સંચાલન સંવત્ ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંચ્છે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ સર્વે તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

**એડ્રેસ :—**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા : આણંદ,
પોસ્ટ : બોરીઆ, ગુજરાત ૩૮૮ ૧૩૦ (ભારત)
ટેલીફોન : (૦૨૬૯૨) ૨૮૧૭૭૮ - ૨૮૧૮૦૦
E-mail ID: info@agasashram.org
Website www.shrimadrajchandraashramagas.com

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના પ્રકાશનો

### ગુજરાતી પ્રકાશન

| | | |
|---|---|---|
| ૧. | અધ્યાત્મરસ-તરંગ | રૂા. ૪/- |
| ૨. | આશ્રમ પરિચય (અમૃત મહોત્સવ) | રૂા. ૫/- |
| ૩. | આઠ દૃષ્ટિની સજ્ઝાય | રૂા. ૩/- |
| ૪. | અનિત્ય પંચાશત્ તથા હૃદયપ્રદીપ | રૂા. ૨/- |
| ૫. | આત્મસિદ્ધિ શાસ્ત્ર (અર્થ સહિત) શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં | રૂા.૧૨૫/- |
| ૬. | આત્મસિદ્ધિ-વિવેચન | રૂા. ૫/- |
| ૭. | આત્મસિદ્ધિશાસ્ત્ર | રૂા. ૨/- |
| ૮. | આત્મસિદ્ધિશાસ્ત્ર (અર્થ સહિત) | રૂા. ૫/- |
| ૯. | આત્મસિદ્ધિશાસ્ત્ર ‘રાજ’ જ્યોતિ-મહાભાષ્ય | રૂા. ૩૦/- |
| ૧૦. | આલોચનાદિ પદ સંગ્રહ | રૂા. ૪/- |
| ૧૧. | આલોચનાદિ પદ સંગ્રહ (સંક્ષિપ્ત) | રૂા. ૧૦/- |
| ૧૨. | કર વિચાર તો પામ | રૂા. ૭/- |
| ૧૩. | મોટું કેલેન્ડર | રૂા.૧૦૦/- |
| | નાનું કેલેન્ડર | રૂા. ૧૦/- |
| ૧૪. | ચૈત્યવંદન ચોવીશી | રૂા. ૧૦/- |
| ૧૫. | જ્ઞાનમંજરી | રૂા. ૪/- |
| ૧૬. | તત્ત્વજ્ઞાન (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૫/- |
| ૧૭. | તત્ત્વજ્ઞાન-તરંગિણી | રૂા. ૧૨/- |
| ૧૮. | તીર્થપરિચય | રૂા. ૨૦/- |
| ૧૯. | ધર્મામૃત | રૂા. ૧૫/- |
| ૨૦. | નાની છ પુસ્તિકાઓનો સેટ | રૂા. ૧૦/- |
| ૨૧. | નાની ત્રણ પુસ્તિકાઓનો સેટ :- | |
| | નિત્યક્રમ : પ્રાતઃકાળ | રૂા. ૨/- |
| | નિત્યક્રમ : મધ્યાહ્નકાળ | રૂા. ૨/- |
| | નિત્યક્રમ : સાયંકાળ | રૂા. ૨/- |
| ૨૨. | નિત્યક્રમ | રૂા. ૧૦/- |
| ૨૩. | નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) | રૂા. ૧૦/- |
| ૨૪. | નિયમસાર - કળશ | રૂા. ૫/- |
| ૨૫. | પત્રશતક-(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) | રૂા. ૫/- |
| ૨૬. | પરમાત્મપ્રકાશ | રૂા. ૧૦/- |
| ૨૭. | પંચાસ્તિકાય | રૂા. ૨/- |
| ૨૮. | પૂજાસંચય | રૂા. ૧૦/- |
| ૨૯. | પ્રત્યક્ષ સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્-રાજચંદ્ર | રૂા. ૫/- |
| ૩૦. | મુનિ પ્રત્યે | રૂા. ૫/- |
| ૩૧. | મોક્ષમાળા (ભાવનાબોધ સહિત) | રૂા. ૫/- |
| ૩૨. | રાજપદ (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૫/- |
| ૩૩. | રાજપ્રશ્ન | રૂા. ૨૦/- |
| ૩૪. | વિહરમાન જિન-સ્તવન | રૂા. ૩/- |
| ૩૫. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) | રૂા. ૧૦/- |
| ૩૬. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) ત્રણ ભાગમાં મોટા ટાઈપમાં | રૂા. ૫૦/- |
| ૩૭. | શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) આર્ટ પેપર | રૂા. ૧૦૦/- |
| ૩૮. | શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા | રૂા. ૬/- |
| ૩૯. | શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા | રૂા. ૩/- |
| ૪૦. | કાવ્ય-અમૃત ઝરણા (ભાવાર્થ સહિત) | રૂા. ૪/- |
| ૪૧. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા | રૂા. ૫/- |
| ૪૨. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનચરિત (સંક્ષિપ્ત) | રૂા. ૧/- |
| ૪૩. | શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના | રૂા. ૧૦/- |
| ૪૪. | શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૧૦/- |
| ૪૫. | શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) ઉપદેશામૃત | રૂા. ૧૦/- |
| ૪૬. | શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નું જીવનચરિત્ર | રૂા. ૩/- |
| ૪૭. | સમયસાર | રૂા. ૮/- |
| ૪૮. | સમયસાર ‘અમૃતજ્યોતિ’ મહાભાષ્ય ભાગ-૧ અને ભાગ-૨ (સેટ) | રૂા. ૬૦/- |
| ૪૯. | સમાધિ - સાધના | રૂા. ૧૦/- |
| ૫૦. | સમાધિ - સોપાન | રૂા. ૧૦/- |
| ૫૧. | સહજ સુખ સાધન | રૂા. ૧૦/- |
| ૫૨. | સાક્ષાત્ સરસ્વતી | રૂા. ૨/- |
| ૫૩. | સુબોધ સંગ્રહ(સ્ત્રી-નીતિબોધક ગરબાવલી સહિત) | રૂા. ૩/- |
| ૫૪. | શ્રી સોભાગ પ્રત્યે | રૂા. ૫/- |
| ૫૫. | સ્નાત્રપૂજા | રૂા. ૫/- |
| ૫૬. | સ્વામી કાર્ત્તિકેયાનુપ્રેક્ષા | રૂા. ૧૫/- |
| ૫૭. | શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા (સચિત્ર) | રૂા. ૧૦/- |
| ૫૮. | ઉપદેશામૃત દૃષ્ટાંતકથાઓ | રૂા. ૩/- |
| ૫૯. | ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્જીના ઉત્તર (અંગ્રેજી અનુવાદ સાથે) | રૂા. ૫-/- |
| ૬૦. | પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સાર્ધ શતાબ્દી-સ્મારકગ્રંથ | રૂા. ૫૦/- |
| ૬૧. | સદ્ધા પરમ દુલ્લહા | રૂા. ૧૦/- |



### देवनागरी लिपि (भाषा गुजराती) में प्रकाशित

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धि शास्त्र | रु. २/- |
| २. | आलोचनादि पद संग्रह (संक्षिप्त) | रु. ५/- |
| ३. | चैत्यवंदन चौवीशी | रु. ७/- |
| ४. | तत्त्वज्ञान | रु. २/- |
| ५. | नित्यक्रम | रु. ८/- |
| ६. | नित्यक्रमकी तीन पुस्तिकाएँ | रु. ६/- |
| ७. | पूजासंचय | रु. ७/- |

### हिन्दी अनुवाद

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धिशास्त्र (अर्थ सहित) | रु. ५/- |
| २. | कर विचार तो पाम | रु. ७/- |
| ३. | नित्यनियमादि पाठ (भावार्थयुक्त) | रु. १०/- |
| ४. | पत्रशतक | रु. ५/- |
| ५. | मोक्षमाला (भावनाबोध सहित) | रु. ५/- |
| ६. | श्रीमद् राजचंद्र | रु. १०/- |
| ७. | श्रीमद् राजचंद्र उपदेशछाया | रु. ३/- |
| ८. | श्रीमद् राजचंद्र - जीवनकला | रु. ५/- |
| ९. | श्रीमद् राजचंद्र जीवनचरित्र (संक्षिप्त) | रु. २/- |
| १०. | श्रीमद् राजचंद्र जीवन-साधना | रु. १०/- |
| ११. | छोटी छह पुस्तिकाओंका सेट | रु. १०/- |
| १२. | उपदेशामृत | रु. १०/- |
| १३. | श्रीमद् राजचंद्र जीवनकथा (सचित्र) | रु. १०/- |
| १४. | गांधीजीके प्रश्न तथा श्रीमद्जीके उत्तर (अंग्रेजी अनुवादके साथ) | रु. ५/- |
| १५. | मोक्षमाला प्रवेशिका | रु. ५/- |

### English Publications

| | | |
|---|---|---|
| 1. | Shrimad Rajchandra : A Life | Rs. 10/- |
| 2. | Shrimad Rajchandra : A Pictorial Biography | Rs. 10/- |
| 3. | The Self Realization (Atmasiddhi) | Rs. 10/- |
| 4. | Bhavana Bodh | Rs. 2/- |
| 5. | Nityakram (Roman English) | Rs. 10/- |
| 6. | Small Books Set (Five Books) | Rs. 10/- |
| 7. | Laghurajswami Life | Rs. 5/- |
| 8. | Brahmchariji Life | Rs. 5/- |
| 9. | Apoorva Avsar | Rs. 5/- |
| 10. | Jeevankala | Rs. 10/- |
| 11. | Mokshamala | Rs. 10/- |
| 12. | Introduction of Ashram | Rs. 5/- |

### શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા

| | | |
|---|---|---|
| ૧. | ગ્રંથ યુગલ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) | રૂા. ૪/- |
| ૨. | તત્ત્વાર્થસાર | રૂા. ૧/- |
| ૩. | પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) | રૂા. ૮/- |
| ૪. | બોધામૃત ભાગ ૧ | રૂા.૧૦/- |
| ૫. | બોધામૃત ભાગ ૨(વચનામૃત વિવેચન) | રૂા.૧૦/- |
| ૬. | બોધામૃત ભાગ ૩ (પત્રસુધા) | રૂા.૧૦/- |
| ૭. | પૂ.શ્રી બ્રહ્મચારીજી જન્મશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૮/- |
| ૮. | પ. પૂ. બ્રહ્મચારીજી : જીવનરેખા | રૂા. ૨/- |
| ૯. | મોક્ષમાળા - પ્રવેશિકા | રૂા. ૫/- |
| ૧૦. | મોક્ષમાળા વિવેચન | રૂા. ૫/- |
| ૧૧. | શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા.૧૦/- |

### श्री परमश्रुतप्रभावक मण्डल संचालित श्रीमद् राजचंद्र जैन शास्त्रमाला

| | | |
|---|---|---|
| १. | इष्टोपदेश | रु.१६/- |
| २. | क्रियाकोष | रु.४८/- |
| ३. | गोम्मटसार कर्मकाण्ड | रु.२८/- |
| ४. | गोम्मटसार जीवकाण्ड | रु.३०/- |
| ५. | ज्ञानार्णव | रु.३५/- |
| ६. | तत्त्वसार | रु.२०/- |
| ७. | द्रव्यानुयोगतर्कणा | रु.३२/- |
| ८. | न्यायावतार | रु.१६/- |
| ९. | परमात्मप्रकाश और योगसार | रु.४०/- |
| १०. | पञ्चास्तिकाय | रु.२४/- |
| ११. | पुरुषार्थसिद्ध्युपाय | रु.२०/- |
| १२. | प्रवचनसार | रु.५५/- |
| १३. | प्रशमरतिप्रकरण | रु.१२/- |
| १४. | बृहद्द्रव्यसंग्रह | रु.२८/- |
| १५. | लब्धिसार (क्षपणासार गर्भित) | रु.५६/- |
| १६. | सप्तभंगीतरंगिणी | रु.१२/- |
| १७. | सभाष्यतत्त्वार्थाधिगमसूत्र (मोक्षशास्त्र) | रु.४०/- |
| १८. | समयसार | रु.४४/- |
| १९. | स्याद्वादमञ्जरी | रु.२४/- |
| २०. | स्वामिकार्त्तिकेयानुप्रेक्षा | रु.५२/- |
| ૨૧. | અધ્યાત્મ રાજચંદ્ર | રૂા.૩૦/- |
| ૨૨. | અષ્ટપ્રાભૃત | રૂા.૧૬/- |
| ૨૩. | આત્માનુશાસન | રૂા.૨૦/- |

**(વિસ્તૃત સૂચિપત્ર જોઈએ તો મંગાવવું.)**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૧,૫૫૧ | સ્વ. ભુલાભાઈ વનમાળીદાસ પટેલ | |
| | હા. શ્રી રમણભાઈ ભુલાભાઈ પટેલ તથા | |
| | શ્રી પ્રમોદભાઈ પટેલ પરિવાર | આસ્તા -U.S.A. |
| ૧૧,૧૧૧ | શ્રી ભવરભાઈ એચ. પુરોહિત | U.S.A. |
| ૫,૦૦૧ | શ્રી કમલેશભાઈ મણીયાર | અગાસ આશ્રમ |
| ૫,૦૦૦ | શ્રી કામદાર પરિવાર | મુંબઈ |
| ૧,૧૧૧ | શ્રી હસ્તીમલજી ગેનમલજી રાજાવત ખુડાલા | મુંબઈ |
| ૧,૦૦૧ | સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ | |
| | હા. શ્રી દીપકભાઈ હિંમતલાલ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી શીલાબેન દિપકભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | એક મુમુક્ષુભાઈ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી કુશલરાજજી ચંદનમલજી બંદા પરિવાર | આહોર |
| ૫૦૦ | શ્રી રેખાબેન અજીતભાઈ છેડા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી ચંદ્રપ્રકાશ - ઈન્દુલાલ ડાઘા | જોધપુર |
| ૫૦૦ | સ્વ. ભાનુમતીબેન ઈન્દુલાલ મહેતા | |
| | હા. કોકીલાબેન ઈન્દુલાલ મહેતા | અગાસ આશ્રમ |